1 BHK રેડી ફ્લેટ 99 લાખ
તદ્દન નવી બિલ્ડિંગમાં
2 BHK અને 3 BHK
રેડી ફ્લેટ નવી બિલ્ડીંગમાં
એસફોર્ડ રોયાલે 3 BHK વેચાણથી
ઓબેરોય 3 અને 4 BHK
વેચાણથી તેમજ ભાડેથી રીસેલ ફ્લેટ
પ્રાઈમ લોકેશનમાં દુકાન
વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૩૫ ● સળંગ અંક : ૧૩૫૧ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૮ સપ્ટેમ્બર – ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪ ● કુલ પાના ૨૪+૧૬=૪૦ ● કિંમત રૂ.૫.૦૦




Click Here

# ક્લાસિફાઈડ્સ

## ખાસ નોંધ

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક

## ક્લાસિફાઈડ્સ જાહેરાતના દર

ક્લાસિફાઈડ્સ જાહેરાતના પ્રથમ ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા.૫ તરીકે લેવા આવશે. + ૫% જીએસટી અલગ લેવા આવશે. જાહેરાત સોમવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર મોકલાવો - કાર્યાલયમાં આપો**

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).

સંપર્ક : **9322257731**
**gurjarmat@gmail.com**
**www.facebook.com gurjarmat**
**www.gurjarmat.com**

## Display Advt. Rates

First colour Page Rs.40/- Per Sq.cm.
Last colour Page Rs.32/- Per Sq.cm.
Inner Colour Page Rs.24/- Per Sq.cm.

## શૈક્ષણિક

### French Classes

I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

### English Grammar Tuitions Board: ICSE/CBSE

Std.: 8th, 9th, 10th. Small Batches of 5-7 students Personalized Attention Regular Assessment and Mock Tests Whats App: 8169587673 Mulund West Batches start from 1st June 2024 1163 (1374)

## મહિલા માટે

### 1+1 Free

બ્રાઈડલ પેકેજ, બ્યુટી પેકેજ, બ્યુટી પાર્લર શીખો, કાન, કાણા પૂરાવો. ઘર બેઠા કરો. **9867094908, 9224751673** 163 (1384)

### ઘરઘંટીનો ભવ્ય શોરૂમ

૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

## લગ્ન સંબંધી

### પૂજા મેરેજ બ્યુરો

**મેળાપથી હસ્તમેળાપ સુધી**

ગુજરાતી, જૈન, કચ્છી, ભાનુશાલી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી મેળવવાનું એકમાત્ર સ્થાન. દીકરીઓ માટે ફ્રી રજીસ્ટ્રેશન સંપર્ક : **88283 52585** કરી તમારા જીવનસાથીની શોધ પુરી કરો. 1227 (1376)

## ધંધાદારી

### કવર! કવર!! કવર!!!

ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 642 (1352)

### વોશીંગ મશીન રીપેરીંગ

શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

### પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ

૪૯ વર્ષથી ઓફીસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

### Jainam Publicity

પેપરોમાં મરણનોંધ, શ્રદ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 257 (1348)

### RVS Pest Control

Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** 6658 (1363)

### મામલ ફુડસ

ગણપતિ માટે ચુરમા લાડુ, કાજુ મોદક, ચોકલેટ મોદક, પ્રમુખ પ્રીતના ચોરાફળી, મઠીયા, માવા મોદક, પેંડા, કાજુકતરી મળશે. સંપર્ક : **86938 35501** 063 (1354)

### સનસાઈન કવર્સ

ડાઇનિંગ ટેબલ કવર, વોશિંગ મશીન કવર, સુટકેશ કવર, ઘરઘંટી કવર, માઈક્રોવેવ કવર, બ્લેન્કેટ કવર, બ્લાઉઝ કવર, ગીફ્ટ આઈટમ કવર, ગિટાર કવર, કેસીઓ કીબોર્ડ કવર, સાડી કવર, કુર્તિ કવર, અન્ય વિવિધ પ્રકારના કવર તમારા ઘરે, ઓફિસે આવીને બનાવી આપીશું. **આલમ - 98924 44436 98924 44413 / શબ્બીર - 87798 49022, 88501 55168.** 492(1350)

**For Advertise 9322257731**

## જગ્યા સંબંધી

### Oberoi Eternia

3 BHK Unfurnished/ Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6697 (1383)

### 100% VASTU COMPLIANT

Furnished Flat For SALE
RUNWAL PRIDE - 2 BHK
Higher Floor (15th Floor)
With 1 Covered Parking
Built up - 940 sq.ft.
Price - Rs.1.85 Cr.
L.B.S. Marg, Mulund(West).
Contact: 8097080546

રૂનવાલ પ્રાઈડ, આર.મોલ 2 BHK વેચાણથી એરિયા 700 કારપેટ. **નિલેશ : 93239 01171, 87798 97074** 632 (1401)

### Commercial Space For Rent

Pranav Commercial
M.G.Road,
Prime Location,
Near Station.
2nd Floor, 460 Carpet,
Rent : 50,000/- per month
Owner : 93240 00900

### Oberoi Enigma

3 BHK / 4 BHK Unfurnished/Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6698 (1383)

### 3 BHK For Sale

Rahul Tower
1282 Carpet
Fully Furnished
Flat Price
Rs. 2.90 Cr.
Owner :
93240 00900

### શ્રી એસ્ટેટ એજેન્સી

ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

## જગ્યા સંબંધી

### મુલુંડ (વેસ્ટ)માં વેચાણથી

- 2 BHK, 900 કારપેટ ટેરેસ સાથે, પહેલે માળે + ૧ પાર્કિંગ
- હાયર ફલોર, 4 BHK લેવીશલી ફર્નિશ્ડ ફલેટ, ૧૮૦૦ કારપેટ + ૨ પાર્કિંગ
- લોકેશન : જૈન દેરાસરની સામે, સંગીતા એન્કલેવ, પોશ બિલ્ડીંગમાં, જૈન સ્થાનકની બાજુમાં.

**સંપર્ક : 98200 67461**

વનબેડ 459 કારપેટ માસ્ટર બેડ સાથે 1.08, 366 કારપેટ 89 પી.કે.રોડ/૨ બેડ જે.એન. રોડ 650, 160 (145 સુધી શક્યતા) એલ.બી.એસ. 730 કારપેટ 135/ ૩ બેડ 775, 181, 935 + 100, 260 (240 શક્યતા) દેવીદયાલ ક્રોસ રોડ તેમજ ૪ બેડ 1700 ફૂટ 4.40/ઈન્ડ.યુનીટ ગ્રા. 1135, 180/દુકાન 270, 170 સ્ટેશન નજીક/ કમર્શીયલ, રેસીડેન્સી ભાડે લેવા આપવા તેમજ વેચાણમાં ફાયદાથી ઘણા ઓપશન છે. બ્રોકરજ ૧% ભાડે મીનીમમ ૧ મહિનાની. **સંપર્ક : અતુલ કતીરા - 9821180931, 8779441915** 131 (1382)

## ધંધાદારી

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 09730402879, 79772 67990** 6660 (1365)

### જુના કપડા વેચાતા લેશું

જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબીડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 491 (1357)

## નોકરી સંબંધી

### Mulund West

Female Accountant require with added knowledge of Digital Marketing for a reputed Property Consultancy Firm. **9769591149** 654 (1351)

### GROOMING

Shape Up Your Personality. Get Trained to be a Winner by **Abhijit Sir-98674 89566** Mulund 6685 (1357)

### JOB VACANCY

Tax Consultant Office Mulund (West) Required a Female for Income Tax / GST / Tally Accounts work. Contact **Ashok Savla** E-mail ID : myoffice1972@gmail.com, WhatsApp No. **7208520410** 6727(1351)

### એકાઉન્ટસ

કંપની સોસાયટી અને પર્સનલ એકાઉન્ટસ, જી.એસ.ટી., ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કરી આપશું. **દિલીપભાઈ - 9324203535** 499 (1397)

Job in Insurance Sector Call : **9773661090**

## જ્યોતિષશાસ્ત્ર

૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.

**સમીર સેજપાલ**

(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોર્તિજ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)

મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)

Click Here

પોસ્ટ ખાતાની વિવિધ બચત તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

અન્નદાન - મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ ● અંક : ૩૫ ● સળંગ અંક : ૧૩૫૧ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૮ સપ્ટેમ્બર – ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪ ● કુલ પાના ૨૪+૧૬=૪૦ ● કિંમત રૂ.૫.૦૦

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
1st July - 31st December 2024
STAMP FRANKING Now Available
With LOWEST INTEREST Rates, we are still very much Co-operative
TRADE LOAN
LOAN AGAINST PROPERTY
MORTGAGE LOAN
COMMERCIAL (CRE)LOAN
*8.49% (p.a.)
HOUSE REPAIR
PRE OWNED CAR LOAN
MACHINESE LOAN
COMFORT (CONSUMER DURABLE)
*ROI linked to the CIBIL score. Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
SADA AAPKE SANG, ARIHANT www.arihantbank.com @ Arihant Bank
Click Here

# ભારે ઉત્સાહ સાથે ગણેશોત્સવ સંપન્ન : ભારે હૈયે ભક્તોએ ગણરાયને વિદાય આપી



શનિવાર તા.૭ સપ્ટેમ્બરથી મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય ઉત્સવનો પ્રારંભ થયો હતો. ૩૫૫ દિવસની દીર્ઘ પ્રતિક્ષા અંતે મંગલ મૂર્તિના આગમનને લોકોએ ઉત્સાહથી વધાવ્યો હતો. દોઢ દિવસના ઘરગુથ્થી ગણરાયા, પાંચ દિવસના ગૌરી ગણપતિ, સાત દિવસના ગણેશજી અને છેલ્લે સાર્વજનિક મંડળોએ દસ દિવસની સ્થાપિત કરેલ ગણપતિને ભાવિકજનો એ ભારે હૈયે પુઢચ્યા વર્ષી લવકર યાના નાદ સાથે વિદાય આપી. ગણપતિ વિસર્જન મુલુંડ ઈસ્ટ વેસ્ટના સાર્વજનિક તળાવ તેમજ કૃત્રિમ તળાવની વ્યવસ્થા સુચારૂપણે કરાઈ હતી. અનંત ચર્તુદશી મંગળવારે હતી. મંગળવાર એટલે ગણપતિનો દિવસ એ માન્યતાને દ્રઢપણે માનતા અમુકો એ ગઈ કાલે બુધવારે ગણપતિની મૂર્તિઓને જલમાં વિર્સજીત કરી હતી.

## મુલુંડમાં વિવિધ સોસાયટીઓ તથા ઘરોમાં બિરાજીત ગણપતિ બાપ્પાની તસવીરી ઝલક



બકુલેશ કોટેચા પરિવારના ઘરે બિરાજીત ગણેશજી



અશ્વિન વાઘેલા પરિવારના ગણપતિ



૫૬ ભોગ ધરાવેલ નવીન ઠક્કરના ગણપતિ



પ્રભાબેન પોપટના ગણરાયા



રોટ્રેક્ટ ક્લબ ઓફ મુલુંડ હીલ્સ અને રેખા મહેતાના ગણેશજી



વિનોદ લધુભાઈ સોલંકીના ઘરે બિરાજીત ગણરાયા



મથુરાભાઈ ગોરીના ઘરે બિરાજીત ગણેશજી



યાસ્મીન રેસિડન્સી




શિવરામ કદમના ગણપતિ




ગણેશ વિસર્જન દરમ્યાન વ્યવસ્થા સંભાળી રહેલા મુંબઈ ટી વોર્ડ- મુલુંડના પદાધિકારીઓ તસ્વીરમાં જણાય છે.




સંધ્યા અશ્વિન શાહના ગણપતિ



અક્ષતા કોલવનકરના ગણપતિ



સીટી ઓફ જોયના ગણેશ



ચંદ્રકાંત સાવંતના ગણેશજી

Click Here

તદ્દન ન્યુ કલેકશન

ગણપતિ, નવરાત્રી માટે ૯ દિવસના નવ કલર અને એ પણ બધી જ સાઈઝમા.
+ સાઈઝ વાળા ને નારાજ થવાની બિલકુલ જરૂર નથી.
M to 10 XL સાઈઝમાં રેડી સ્ટોક.
આવો જોઈ ટ્રાય કરી એન્જોય કરો.
બધી સાઈઝમાં બધું જ ઉપલબ્ધ.
કુર્તી, કુર્તી પેન્ટ સેટ, વનપીસ, વેસ્ટર્ન ટોપ-ગાઉન, પેન્ટ, ટિ શર્ટ, પાયજામા બધુ જ એક જ જગ્યાએ.

Hemangi Dedhia
9987897979



# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26



Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending Photos and Videos.
Kalpesh Thakkar
9224944922, 9223944922



વર્ષ : ૨૭ ● અંક : ૩૫ ● સળંગ અંક : ૧૩૫૧ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૮ સપ્ટેમ્બર - ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪ ● કુલ પાના ૨૪+૧૬=૪૦ ● કિંમત રૂા.૫.૦૦


## નાહુરમાં બર્ડ પાર્ક બનાવવાનો માર્ગ મોકળો : વિધાન સભ્ય મિહિર કોટેચાનું સ્વપ્ન સાકાર થવાને આરે

મુંબઈ બમ્યુનિસિપલ કોર્પોરેશને નાહુરમાં બગીચા માટે આરક્ષિત પ્લોટને બર્ડ પાર્કમાં ફેરવવાની દરખાસ્ત કરતું જાહેરનામું બહાર પાડ્યું છે. આ સિવાય મનપાએ ભાયખલા સ્થિત પ્રાણી સંગ્રહાલયના વિસ્તરણ માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી (CZA)ને પણ પ્રસ્તાવ મોકલ્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ નવી સુવિધા ઉપનગરીય રહેવાસીઓને ભાયખલા ગાર્ડન ઝૂની મુલાકાત લેવાનો વિકલ્પ પ્રદાન કરશે. બર્ડ પાર્ક માટે આરક્ષિત છે

૬.૫ એકર જમીનમાંથી, ત્રણ એકર બર્ડ પાર્ક માટે ફાળવવામાં આવી છે, જ્યારે બાકીની જગ્યામાં એન્ટ્રી પ્લાઝા, પાર્કિંગ અને કાફેટેરિયા બનાવવાનું આયોજન છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની નોટિસ જણાવે છે કે તે સૂચિત સુધારા અંગે કોઈપણ વ્યક્તિ પાસેથી વાંધા/સૂચનો આમંત્રિત કરી રહી છે, જે MRTP એક્ટની કલમ ૩૭ (૧) હેઠળ જરૂરી છે. સૂચિત સુધારા અંગે કોઈપણ વાંધા/સૂચન આ સૂચનાના પ્રકાશનની તારીખથી ૩૦ દિવસની અંદર. લેખિતમાં આગળ મોકલવું જોઈએ. ઉપરાંત, સૂચિત સુધારો દર્શાવતો આંશિક નકશો સામાન્ય લોકો દ્વારા નિરીક્ષણ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરીઓમાં ઉપલબ્ધ રહેશે. આપવામાં આવેલ નકશો મુલુંડ ટી વોર્ડ ઓફિસ, મ્યુનિસિપલ કોર્પોરેશન હેડક્વાર્ટરમાં ચીફ એન્જિનિયર ડેવલપમેન્ટ પ્લાનિંગ અને ડિરેક્ટર (ઝૂ) ઓફિસ અને ભાયખલામાં ડેપ્યુટી ડિરેક્ટર ટાઉન પ્લાનિંગ ઓફિસમાં હશે. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીએ જણાવ્યું હતું કે એક મહિના પહેલા આ દરખાસ્ત સીઝેડએને મંજૂરી માટે મોકલવામાં આવી હતી. જેનો ઉદ્દેશ ઓસ્ટ્રેલિયા, થાઈલેન્ડ, સિંગાપોર જેવા દેશોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે જોવા મળતા બર્ડ પાર્કની તર્જ પર જાહેર સુવિધા અને પર્યટન સ્થળ બનવાનો છે. આ બર્ડ પાર્ક ધારાસભ્ય મિહિર કોટેચાનો સતત પ્રયત્નોથી સાકાર થશે.


PRIME PEST CONTROL
BMC Approved
Pest Control &
Also Services For
Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

શ્રી વિમલ એસ્ટેટ-મુલુંડ
4 BHK દેવીદયાલ ગાર્ડન પાસે ટેરેસ સાથે
2 સ્ટીલ્ટ પાર્કિંગ સાથે
રેડી પોઝિશન. સંપર્ક :
98198 64456
81040 09694

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
નવી બિલ્ડીંગ
2 BHK ઝવેર રોડ
2.19 કરોડ
3 BHK ઝવેર રોડ
8169222044







Click Here

# મુલુંડમાં વિવિધ સોસાયટીઓ તથા ઘરોમાં બિરાજીત ગણપતિ બાપ્પાની તસવીરી ઝલક


એસફોર્ડ રોયાલે સોસાયટીના ગણપતિ



ઝવેર રોડના ગણપતિ


મુલુંડના બાપ્પા, મુલુંડ ઈસ્ટ


ઝરીવાલા પરિવારના ગણપતિ


સેનરૂફ કૉમ્પ્લેક્સના ગણરાયા

## સાડાચાર વર્ષનો ઋષિ ગંગેરિયા કલા સર્જન માટે અદમ્ય ઉત્સાહ ધરાવે છે



ઋષિ ગંગેરિયા, જે છે માત્ર વર્ષનો પણ તેમના દિવંગત દાદા હિરાનંદ ગંગેરિયાની જેમ જ કલા પ્રત્યે અદમ્ય જુસ્સો ધરાવે છે. તેમના કાકા ભરત ગંગેરિયા તેમને પ્રેક્ટિસ કરવા અને શક્ય તેટલી વધુ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરીને કલામાં ઉત્કૃષ્ટ કલાકાર બનવાના તેમના જુસ્સા અને ઇચ્છાને આગળ વધારવામાં અને શક્ય તે દરેક રીતે શીખવવામાં અને માર્ગદર્શન આપવામાં મદદ કરે છે, પછી તે શાળાની આર્ટવર્ક હોય/સ્થાનિક કલા સ્પર્ધાઓ/ તહેવાર પ્રસંગો (મકરસંક્રાંતિ, હોળી, ગણેશ ચતુર્થી વગેરે વગેરે/વર્તમાન વિષયો (હર ઘર તિરંગા). તેમના માર્ગદર્શન હેઠળ, ઋષિ ઘણી સ્પર્ધાઓ અને અસંખ્ય પ્રશંસા જીતવામાં સફળ થયો છે. આ પ્રશંસાનો મોટો હિસ્સો સોશિયલ મીડિયા/ન્યૂઝ આર્ટિકલ્સના પ્રોત્સાહન અને સમર્થન દ્વારા પણ આવે છે, જે બાલક તથા યુવા પ્રતિભાઓને ઓળખ અને એક્સપોઝર આપે છે. ભરત ગંગેરિયા ઋષિના કલા પ્રત્યેના જુસ્સાને જીવંત રાખવાની અને તેને સતત પ્રેરિત અને માર્ગદર્શન આપીને લાંબા ગાળે પ્રગતિ કરવાની આશા રાખે છે.


## રવિ એપાર્ટમેન્ટમાં ગણેશોત્સવની શાનદાર ઉજવણી કરાઈ







શુક્રવાર, તા.૬ સપ્ટેમ્બરના દિવસે ગણપતિ બાપાની પધરામણી રવિ એપાર્ટમેન્ટના આંગણે ૨૪ વર્ષ બાદ દાદાની ઈચ્છાથી હર્ષોલ્લાસ સાથે થઈ હતી. બિલ્ડીંગના યંગ જનરેશને સાથે મળીને દાદાનો મંડપ જંગલ થીમ પર ડેકોરેટ કર્યો હતો. યંગ કમિટીના મેમ્બર ઉર્મિલભાઈ, રીખવ અને વરૂણે ખૂબજ સરસ રીતે આયોજન કર્યું હતું. ૫ દિવસના ગણેશોત્સવમાં સવાર સાંજની આરતીનો લાભ સમગ્ર બિલ્ડીંગના રહેવાસીઓએ લીધો હતો. રાત્રે ૭ થી ૧૨ વાગ્યા સુધી ગેમ શો અને ગરબાનું આયોજન કરેલ. સત્યનારાયણની કથા ખૂબજ ભાવપૂર્વક ભણાવાય હતી. મનોજભાઈ સંસારેના આમંત્રણને માન આપીને સાંસદ શ્રી સંજય દિના પાટીલ આવેલ હતા. તેમનો આ સત્કાર માનનીય મેમ્બર કાનજીભાઈના હસ્તે થયો હતો. ત્યારબાદ વરિષ્ઠ કોંગ્રેસ નેતા શ્રી ચરણ સીંગ સપ્રાજીનું સન્માન વિપુલભાઈ (ખજાનચી) અને સંદિપભાઈ દોશી (સેક્રેટરી)ના હસ્તે થયું હતું.






### ધન્ય તમારી તપશ્ચર્યા, સ્વીકારો અમારી અનુમોદના


રોમા સમીપ લાલન (અઠ્ઠાઈ)


આરવ સમીપ લાલન (અઠ્ઠાઈ)





Click Here

# ઈન્નર વ્હીલ ક્લબ ઓફ મુલુંડ દ્વારા રોટરી ક્લબની બહેરા-મૂંગા બાળકોની શાળામાં યુનિફોર્મ વિતરણ કરાયું





ઈન્નર વ્હીલ ક્લબ ઓફ મુલુંડ દ્વારા તા.૧૬મી ઓગસ્ટના રોજ ગૌશાળા રોડ પર આવેલી 'રોટરી સ્કૂલ ફોર ડેફ એન્ડ ડમ' શાળામાં યુનિફોર્મ આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓને યુનિફોર્મના વિતરણ સાથે હેલ્ધી ચીક્કી પેકેટ આપવામાં આવ્યા હતા. જે મેળવી સર્વે વિદ્યાર્થીઓના મુખ પર આનંદ ઉલ્લાસ હતું. પ્રોજેક્ટના દાતાઓ પૂર્વ પ્રમુખ અનસુયાબેન શાહ, પૂર્વ ડીસ્ટ્રીક ચેરમેન સુનીતા દેવધર, પૂર્વ પ્રમુખ નયનતારા મહાજન, પૂર્વ પ્રમુખ સુનંદા કેવલરામાણી, પૂર્વ પ્રમુખ ડૉ.માલતી મોટવાની, પૂર્વ પ્રમુખ નિરંજના શાહ અને ધનલક્ષી પટેલ હતા.

પ્રમુખ નૂતન ધુલ્લાએ કહ્યું હતું કે ૧૯૮૦થી એટલે કે છેલ્લા ૪૪ વર્ષોથી પ્રોજેક્ટ ચેરમેન પી.પી.અનસુયાબેન શાહ અને પી.ડી.સી.સુનીતાજી દેવધર રોટરી શાળામાં યુનિફોર્મ વિતરણનો પ્રોજેક્ટ કરે છે જેમાં દાતાઓ સાથ આપે છે. વધુમાં તેમણે સર્વે દાતાઓનો તેમજ સર્વે સભ્ય બહેનો હૃદયપૂર્વક ઋણ સ્વીકાર કર્યો હતો. શાળાના આચાર્ય પ્રતિભા મેડમ તેમજ સર્વે શિક્ષણગણનો સાથ-સહકાર મળ્યો હોવાનું પી.આર.ઓ., પી.પી.શ્રીમતી અનસુયાબેન શાહે અખબારી યાદીમાં જણાવેલ છે.


**2 BHK Available For Sale Mulund West**

Neelam Senroof Society, Carpet 800, 2 BHK, Fully well furnished flat with Parking. Available to see on request Interested people Please call on

**9082041567**
**8928612125**

**PART TIME JOB IN MULUND**

A REPUTED MNC REQUIRE Retired / VRS / House Wives / Senior Citizen to Start Second Innings Age 30 to 70 Years

Earn Rs.30,000 to 1,00,000+ PF + Medical + Foreign Tour

Call: 98199 11819

**જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ**

રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીજનેબલ રેટની ગેરેન્ટી.

**હેતલ શાહ**
**98210 59549**

**Flats For Sale In Redwood, Mulund West**

**2.5 BHK**
Area - 1160 sq ft built up
Approx 930 Sq.ft carpet
Price - 2 Cr, Parking available

**1 BHK**
Area - 575 Sq.ft Built up
Approx 450 Sq ft Carpet
Price - 1.0 Cr,
Parking Not available

**2 BHK**
Area - 945 Sq ft Built up
Approx 725 Sq ft carpet
Price - 1.6 Cr, Parking available

**9082041567**
**8928612125**









Click Here

# શ્રી મુલુંડ જૈન મહાસંઘ દ્વારા પરમાત્માની રથયાત્રાનું આયોજન થયું







જૈનોનાં પવિત્ર પર્યુષણ પર્વની ઉજવણી ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક પૂર્ણ થઈ. પર્યુષણ પર્વની પૂર્ણાહુતિ બાદ દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી મુલુંડ જૈન મહાસંઘ દ્વારા મુલુંડના ચારેય ફિરકા અને નાના-મોટા તમામ જૈન સંઘો સાથે મળીને પરમાત્મા મહાવીર સ્વામી ભગવાનના શાસનનો જયજયકાર કરતી શાસન પ્રભાવક પરમાત્માની રથયાત્રાનું આયોજન ભાદરવા સુદ બારસ, ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪, રવિવારના કરવામાં આવ્યું હતું. મુલુંડના દરેક સંઘોમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રા અને આશીર્વાદ પ્રાપ્ત થયા હતા.

પરમાત્માના ભવ્ય રથયાત્રાની શુભ શરૂઆત પૂજ્ય ગુરૂભગવંતોના મંગલાચરણ અને આશિર્વાદથી વર્ધમાનનગર જૈન સંઘથી સવારના ૯.૪૫ કલાકે થઈ હતી. વરસતા વરસાદમાં પણ શ્રાવક અને શ્રાવિકાઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષની રથયાત્રામાં મુખ્ય આકર્ષણ માસક્ષમણની ઉગ્ર તપશ્ચર્યા કરનાર તપસ્વીઓના દર્શનનો હતો. રથયાત્રામાં માસક્ષમણની તપશ્ચર્યા કરનાર તપસ્વીઓ માટે વિન્ટેજ કાર, શીશમહલની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ઐતિહાસિક ભવ્ય રથયાત્રામાં ઢોલી-શરણાઈ, ઈન્દ્ર ધજા, વિવિધ રચનાઓથી સુશોભિત શણગારેલા ગાડાઓ, મુલુંડ જૈન સંઘના વિવિધ મહિલા મંડળો, નગારા અને તાસા વગાડતા પ્રસિદ્ધ બેન્ડો, વર્ધમાનનગર, તાંબેનગર તથા ઝવેર રોડ જૈન સંઘના યુવાનોના બેન્ડ, ત્રિશલા માતાને આવેલા ચૌદ મહાસ્વપ્નો અને હાલરડાના દર્શન કરાવતા લાભાર્થી પરિવારો, તપસ્વીઓની વિન્ટેજ કાર, શીશમહલ, ઘોડાની બગીઓ, શાસન ધજા લહેરાવતા યુવાનો, ઈન્દ્રો બનીને ભક્તિથી પરમાત્માના રથને ખેંચતા યુવાનો, ખેસ અને પાઘડી પહેરી ચાલતા શ્રાવકો અને શ્રાવિકાઓની રથયાત્રા ભવ્ય રીતે શોભી રહી હતી.

સર્વોદયનગર જિનાલય રથયાત્રા પહોંચતા દેવ વિમાનમાંથી પુષ્પની વૃષ્ટિ કરવામાં આવી હતી તેમજ મહાનુભાવોએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.

મુલુંડના વિવિધ રાજમાર્ગો પરથી રથયાત્રા પસાર થઈ હતી. તેમનાં સ્વાગત માટે રસ્તાનાં બન્ને બાજુ માનવ મહેરામણ ઉમટ્યું હતું. લીંબુ પાણી, સાકર-વરિયાળીના પાણીથી ભાવિકોનું સ્વાગત થયું હતું.


રથયાત્રાના દર્શન માટે પધારેલા મહાનુભાવોમાં ધારાસભ્ય મિહિરભાઈ કોટેચા, મા.નગરસેવક પ્રકાશભાઈ ગંગાધરે, સમાજ અગ્રણી દિનેશભાઈ ઠળિયાવાળા, ચેતનભાઈ શાહ, દિપકભાઈ ગોસર, દિપકભાઈ ગાંધી, વિવિધ સંઘોના ટ્રસ્ટીઓ તથા આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

રથયાત્રાનાં શુભ અવસરે મુલુંડના તમામ જૈનોનાં સંઘ સ્વામીવાત્સલ્યનો લાભ માતુશ્રી વેણીબેન હસમુખરાય ભાઈચંદ સંઘવી પરિવાર (પાંચ ટોબરાવાળા)એ લીધો હતો. ઝવેર રોડ, સર્વોદયનગર, તાંબેનગર, શીશકુંજ, વર્ધમાનનગર તેમજ વીણાનગરમાં સંઘ સ્વામી વાત્સલ્યની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. શેઠ શ્રી મણીલાલ લક્ષ્મીચંદ શાહ (ઠળિયાવાળા) તથા માતુશ્રી મંછાબેન રમણીકલાલ શાહ (આર.કે.) પાલિતાણાવાળા પરિવારે રથયાત્રાનો લાભ લીધો હતો. મુલુંડના વિવિધ યુવક મંડળોએ સાથે મળીને રથયાત્રાનું સુંદર સંચાલન કર્યું હતું. મુલુંડ પોલીસ સ્ટાફનો સુંદર સાથ સહકાર પ્રાપ્ત થયો હતો. પરમાત્માની રથયાત્રા દરેકનાં સાથ સહકારથી ભવ્ય અને યાદગાર બની હતી.





## મોહનકુમાર ડોડેચાના સાબુદાણા ગણપતિ દર્શનનો પ્રારંભ




મોહનકુમાર ડોડેચાના સાબુદાણાના ગણપતિ દર્શનનો શનિવાર, તા.૧૪ સપ્ટે.થી પ્રારંભ થઈ ગયો છે. રવિવાર, ૨૨ સપ્ટેમ્બર સુધી ગણપતિ દર્શન થઈ શકશે. સ્થળ: ભરત ઠક્કર (ઈશાન ડેવલોપર્સ), રૂમ નં. ૧૪૦૪, આઝાદ ભુવન (જૂનું નામ). નવું નામ: માયા હાર્મની, નવભારત શાળા અને મયૂર પંખ બિલ્ડીંગ સામે, એન.એસ. રોડ, મુલુંડ (વેસ્ટ).દર્શનનો સમય: સવારે ૧૦ થી રાત્રે ૧૦ સુધી.

## ચંદન બાગ ચા રાજા ગણેશોત્સવમાં સત્યનારાયણ મહાપૂજાનું આયોજન



'ચંદનબાગ ચા રાજા'(પૂજા ચેરીટેબલ મંડળ)માં રવિવારે સત્યનારાયણ મહાપૂજાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમા મુલુંડના ધારાસભ્ય મિહિર કોટેચા, કોગ્રેસ પક્ષના ચરણસિંગ સપ્રા તેમજ ઉત્તમ ગીતે ઉપરાંત મુલુંડના વિવિધ રાજકારણીઓ હાજર રહ્યાં હતા. પધારેલ મહાનુભાવોનું મંડળના સભ્યો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. મુલુંડના ભામાશા એવા હિરાલાલ મૃગ પરિવાર રવિવારે બાપ્પાના દર્શનાર્થે આવ્યા હતા. જેમનુ પણ મંડળ દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## શ્રી લોહાણા સ્નેહમિલન મુલુંડ દ્વારા ૮મો કાર્યક્રમ ફાફડા જલેબી નાટકની પ્રસ્તુતિ




તા.૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪ શનિવારના રાતે ૯ કલાકે મહાકવિ કાલિદાસ ઓડિટોરિયમમાં શ્રી લોહાણા સ્નેહમિલન મુલુંડ પ્રસ્તુત આ વર્ષનો ૮મો કાર્યક્રમ નવું નક્કોર ધમાલ કોમેડી નાટક ફાફડા જલેબીની પ્રસ્તુતિ કરાશે. કોમેડી કીંગ નિમેષ શાહ અને ક્વીન ઓફ કોમેડી મલ્લિકા શાહ અભિનીત આ નાટક ફેંફસા ફાડ કોમેડીથી ભરપૂર છે.

ટિકીટ કાલિદાસ હોલ બુકીંગ કાઉન્ટર પર શોના દિવસે અપાશે.

Click Here

# શ્રી નારાયણ સેવા મંડળ અને જીવન જયોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ દ્વારા નવા દવાખાનાનું ઉદ્‌ઘાટન





**સેન્ટરનો સમય**
સવારના ૯ થી રાતના ૭ વાગ્યા સુધી. **સોનોગ્રાફી, એક્સરે, પેથોલોજીકલ ટેસ્ટ NABL પ્રમાણિત લેબોરેટરી દ્વારા રાહતના દરે** કરવામાં આવશે. મોતિયા ઓપરેશન નિષ્ણાંત ડૉક્ટર દ્વારા રૂા.૧૦૦૦માં કરી આપવામાં આવશે. લેન્સ બેસાડવામાં આવશે અને લેઝર કિરણોથી કરવામાં આવશે.







શ્રી નારાયણ સેવા મંડળ અને જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ દ્વારા નવા દવાખાનાનું રવિવાર, તા.૧ સપ્ટેમ્બર ૨૦૨૪ના એચ.એસ. સ્પ્રિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, નવઘર રોડ, મુલુંડ (પૂર્વ) ખાતે ભવ્ય ઉદ્‌ઘાટન ભાગવતાચાર્ય પરમ પૂજ્ય શ્રી શરદભાઈ વ્યાસ (પૂ. દાદા)ના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

છેલ્લા ૬૨ વર્ષોથી કોઈપણ સમાજના જરૂરીયાતવાળા લોકોની સેવા કરતા ટ્રસ્ટના આ નવા દવાખાનામાં ફિઝિયોથેરાપી, હોમિયોપેથી, એલોપેથી, ડેન્ટલ, નેચરોપેથી પેથોલોજી અને નિષ્ણાત ડોક્ટર્સ દ્વારા રોગ નિદાન (કન્સલટેશન) જેવા વિભાગો હાલમાં કાર્યરત છે અને ખુબજ રાહતના દરે મોતિયાના ઓપેરશન અને લેન્સ સુધીની પૂર્ણ સારવાર, કાર્ડીઓગ્રામ, એક્સ-રે, સ્ટ્રેસ ટેસ્ટ, કલર ડોપ્લર, ટુડી-એકો મેમોગ્રાફી જેવી સેવાઓ ટૂંક જ સમયમાં ઉપલબ્ધ થશે.

સમગ્ર મુલુંડવાસીઓને આ દવાખાનાની મુલાકાત અચૂક લેવી. વધુ માહિતી માટે સંપર્ક - ૮૯૨૮૦૬૬૮૬૬.











Click Here

# બીમારીથી ત્રસ્ત મુલુંડની વૃધ્ધાએ પોતાને આગ ચાંપી

મુલુંડમાં વિચિત્ર કિસ્સો શુક્રવારે બપોરે બન્યો હતો, જેમાં ઇમારતના નવમા માળે ફ્લેટમાંથી ધુમાડો નીકળતો જોઇ ત્યાં આગ લાગી હોવાનું પડોશીઓને લાગતાં અગ્નિશમન દળને તેની જાણ કરાઇ હતી. જોકે ફ્લેટમાં રહેતી ૬૮ વર્ષની વૃદ્ધાનો બળેલો મૃતદેહ મળ્યા બાદ આ કેસ આત્મહત્યા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. મુલુંડ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અજય જોશીએ જણાવ્યું હતું કે મુલુંડ પશ્ચિમ સ્થિત એલબીએસ રોડ પર ભાંડુપ સોનાપુર સિગ્નલ નજીક ઓપલ એપાર્ટમેન્ટમાં ૯મા માળે શુક્રવારે આ ઘટના બની હતી. મૃતકની ઓળખ આનંદી મુદલિયાર તરીકે થઇ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા બાદ આ પ્રકરણે એડીઆર દાખલ કરવામાં આવ્યો હતો.

સિનિયર ઇન્સ્પેક્ટર જોશીના જણાવ્યા અનુસાર આનંદી તેના પતિ સાથે અહીં રહેતી હતી, જ્યારે તેનો પુત્ર બીજી જગ્યાએ રહે છે. ઘટના સમયે આનંદીનો પતિ જમવાનું લેવા માટે બહાર ગયો હતો. આનંદી બીમાર રહેતી હતી અને તેની સારવાર ચાલી રહી હતી. તેમના ઘરે દોઢ દિવસના ગણપતિ પણ આવ્યા હતા. આનંદી દવાઓ લઇને કંટાળી ગઇ હતી અને તે દવાઓ બંધ કરવાનું વારંવાર કહેતી હતી, એવું તેમના પુત્રે પોલીસને આપેલ નિવેદનમાં જણાવ્યું હતું.

# સંતુલિત આહાર એ તંદુરસ્ત જીવનશૈલીનો પાયો છે



સ્વાસ્થ્ય સુધા

લેખક
રીટા જૈન
9819070772
DIETICIAN
(Msc. In food science and diatetics), specelization in Diebeties educator, yoga and wellness coach.

સર્વાંગી સ્વાસ્થ્ય અને સુખાકારી જાળવવા માટે આહાર (ડાયેટ)નું પાલન કરવું જરૂરી છે. આપણે જે ખોરાક લઈએ છીએ તે આપણી ઉર્જાના સ્તરો, શરીરના કાર્ય અને લાંબા ગાળાના સ્વાસ્થ્યને સીધી અસર કરે છે. સંતુલિત અને પૌષ્ટિક આહાર એ સુનિશ્ચિત કરે છે કે આપણને પાચન, ચયાપચય અને રોગપ્રતિકારક શક્તિ સહિતની શારીરિક પ્રક્રિયાઓ માટે જરૂરી વિટામિન્સ, ખનિજો અને પોષક તત્વો મળી રહે.

યોગ્ય આહારનું પાલન કરવાના મુખ્ય કારણોમાંનું એક લાંબા ગાળાના (ક્રોનિક) રોગોને અટકાવવાનું છે. ખરાબ આહારની આદતો, જેવી કે ખૂબ પ્રોસેસ્ડ ફૂડ, ખાંડ અથવા બિનઆરોગ્યપ્રદ ચરબીના સેવનને લીધે લાંબા ગાળે, સ્થૂળતા, હૃદય રોગ, ડાયાબિટીસ અને હાયપરટેન્શન જેવી ક્રોનિક સમસ્યાઓ થઇ શકે છે. તંદુરસ્ત અને સમતોલડાયેટનો પ્લાન અપનાવીને, આપણે આ સ્વાસ્થ્ય સમસ્યાઓના જોખમને ઘટાડી શકીએ છીએ અને સ્વાસ્થ્યપૂર્ણ લાંબુ આયુષ્ય માણી શકીએ છીએ.

યોગ્ય આહારશરીરના વજનને નિયંત્રિત રાખવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. કોઈ વ્યક્તિનું લક્ષ્ય વજન ઘટાડવાનું હોય, સ્નાયુઓ મેળવવાનું હોય અથવા શરીરની તંદુરસ્ત રચના જાળવવાનું હોય, સારી રીતે સંરચિત આહારનું પાલન કરવાથી આ લક્ષ્યોને અસરકારક રીતે હાંસલ કરવામાં મદદ મળે છે. પ્રોટીન, ચરબી અને કાર્બોહાઇડ્રેટ્સના યોગ્ય સંતુલનને આહારમાં સ્થાન આપવાથી ચયાપચયનું નિયમન થઈ શકે છે અને સમગ્ર દિવસ દરમિયાન શરીરનું ઉર્જા સ્તર યોગ્ય રીતે જળવાઈ રહે છે.

આ ઉપરાંત આપનીવ્યક્તિગત જરૂરિયાતોને અનુરૂપ આહારને અનુસરવાથી આપની માનસિક અને વૈચારિક સ્પષ્ટતા, મૂડ અને આપના કાર્યમાંધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતામાં સુધારો થઈ શકે છે. ફળો, શાકભાજી અને આખા અનાજ જેવા પોષક તત્વોથી ભરપૂર ખોરાક મગજને જરૂરી પોષક તત્વો પ્રદાન કરે છે, જ્ઞાનાત્મક (કોગ્નીટીવ) કાર્યમાં સુધારો કરે છે અને સ્ટ્રેસ અથવા ચિંતા ઘટાડે છે.

નિષ્કર્ષમાં, તંદુરસ્ત આહારનું પાલન કરવું એ માત્ર વજન નિયંત્રણ કરવા માટે નથી, પરંતુ શરીરને પોષણ આપવા, રોગને અટકાવવા અને શારીરિક અને માનસિક બંને પ્રકારની સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે છે. યોગ્ય સંતુલિત આહાર એ તંદુરસ્ત જીવનશૈલીનો પાયો છે.


# સંધિવા, સ્થૂળતાવાળા પણ કસરત કરી ફિટનેસ મેળવી શકો છો : એક્વા થેરાપી દ્વારા મુલુંડમાં જ!!

શારીરિક ફિટનેસ જાળવવા માટેના વર્ગોની લોકપ્રિયતા વિશ્વભરમાં છે જ એમાં પાણીની અંદર રહીને ફિટનેસ મેળવવાની પધ્ધતિ તાજેતરમાં વધુને વધુ પ્રચલિત થઈ રહી છે. જે 'એક્વેટીક થેરાપી' તરીકે ઓળખાય છે.

મુલુંડમાં આ પ્રકારની **'એક્વેટીક થેરાપી'**ની ટ્રીટમેન્ટ અને વર્ગોના પ્રણેતા, સુપ્રસિધ્ધ **સ્પોર્ટસ ફિઝીયોથેરાપીસ્ટ, ડૉ.પ્રણાલી ગોગરી-છેડા** છે. ૨૦૦૯માં અમેરિકામાં માસ્ટર્સ કર્યા પછી. ત્યાંની નામાંકિત ક્લિનિકમાં જોડાયા. ત્યારે ત્યાં આ પ્રકારની એક્વા થેરાપી પ્રચલિત થઈ ચૂકી હતી. પરંતુ ભારતમાં ભાગ્યે જ એની જાણકારી કે સુવિધા હતી. ભારત આવીને આ પ્રવૃત્તિ શરૂ કરવાનું એમનું શમણું હતું. ૨૦૨૦થી મુલુંડ વેસ્ટમાં 'ધ ફ્લોટ હાઉસ' નામના મલ્ટી એક્ટીવીટી સેન્ટરમાં ઈન્ડોર-પૂલમાં એક્વા થેરાપીના વર્ગો ડૉ.પ્રણાલી ગોગરી દ્વારા શરૂ કરવામાં આવ્યા. પાણીની અંદર રહીને કરવામાં આવતી કસરતો, ખાસ કરીને ચોક્કસ શારીરિક સમસ્યાઓની પરિસ્થિતિમાં ઉપયોગી સાબિત થાય છે. પાણીનો (Buoyancy) તારણશક્તિનો ભૌતિક ગુણધર્મ છે. તેનાથી પાણીમાં દર્દીના શરીરનું વજન ૮૦% જેટલું ઘટી જતાં દર્દીને કસરત કરવામાં અને ઝડપથી સાજો થવામાં મદદરૂપ બને છે. સાંધાઓ પર દબાણ ઘટી જાય છે વળી પાણીમાં અંગોના હલનચલન કરવામાં પાણીનો અવરોધ સ્નાયુઓને મજબૂત કરવામાં સહાયરૂપ થાય છે.

**ફ્રી ટ્રાયલ સેશન - તા. ૨૪ અને ૨૬ સપ્ટેમ્બર, સવારે ૮.૦૦ થી ૯.૦૦, બપોરે ૧૧ થી ૧૨ કલાકે. રજીસ્ટ્રેશન ફી રૂા.૧૦૦**



સ્વિમિંગ કે ફ્લોર કસરતો કરતા આ થેરાપી તદ્દન ભિન્ન છે. વળી સ્વિમિંગ પૂલનું ઉષ્ણતામાન નિયમન કરેલું હોવાથી સ્નાયુઓને આરામ મળે છે અને સાંધાઓની પીડામાં રાહત અનુભવાય છે.

ડૉ.પ્રણાલીના દર્દીઓ ૧૪ વર્ષથી ૮૦ વર્ષ સુધીના વિવિધ ફિટનેસ સ્તરના છે. સ્વિમિંગ જાણતા હોવું આવશ્યક નથી.



ઉપાસની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ (USSH) ના માલિક ડૉ. તેજસ ઉપાસની, મુલુંડના પ્રખ્યાત ઓર્થોપેડિક સર્જન છે. તે ઘૂંટણની અસ્થિવા અને પીઠનો દુખાવો ધરાવતા દર્દીઓની સારવાર કરે છે, તેમણે નોટીસ કર્યું છે કે આ દર્દીઓમાં સ્નાયુ મજબૂતીકરણનો અભાવ છે. તેઓ એક્વાથેરાપીમાં દ્રઢપણે માને છે અને માને છે કે દરેક વ્યક્તિએ, ખાસ કરીને સ્ત્રીઓએ સ્નાયુઓને મજબૂત કરવા અને ઇજાઓ અને સર્જરીઓથી બચવા માટે એક્વાથેરાપી કરવી જોઈએ. ઘૂંટણની સર્જરી પહેલા અને પછી એવમ દરેક પ્રકારની લીગામેન્ટ સર્જરી પછી અચૂક એક્વા થેરાપી કરાવવાની તેઓ ખાસ સલાહ આપે છે.

- ડૉ. તેજસ ઉપાસની (મુલુંડ-વેસ્ટ)

ઘૂંટણના, સંધિવાના, કમર કે પીઠના, PCOD, જેમની ઘૂંટણ બદલીની સર્જરી થવાની હોય, હાડકાનું બરડપણું ધરાવતા, એવા તમામ પ્રકારના દર્દીઓ માટે 'એક્વેટીક થેરાપી' ખૂબ જ ઉપયોગી છે.

જો ત્રણથી ચાર મહિના નિયમિતપણે આ સારવાર લેવામાં આવે તો વજન ઉતારવાના પરિણામો પણ ચોક્કસ મળે, એવો ડૉ.પ્રણાલીને દૃઢ વિશ્વાસ છે અને તેથી જ એમના ગ્રાહકવર્ગમાં ૩૦ થી ૫૦ વર્ષની મહિલાઓ, જેમને સ્નાયુબધ્ધતા સાથે વજન ઉતારવું છે, એમનો સમાવેશ છે.


**એડ્રસ : ધ ફ્લોટ હાઉસ, ૧૦, બિશેન ઉદ્યોગ પ્રીમાઈસીસ, પી.કે.રોડ, વેલોક્સ મોટર વર્કશોપ પાસે, આશા નગરની પાછળ, મુલુંડ (વે).**

**સંપર્ક : ડૉ. પ્રણાલી ગોગરી છેડા : 91-37750676.**

AquaHeal PHYSIOTHERAPY

Click Here

# મોદી સરકારના ત્રીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસની ઉપલબ્ધિઓ



તંત્રીસ્થાનેથી
જયંત છેડા

સંસદીય લોકશાહી પ્રણાલીમાં ૧૦૦ દિવસ કોઈ પણ સરકાર માટે વધારે સમય નથી હોતો. જો શપથ ગ્રહણ પહેલાં એક જ પક્ષ અને નેતૃત્વવાળી સરકાર હોય તો ૧૦૦ દિવસના કાર્યકાળમાં ઘણું બધું થઈ શકે છે. આ દષ્ટિએ જોવામાં આવે તો મોદી સરકારના ત્રીજા કાર્યકાળનો હિસાબ અનેક સિદ્ધિઓથી છવાયેલો છે. મોદી સરકારે ખુદ પોતાની સિદ્ધિઓનો હિસાબ રજૂ કર્યો છે. જેમાં સામાજિક, આર્થિક અને રાજદ્વારી ત્રણેય પ્રકારની સફળતાનો સમાવેશ થાય છે. વડા પ્રધાન મોદીએ ગયા વર્ષે નવેમ્બરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાને સંબોધિત કરતી વખતે ચાર જાતિઓનો ઉલ્લેખ કર્યો હતો. મોદીજીની નજરમાં હવે ચાર જાતિઓ છે, ગરીબ, યુવા, મહિલા અને ખેડૂતો, જેના પર તેમનું સંપૂર્ણ ધ્યાન છે. કહેવાની જરૂર નથી કે મોદી સરકારના ત્રીજા કાર્યકાળ દરમિયાન આ ચાર જાતિઓને લઈને ઘણી યોજનાઓ બનાવવામાં આવી છે અને શરૂ કરવામાં આવી છે. માળખાકીય વિકાસ, પછાત જાતિઓ, દલિતો અને આદિવાસીઓ માટે પણ ઘણી યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. કાર્યાલયના પ્રથમ ૧૦૦ દિવસમાં સરકારે રોડ ડેવલપમેન્ટ, રેલ્વે, એર સર્વિસ અને પોર્ટ ડેવલપમેન્ટ માટે રૂ.૩ લાખ કરોડની સ્કીમોને મંજૂરી આપી છે. આ સમયગાળા દરમિયાન, આઠ હાઇ સ્પીડ કોરિડોર બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં જ દેશભરના પાત્ર ખેડૂતોને કિસાન સન્માન નિધિનો ઓગણીસમો હપ્તો જાહેર કરવામાં આવ્યો હતો, જે અંતર્ગત નવ લાખ ત્રીસ હજાર ખેડૂતોના ખાતામાં વીસ હજાર કરોડની રકમ સીધી ટ્રાન્સફર કરવામાં આવી છે. મોદી સરકારે તેના ત્રીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસમાં પર્યાવરણ-કેન્દ્રિત ઊર્જા સંરક્ષણ અને ઉત્પાદન તરફ પણ મોટા પગલાં લીધાં છે. આ અંતર્ગત દેશના ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં ૪૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે જળવિદ્યુત ઊર્જા, સૌર ઉર્જા અને પવન ઉર્જા માટેની યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારે ગયા અઠવાડિયે દેશના ૭૦ વર્ષ અને તેની ઉપરની ઉંમરના કોઈ પણ પ્રકારની આર્થિક સ્થિતિ ધરાવતા દરેકે દરેક વરિષ્ઠ નાગરિકના સ્વાસ્થ્ય વીમા બાબતના નિર્ણયને સર્વત્ર આવકાર સાંપડયો છે. સરકારે ખરા અર્થમાં વડીલ વંદના કરી હોવાની અનુભૂતિ લોકો કરી રહ્યા છે. આયુષ્માન ભારત યોજના પહેલેથી જ ભાજપ-એનડીએ સરકારની ઉપલબ્ધિ ગણાય છે. તેમાં પણ આ નવી જોગવાઈ આવતાં હવે કરોડો વરિષ્ઠ નાગારિકોને તેનો લાભ મળશે. દેશમાં શિક્ષણની જેમ જ સતત મોંઘી થઈ રહેલી સ્વાસ્થ્ય સેવા મધ્યમવર્ગ માટે મહત્વની બાબત છે. આ સ્થિતિમાં કેન્દ્રના આ નિર્ણય માટે સ્વાભાવિક રીતે પ્રજામાં આવકાર અને આભારની લાગણી પ્રગટે તે સમજી શકાય તેમ છે. સરકારે તો સારી યોજના જાહેર કરી છે, તેનો સુદઢ, સુચારુ રીતે અમલ થાય તેના માટે લાભાર્થીઓ અને તંત્ર બન્નેના પ્રયાસ અનિવાર્ય છે. દેશના સાડા ચાર કરોડ પરિવારોના છ કરોડ વડીલો-સિનિયર સિટીઝન્સને તેનો લાભ મળશે. જેમની વય ૭૦ વર્ષ કે તેથી વધારે હોય તેમને દર વર્ષે બીમારી સામે રૂ.૫ લાખનું ઇન્સ્યુરન્સ કવચ સરકાર તરફથી મળશે એટલે કે કોઇ બીમારી થાય તો તેનો પાંચ લાખ સુધીનો ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવશે, દરદી કે તેના સગાએ એક પણ રૂપિયો આપવો પડશે નહીં. ગરીબ તો ઠીક મધ્યમ વર્ગ માટે પણ પાંચ લાખ ઘણી મોટી રકમ છે. સારવાર, દવા કે ઓપરેશનના ગંજાવર ખર્ચ અસર કરતા હોય છે આ સ્થિતિમાં પાંચ લાખ સુધીનો ખર્ચ સરકાર ભોગવે તો રાહત થવાની જ. જો વ્યવસ્થિત રીતે આ યોજનાનો અમલ થશે તો મોદીજીના ત્રીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસની આ સૌથી મોટી ઉપલબ્ધિ સાબિત થશે.

## રિધ્ધિ સિધ્ધિ ગ્રુપ દ્વારા વિશાલ બિટસના સંગે ટ્રેડિશનલ દાંડિયા રાસ ગરબા ૨૦૨૪

તા.૨૯ સપ્ટેમ્બર રવિવારે સાંજે ૬ કલાકે રિધ્ધિ ગ્રુપ દ્વારા વિશાલ બિટસના સથવારે પ્રીનવરાત્રી નઝરાણું એવું ટ્રેડિશનલ દાંડીયા તેમજ ગરબા રાસ ૨૦૨૪નું આયોજન કચ્છી લોહાણા મહાજનવાડી, એ.સી. હોલ, ૧લે માળે, આર.આર.ટી. રોડ, મુલુંડ વેસ્ટ મધે કરાયું છે.

કાર્યક્રમ પહેલા માતાજી આરતી ત્યાર પછી ધમાકેદાર, મોજીલા ખેલેયાઓ માટે નવરાત્રી પહેલાં લાઈવ સિંગર અને મ્યૂઝિકના તાલે દાંડીયા અને ગરબા રાસ, ટ્રેડિશનલ ડ્રેસ પરિધાન કરી કપલ સાથે રમો અને ઈનામોની વણઝાર જીતો. કાર્યક્રમ સ્થળે વેલેટ પાર્કિંગની વ્યવસ્થા રાખેલ છે. ડ્રેસ કોડ ટ્રેડિશનલ વેર. ખેલૈયાઓની મોજ ભરી ઉપસ્થિત એ અમારૂં સૌભાગ્ય આપના આશીર્વાદ એજ અમારા માટે પ્રેમનો ઉપહાર. એન્ટ્રી પાસ તેમજ વધુ વિગત માટે સંપર્ક રાજેન્દ્ર અગરબત્તીવાળા-૯૮૨૦૩ ૦૨૯૦૨, વિશાલ અગરબત્તીવાળા - ૯૮૧૯૦ ૨૬૭૩૭

## શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ મહિલા વિભાગ આયોજીત બોર્ડ ગેમ્સ

શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ મહિલા વિભાગ આયોજીત એકદમ નવો કન્સેપ્ટ બોર્ડ ગેમ્સ. 'ધ બોર્ડ ગેમ કંપની' દ્વારા આ સમય છે આપણા સ્વજનો સાથે મળી આનંદ માણવાનો... નવા યુગના વળાંક સાથે!! ચાલો માથું એકસાથે મૂકીએ, થોડી ખરી મજા માટે બેસીએ અને મિત્રો અને કુટુંબીજનો સાથેની આપણી દિનચર્ચામાંથી બ્રેક લઈએ. નાના મોટા સહુ સાથે મળીને રોમાંચક બોર્ડ ગેમ્સ માટે તૈયાર રહો. જેનો તમે અત્યાર સુધી અનુભવ કર્યો ન હોય એવી અવનવી ગેમ્સ અને સાથે ઈનામોની વણઝાર તો ખરી જ.

રવિવાર, તા.૨૧મી સપ્ટેમ્બરના બપોરના ૧૧ થી ૨ ફ્રેન્ડસ હાઈસ્કૂલ, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ વેસ્ટમાં રાખેલ છે.

ફી (લંચ સહિત) કેવીઓ રૂા.૩૫૦/-, નોન કેવીઓ રૂા.૪૦૦/-.

વધુ સંપર્ક : મિત્તલ દેઢિયા-૯૩૨૦૪૪૯૦૬૦, બિરજુ વીરા-૯૬૧૯૧૩૦૭૧૦, નયના દેઢિયા-૯૮૯૨૨૭૭૫૦૪.

## જૈન સોશ્યલ ગ્રુપના આગામી કાર્યક્રમો

જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ પ્રથમવાર JSG મુલુંડ દ્વારા અદ્દ્ભૂત કાર્યક્રમની પ્રસ્તુતી મેઘ ધનુષ રાસગરબા પ્રતિયોગિતા ભવ્યાતિ ભવ્ય આયોજન તા.૧ લી ઓક્ટોબર મંગળવાર ૪ થી ૭ કલાકે કાલિદાસ ઓડીટોરીયમ મધ્યે રાખેલ છે. આ પ્રોગ્રામ ટ્રાન્સફરેબલ છે. જોવાનું રખે ન ચુકતા.

તા.૨૫ ઓક્ટોબર શુક્રવારે JSG મુલુંડ સંગ શરદોત્સવની ઉજવણી સારસ્વતવાડી ખાતે રાખેલ છે. સાથે ભરપૂર ઈનામોની વણઝાર અલ્પાહાર સાથે રાખેલ છે. તા.૨૮ નવેમ્બર ૨૦૨૪ થી તા.૯ ડિસેમ્બર ૨૦૨૪ ઉત્તર પ્રદેશનો યાત્રા પ્રવાસ યોજાયો છે. (અયોધ્યા/વારાણસી/પ્રયાગરાજ વગેરે). જેને પણ જોડાવવાની ઈચ્છા હોય તેઓએ પ્રમુખનો સંપર્ક કરવો. જયંતિલાલ ડી.મૈશેરી-૯૮૧૯૭૪૮૨૫૦, માનદ્મંત્રી દિલીપભાઈ શેઠ, શ્રીમતી ડીમ્પલબેન આર.કોરડીઆ.

## રોટરી ક્લબ ઓફ મુલુંડ હિલ્સ દ્વારા બે દિવસીય ગરબા વર્કશોપનું આયોજન

રોટરી ક્લબ ઓફ મુલુંડ હિલ્સ દ્વારા નંદી ડાન્સ એકેડેમી સાથે શનિવાર, તા.૨૧ અને ૨૨ સપ્ટેમ્બર રવિવાર બપોરે ૩ થી ૪ દરમ્યાન આર્ય નિવાસ ટ્રસ્ટ હોલ, ૬ઠા માળે, વિકાસ સેન્ટર, નેતાજી સુભાષ રોડ, મુલુંડ વેસ્ટ મધે ગરબા વર્કશોપનું આયોજન કરાયું છે. જેમાં સહભાગ લેવા ઈચ્છુકે વધુ વિગત માટે રોટરિયન દેવાંશ મહેતા - ૮૧૪૧૭ ૬૦૧૪૧ તથા રોટરિયેન અભિષેક વોરા - ૯૧૩૭૫ ૫૯૭૩૨નો સંપર્ક કરવો.

## હાશમભાઈ ખત્રી હાડકા દર્દ નિવારણનો કેમ્પ

'આર્ય નિવાસ ટ્રસ્ટ' અને 'અંકિતા કોર્પોરેશન'ના સથવારે 'બહેના' દ્વારા મુલુંડમાં નિયમિત આયોજન થતાં કેમ્પમાં કચ્છ મુન્દ્રાના વૈધ હાશમ ખત્રી દ્વારા હાડકાના દર્દો જેવાકે સાયટીકા, સ્પોન્ડિલાઇટીસ, ફ્રોઝન સોલ્ડર તેમજ ઘૂંટણ, એડી, કમર, મણકાના દુ:ખાવા અને સાંધાનું પકડાઇ જવું વગેરે હઠીલા દર્દોના નિરાકરણ અને પ્રાથમિક સારવાર નિદાન કેમ્પનું આયોજન શુક્રવાર, ૨૭ સપ્ટેમ્બર આર્ય નિવાસ ટ્રસ્ટ હોલ, વિકાસ સેન્ટર, છઠ્ઠે માળે, એન.એસ. રોડ, મુલુંડ પશ્ચિમ. સમયની મર્યાદાઓને કારણે વહેલા તે પહેલા ધોરણે નામ લેવામાં આવશે. હિનાબેન સંઘવી : ૭૯૭૨૩૦૧૬૫૫

## શ્રી ક. દ. ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ

### વાર્ષિક સામાન્ય સભા

સભાસદ ભાઈઓ/બહેનો,

મંડળની વાર્ષિક સામાન્ય સભા (Annual General Meeting) રવિવાર, તા. ૨૨-૦૯-૨૦૨૪ ના રોજ સવારના ૯:૩૦ કલાકે શ્રી વિરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, કસ્તુરબા રોડ, મુલુંડ (વેસ્ટ) મધ્યે યોજાશે. વાર્ષિક સામાન્ય સભામાં નીચે મુજબનું કાર્ય હાથ ધરવામાં આવશે.

### કાર્યસૂચી (Agenda)

૧. ગત તા. ૧૭-૦૯-૨૦૨૩ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની નોંધનું (મિનીટ્સ) વાંચન અને બહાલી.
૨. મંડળની પ્રવૃત્તિઓના અહેવાલની રજૂઆત.
૩. મંડળના વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના અન્વેષિત હિસાબોના (Audited Accounts) અન્વેષકશ્રીના અહેવાલ (Auditors Report) નું વાંચન તથા મંજૂરી.
૪. ઓડીટરની નિમણુંક બાબત
૫. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

### ખાસ નોંધ

૧. ઉપરોક્ત વાર્ષિક સામાન્ય સભા કાર્યસાધક હાજરી (Quorum) ના અભાવે મુલત્વી રહેશે તો તેવી મુલત્વી રહેલી સભા તે જ સ્થળે અને તે જ દિવસે અડધા કલાક બાદ એટલે કે સવારે ૧૦:૦૦ કલાકે ફરી મળશે અને તે જ કાર્યસૂચી મુજબનું કાર્ય હાથ ધરી શકશે અને તેમાં થયેલ કાર્યવાહી કાયદેસર ની ગણાશે.

૨. હિસાબી વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અન્વેષિત હિસાબો (Audited Books of Accounts) બુધવાર તા. ૧૮-૦૯-૨૦૨૪ના તથા ગુરૂવાર તા. ૧૯-૦૯-૨૦૨૪ ના રાતે ૯ થી ૧૦ કલાક વચ્ચે મંડળના સભ્યોને જોવા માટે શ્રી વિરજી જીવરાજ મેપાણી હોલ, દેવપૂંજ, કસ્તુરબા રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. ખાતે ખુલ્લા રાખવામાં આવશે. જે સભ્યોને હિસાબો બાબત કંઈ ખુલાસા જોઈતા હોય તેમણે શુક્રવાર, તા.૨૦-૦૯-૨૦૨૪ના રાતના ૧૦:૦૦ વાગ્યા સુધીમાં મંડળના મંત્રીઓને લેખીતમાં અથવા ઈમેલ (kdojsm@gmail.com) દ્વારા જણાવવું.

તા. ૩૧-૦૭-૨૦૨૪ સુધીમાં મંડળના રોલ પત્રક રજીસ્ટરમાં નોંધાયેલ સભ્યો જ આ સભામાં ભાગ લઈ શકશે.

એજ લિ.
જીજ્ઞેશ કુંવરજી મોતા
રાજેન્દ્ર મુલચંદ ધુલ્લા
માનદ્મંત્રીઓ

મુલુંડ-મુંબઈ
તા.૨૮-૦૮-૨૦૨૪

Click Here

# મુલુંડના એક જ પરિવારના ચાર સભ્યો વિરુદ્ધ જબરદસ્તી વસૂલીની ફરિયાદ નોંધાઈ

નવઘર પોલીસે મુલુંડના એક પરિવારના ચાર સભ્યો સામે જબરદસ્તી પૈસા વસૂલી અને ખોટી રીતે ગોંધી રાખવાનો કેસ નોંધ્યોછે, જેમાં બે પુરૂષો અને બે મહિલાઓનો સમાવેશ થાય છે.મુલુંડમાં ચાની દુકાનના માલિક દ્વારા આરોપ લગાવ્યા બાદ આ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીએ કથિત રૂપે ચિટ-ફંડ વિશે અજ્ઞાનતાનો દાવો કરીને ૧.૨૦ લાખ ચૂકવવા માટે દબાણ કર્યું અને તેને કોરા ચેક પર સહી કરવા દબાણ કર્યું.

ફરિયાદીએ એવો પણ આરોપ લગાવ્યો છે કે આરોપીનો એક સહયોગી કલ્યાણમાં તેના ઘરે આવ્યો હતો અને તેની સગીર પુત્રી સાથે દુષ્કર્મ કર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, કલ્યાણનો રહેવાસી ફરિયાદી ૨૫વર્ષથી મુલુંડમાં ચાની દુકાન ચલાવે છે. તે મુલુંડ (પૂર્વ)માં મેડિકલ સ્ટોર ચલાવતા પી. ગુમાને એક દાયકા કરતાં વધુ સમયથી ઓળખતો હતો અને તેની પાસેથી રૂ.૧.૨૦ લાખ ઉછીના લીધા હતા. ત્યાર બાદ ગુમાએ ૨૦ સભ્યો સાથે ૨૦ મહિનાનું ચિટ ફંડ શરૂ કર્યું, જેમાં ફરિયાદી સહિત પ્રત્યેક સભ્ય જાન્યુઆરી ૨૦૨૩થી માસિક ૨૦,૦૦૦નું યોગદાન આપતો હતો.

ફરિયાદીએ ફર્સ્ટ ઇન્ફોર્મેશન રિપોર્ટ (FIR)માં જણાવ્યું છે કે તેણે મે ૨૦૨૪ સુધી કુલ ૩.૪૦ લાખ રૂપિયા આ ચીટ ફંડમાં ભર્યા હતા. જુલાઈમાં તેના વતનથી પરત ફર્યા પછી, તેણે પૈસાના અભાવે ચીટ ફંડ ચાલુ રાખવા માટે અસમર્થતા વ્યક્ત કરી અને ગુમાને હિસાબની પતાવટ કરવા વિનંતી કરી હતી. ગુમા, તે વખતે બિમાર હતા અને ઓગસ્ટ ૨૦૨૪માં મૃત્યુ પામ્યા હતા.આ પછી, ગુમાના પરિવારે કથિત રીતે ફરિયાદી પર પી. ગુમા પાસેથી ઉછીના લીધેલા રૂ.૧.૨૦ લાખ ચૂકવવા દબાણ કરવાનું શરૂ કર્યું હતું. પાંચ સપ્ટેમ્બરે તેમણે વિવાદ ઉકેલવા માટે તેને તેમના ઘરે બોલાવ્યો હતો. ફરિયાદીનો આરોપ છે કે તેમના ઘરે પહોંચ્યા પછી, તેની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો, છરી બતાવીને ધમકી આપવામાં આવી હતી અને કોરા ચેક પર સહી કરવા દબાણ કરવામાં આવ્યું હતું.

## ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાનું સ્વાગત



મુલુંડના વિધાનસભ્ય મિહિરભાઈ કોટેચા દ્વારા ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાનું સ્વાગત કરાયું તે પ્રસંગની તસવીર

## ઍશફોર્ડ રોયલ સોસાયટીમાં રહેવાસીઓ દ્વારા ઓનમ તહેવારની ઉજવણી કરાઈ





મુલુંડ ગોરેગાવ લિંક રોડ સ્થિત ઍશફોર્ડ રોયલ સોસાયટીમાં તા ૧૫ સપ્ટેમ્બરના દર વર્ષની જેમ આ વર્ષે પણ ઓનમના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી, આ દિવસે સોસાયટીની પ્રત્યેક વિંગને ફૂલોની રંગોળીઓથી સજાવવામાં આવી હતી, ઍશફોર્ડમાં કોઈ પણ જ્ઞાતિ હોય રહેવાસીઓ એ જ જે તે પ્રદેશની વેશભૂષામાં સજ્જ થઇને તહેવારની ઉજવણી ધામધૂમથી કરે છે.

## રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ સાથે વિધાનસભ્ય મિહિર કોટેચાએ કરી વિગતવાર ચર્ચા વિચારણા

### મુલુંડથી કચ્છ માટે વંદે ભારત ટ્રેઈન શરૂ કરવાના પ્રયત્નો



તાજેતરમાં મુંબઈની મુલાકાતે આવેલ કેન્દ્રના રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ સાથે મુલુંડના વિધાનસભ્ય મિહિર કોટેચાએ ત્રણ મુદ્દાઓ સંબંધી વિગતવાર ચર્ચા વિચારણા કરી હતી જેમાં નાહુર ખાતે મેઈલ ટ્રેઈન માટે રેલવે ટર્મિનસ ઊભું કરવું, મેઈલ ટર્મિનસ બનતાં મુલુંડ કે જે મિની કચ્છ ગણાય છે અને ભારતભરમાં સૌથી વધુ સંખ્યામાં કચ્છી પ્રજા મુલુંડમાં વસવાટ કરે છે તેમની સુવિધા માટે મુલુંડની કચ્છ સુધીની વંદે ભારત સ્લીપર કોચ ટ્રેઈનનો પ્રારંભ કરવો, મુલુંડથી કોકણ, ગોવા અને કેરળ માટે પણ મેઈલ ટ્રેઈન શરૂ કરવી તેમજ મુલુંડથી પ્રારંભ થતી લોકલ ટ્રેઈન સીએસટી સુધીની શરૂ કરવાની માગણી પણ કરવામાં આવી છે.

રેલવે પ્રધાન વૈષ્ણવએ આ માંગણી સંબંધી તુરંત અધિકારીઓને ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો.

હાલમાં યોજાયેલ લોકસભાની ચૂંટણી સમયે મિહિર કોટેચાએ મુલુંડથી સીએસટી માટે લોકલ શરૂ કરવાની મતદારોને ખાતરી આપી હતી. ચૂંટણીમાં મિહિરભાઈ પરાજિત થયાં હોવા છતાં આપેલા વચનનો અમલ કરવા માટે તેઓ કટિબધ્ધ છે તેમજ નાહુરથી મેઈલ ટ્રેઈન શરૂ કરવા માટે પણ તેઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

## સીબીએસઈ બોર્ડના ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા માટે રજિસ્ટ્રેશન શરૂ

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઇ) તરફથી ૨૦૨૪-૨૫ના સત્રમાં ૧૦ અને ૧૨મા ધોરણની બોર્ડની પરીક્ષાઓ આપવા જઈ રહેલા વિદ્યાર્થી ઓ અને શાળાઓ માટે એક મહત્ત્વપૂર્ણ અપડેટ આપવામાં આવ્યું છે. સીબીએસઇ એ પાંચમી સપ્ટેમ્બર ૨૦૨૪ થી બંને ધોરણની બોર્ડ પરીક્ષામાં બેસવા જઈ રહેલા વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. બોર્ડની પરીક્ષામાં બેસવા જઈ રહેલા વિદ્યાર્થીઓની મદદથી શાળાઓ ઓનલાઈન માધ્યમથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે. ઓનલાઈન રજિસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ ૪ ઓક્ટોબર ૨૦૨૪ છે.

સીબીએસઇ તરફથી જાહેર કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ, - રજિસ્ટ્રેશન માટે સૌ પ્રથમ સીબીએસઇની સત્તાવાર વેબસાઇટ cbse.gov.in પર જવું પડશે. આ પછી તમારે પરીક્ષા સંગમ પોર્ટલ પર ક્લિક કરવાનું રહેશે. હવે અહીંથી શાળાઓ વિદ્યાર્થીઓની વિગતો આપીને રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી શકશે.

આ પરીક્ષામાં બેસવા માટે ભારતીય વિદ્યાર્થીઓએ ૫ વિષયો માટે ૧૫૦૦ રૂપિયા ફી જમા કરાવવાની રહેશે. જો વધારાનો વિષય પસંદ કર્યો હોય તો વધુ ૩૦૦ રૂપિયા જમા કરાવવાના રહેશે. જો લેટ ફી સાથે અરજી કરે છે તો દરેક વિદ્યાર્થીએ ૨,૦૦૦ રૂપિયાની વધારાની ફી જમા કરવાની રહેશે. લેટ ફી સાથે રજિસ્ટ્રેશન ૫ ઓક્ટોબરથી ૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી કરી શકાશે.

## મુલુંડના ફ્લેટમાં મળી આવ્યો ત્રણ ફૂટ લાંબો કોબ્રા

વન વિભાગ દ્વારા મુલુંડના એક ફ્લેટમાંથી ત્રણ ફૂટ લાંબા કોબ્રા સાપને ઉગારવામાં આવ્યો હતો. ગત શનિવારે બપોરે વન વિભાગના અધિકારીઓને ફ્લેટમાં સાપ હોવાની જાણકારી મળતા તે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને સાપને ઉગાર્યો હતો.

વન વિભાગના અધિકારી પવન શર્માએ જણાવ્યા મુજબ હેલ્પલાઇન પર આવેલા ફોન પર મળેલી જાણકારી અનુસાર અમે એ ફ્લેટમાં પહોંચ્યા હતા. ત્યાં અમે જોયું કે લગભગ ત્રણ ફૂટ લાંબો કોબ્રા સાપ ઘરના સોફા ઉપર પડ્યો હતો. અમારી ટીમના સભ્ય રવીન્દ્ર સૂર્યવંશીએ કોબ્રા સાપને ઉગાર્યો હતો. ત્યાર બાદડોક્ટર પ્રીતિ સાઠે અને ડોક્ટર કીર્તિ સાઠેએ કોબ્રાના સ્વાસ્થ્યની તપાસણી કરી હતી. તે સ્વાસ્થ્યની રીતે ફીટ હોતાં તેને જંગલમાં તેના નૈસર્ગિક રહેઠાણમાં છોડી દેવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે ઘણા સાપ પોતાના દરમાંથી બહાર આવી જઇ લોકોના ઘરમાં ઘૂસી આવતા હોવાની અનેક ઘટના સામે આવે છે. જેને પગલે મહારાષ્ટ્રના વન વિભાગ દ્વારા હેલ્પલાઇન શરૂ કરી છે. વન વિભાગની સાથે સાથે સ્વયંસેવી સર્પમિત્રો અને પ્રાણીપ્રેમી સંગઠનો પણ લોકોના ઘરમાં ઘૂસી આવેલા સાપ-નાગને ઉગારીને તેમને જંગલમાં તેમના નૈસર્ગિક રહેઠાણમાં છોડી દેતા હોય છે.

Click Here

# ગોલ્ડન એજ ગ્રુપનો સતરમો પ્રોગ્રામ યોજાયો

ગોલ્ડન એજ ગ્રુપનો સતરમો પ્રોગ્રામ તા ૧૨ સપ્ટેમ્બર ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન આર્ય નિવાસ હોલ વિકાસ સેન્ટરમાં આયોજિત કરવામાં આવ્યો હતો જેમાં ૯૦ જેટલા મેમ્બરો એ હાજરી આપી હતી. જયશ્રીબેન જોષી એ જન્મ દિવસની ખુશાલીમાં સુર મંજુલા ગ્રુપ ના કલ્પેશભાઈ અને કૃષ્ણા બેનને આમંત્રિત કર્યા હતા જેમણે આ પ્રોગ્રામની શરૂઆત ગણેશ વંદના સાથે કરીને ગણપતિ બાપ્પા મોરિયાના નાદથી વાતાવરણને ભક્તિમય કરી દીધું હતું. જેમના જન્મદિવસ આ મહિનામાં આવે છે તેમને ગ્રુપ તરફથી શુભકામનાઓ આપવામાં આવી. અને પછી ફિલ્મી ગીતોની રમઝટ સાથે એક નવી રમત રમાડવામાં આવી જેમાં દરેક મેમ્બરે રમીને આનંદ માણ્યો હતો. કલ્પેશભાઈ અને કૃષ્ણા બેને ગ્રુપના સભ્યોને ખૂબ ખૂબ આનંદ કરાવ્યો હતો. નાસ્તા તેમજ કોલ્ડ્રીંક માટે ગોલ્ડન એજ ગ્રુપ સાથે મીનાબેન મજેઠીયા, કલ્પનાબેન અનમ તેમજ વિષ્ણુ ભાઇ જોષી એ ફાળો આપ્યો હતો.







# શ્રી મુલુંડ ચેકનાકા વાગલે એસ્ટેટ અચલગચ્છ જૈન સંઘ



શ્રી સંઘમાં ગુરૂ ભગવંત તપસ્વીદ્રય પ.પૂ.મુનિરાજ શ્રી તત્વરક્ષિતસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજ શ્રી હેમરક્ષિતસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની ઉજવણી અત્યંત ઉત્સાહ અને ઉમંગથી સંપન્ન થઈ. પ.પૂ.ગુરૂ ભગવંતો એ સકળ સંઘને પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની સુંદર રીતે આરાધના કરાવી. સકળ સંઘ નો ઉત્સાહ પણ અદ્રિતીય હતો. બધા જ કાર્યક્રમમાં બહોળા ઉત્સાહથી ભાગ લીધો હતો. શ્રી સંઘમાં ઉત્સાહભેર ૧૪ તપસ્વીઓ એ તપસ્યા કરી હતી જેમાં માસક્ષમણ, સોળભતા અને ૧૧ ઉપવાસ તથા અઠાઈના તપસ્વી રત્નો હતા. શ્રી સંઘની આયંબિલ શાળામાં પણ તપસ્વીઓ નો ઉત્સાહ અનેરો હતો અને ખૂબ જ સારી સંખ્યામાં સૌએ આયંબિલ કરી લાભ લીધેલ. પોથીના વરઘોડામાં પણ સહુએ હાજરી આપી. મહાવીર જન્મવાંચનના દિવસે સ્વપ્નના ધૃતની ઉછામણી અને જન્મ મહોત્સવમાં તેમજ સંવત્સરી મહાપર્વના દિવસે ગુરૂ ભગવંત ની નિશ્રામાં ૩૫ પૌષધના તપસ્વી હતા અને ગુરૂ ભગવંતના મુખે સકળ સંઘે બારસા સૂત્રનું શ્રવણ કર્યું. ભાદરવા સુદ છઠ્ઠના દિવસે તપસ્વી પારણા કર્યા બાદ સૌએ પ્રભુ વીરનાં ઘોડિયાં પારણાંનાં વરઘોડામાં હાજર રહી શાસનની શોભા વધારી. શ્રી સંઘના પાઠશાળાના બાળકોએ રાત્રી ભાવના દરમ્યાન ''ચાલો કેસરિયા કરીયે'' નૃત્ય નાટિકાનાં ધમાકેદાર સફળ પ્રયોગ કર્યા હતા. બધા જ દાતા પરિવારો એ દાનની વર્ષા કરી દરેક કાર્યક્રમને સફળ બનાવવા મહત્વનો ફાળો આપ્યો હતો.












Click Here



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિષ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૧૮ સપ્ટેમ્બર – ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** થોડા સમયથી અટકી ગયેલુ જીવન ફરી આગળ વધી રહ્યાનું લાગશે. સામાજિક જીવન અત્યંત વ્યસ્ત અને ઉત્સાહિત રહેશે. વિદેશ જવા ઈચ્છતા હો તો નોકરી માટે અરજી કરી શકો છો. હાલ એ માટેનો સમય અનુકૂળ છે. હાલ પૈસાની બાબતમાં સહેજ ચિંતા રહેશે એમ જણાય છે. એક ખાસ વ્યક્તિ તમને રાહ જોવડાવી રહી છે. તે વ્યક્તિ એવું વર્તન કેમ કરી રહી છે એનો જવાબ તમારી અંદર આત્મમંથન દ્વારા શોધવા પ્રયાસ કરો. પરિવારની મોટી વયની એક વ્યક્તિને તમારા લાગણીસભર ટેકાની જરૂર પડશે. તબિયત સારી રહેશે પણ તીખુ-તળેલુ ખાવાનું ટાળો. **સ્ત્રીવર્ગ માટે :** સાચો મિત્ર કોણ છે એ આ સમયમાં તમને સમજાઈ જશે.

**વૃષભ (બ,વ,ઉ) :** મનની શાંતિ માટે કેટલીક બાબતો જતી કરતા શીખો. બિનજરૂરી ટીકા કરવાનું ટાળો અને લોકોને સપોર્ટ આપતા શીખો એવી મારી સલાહ છે. અચાનક જીવનમાં નવા લોકોનો પ્રવેશ થશે અને તેમના જીવનમાં પરોવાઈ ગયાનું લાગશે. એક મિત્ર સાથે બિઝનેસ પાર્ટનરશિપનો વિચાર પસંદ પડી જશે. શક્ય એટલા વધુ પ્રવાસથી તમારી ક્ષિતિજો વિસ્તારવાનો સમય છે. કર્મની વર્તમાન ગતિમાં નવા અનુભવો મેળવી શકશો અને નવી તકો ઊભી થશે એમ જણાય છે. હાલના પોઝિટિવ સમયનો લાભ ઊઠાવવા તમારી પ્રેરણાને અનુસરો. એસિડીટી કન્ટ્રોલમાં રાખવા પૂરતુ પાણી પીઓ. **સ્ત્રીવર્ગ માટે:** તમારી કાળજી લેતા લોકો પ્રત્યે ગુસ્સે ન થાઓ.

**મિથુન (ક,છ,ઘ) :** એક વ્યક્તિ સાથેનો સંબંધ દૃઢ બનશો. એકબીજાની નિકટ રહેવાની અને કાળજી લેવાની લાગણીઓ પ્રબળ બનશે. મારૂ જો માનતા હો તો હાલ તમારા કરીઅર કે બિઝનેસ પર ધ્યાન કેન્દ્રિત કરો. ફાઈનેન્શિયલ લૉસ જવાની શક્યતા છે આથી શેર-સટ્ટાથી દૂર રહેવાની સલાહ છે. નોકરી કરતા હશો તો વ્યાવસાયિક પ્રવાસ કે પગાર વધારાની અપેક્ષા રાખી શકો છો. ફરજિયાત બચત માટે યોગ્ય સમય છે. પારિવારિક વારસો મળી શકે છે. વિદ્યાર્થીઓએ નિષ્ઠાપૂર્વક અભ્યાસ પાછળ ધ્યાન આપવું પડશે. હાલ જે મહેનત કરશો એનો બદલો ભવિષ્યમાં મેળવી શકશો. **સ્ત્રીવર્ગ માટે :** ખાવાપીવામાં વિશેષ કાળજી લેવાનો સમય છે.

**કર્ક (ડ,હ) :** આધ્યાત્મિક વિકાસ-ચેતનાશક્તિ પ્રાપ્ત કરવાનો સમય છે. વિકાસની એક નવી સાઈકલ શરૂ થશે. ઉશ્કેરાટ જન્માવે એવા મુદ્દાઓ પર પ્રતિસાદ આપવાનુ ટાળશો તો પછી પસ્તાવુ નહીં પડે. બોલતા પહેલા વિચાર કરો એવી મારી ખાસ સલાહ છે. ઊપર-ઊપરથી મીઠું બોલતી વ્યક્તિ સાથે મનમેળ કરશો તો પણ તેનું હૃદયપરિવર્તન કરી નહી શકો એમ જણાય છે. એક મિત્ર પૈસા રોકવા માટે તમને મૂલ્યવાન સલાહ આપી શકશે. અન્ય દેશમાં સ્થળાંતર કરવાનો વિચાર હોય તો એ માટેના પેપર્સ ફાઈલ કરવા હાલનો સમય યોગ્ય છે. ટૂંકમાં જ નોકરીમાં બઢતી, પગાર વધારો મળી શકશે. **સ્ત્રીવર્ગ માટે :** પાર્ટીમાં મોડે સુધી મોજ માણવાની લાલચમાં ન પડશો, અન્યથા બીમાર પડી શકો છો.

**સિંહ (મ,ટ) :** ધારેલી દિશામાં આગળ વધવા હિંમતભેર શરૂઆત કરો. તકોનો કેવી રીતે લાભ ઊઠાવી શકો છો એના પર તમારી પ્રગતિનો આધાર રહેશે. મનમાંથી બિનજરૂરી વિચારોને બહાર ફગાવી દો અને તમારી અંદર રહેલી નવતર ખૂબીઓમાંથી શક્તિ પ્રાપ્ત કરો એવી મારી સલાહ છે. આ સમય રોમેન્સનો, નવી વ્યક્તિ સાથે અને દોસ્તો સાથે મુલાકાતનો યોગ છે. પ્રોપર્ટી વેચવા કે ખરીદવા ઈચ્છતા હો તો એજન્ટ સાથે વાતચીત કરવાનો યોગ્ય સમય છે. ફેમિલીની ફાઈનેન્સની સમસ્યા કે કાનૂની દસ્તાવેજોના અભ્યાસ માટે સમય કાઢવો પડશે. **સ્ત્રીવર્ગ માટે :** ખાવા પીવામાં કાળજી રાખવાનું અને નિયમિત કસરત કરવાનું જરૂરી બનશે.

**કન્યા (પ,ઠ,ણ) :** સાવધ કેમ રહેવુ એ અગાઉના અનુભવોથી તમે શીખી ગયા છો અને સમસ્યાઓનો સામનો કરવા તૈયાર છો એમ દેખાય છે. થોભો અને રાહ જુઓની નીતિ યોગ્ય વ્યાવસાયિક અભિગમ નક્કી કરવામાં મદદરૂપ થશે. પ્રિયજનને કોઈક ચિંતા સતાવી રહ્યાનો અણસાર આવી જતા એમને શાંત કરવાનો પ્રયાસ જરૂરી બનશે. પરિણીતોને દામ્પત્ય જીવનના સંબંધો દૃઢ બનાવવા તરફ વિશેષ ધ્યાન આપવું પડશે. વિશ્વાસુ મિત્રો સાથે તમારી મૂંઝવણ વિશે ચર્ચા કરશો તો પરિસ્થિતિના નવા પાસાની જાણકારી મળી રહેશે. કાનૂની સમસ્યામાં ઊતરવાનું ટાળજો, નહીતર ખર્ચના ખાડામાં ઊતરી જશો. **સ્ત્રીવર્ગ માટે :** ભૂતકાળને પાછળ મૂકી ભવિષ્ય તરફ આગળ વધો.

**તુલા (ર,ત) :** હાલનો સમય નવા પ્રારંભનો છે આથી જીવનમાં જે નકામુ હોય એની સાફસફાઈ કરવી જરૂરી છે. વાસ્તવિક સ્તરે લાગણીઓ શાંત થતી જશે અને તમે પ્રેક્ટિકલ અભિગમ અપનાવી શકશો એમ જણાય છે. અણધાર્યો ધનલાભ કે આશ્ચર્યજનક ભેટ મળવાની શક્યતા છે. તમારૂં ધ્યેય સિધ્ધ કરવા માટે કામ પાછળ બહુ જ ધ્યાન આપો એવી મારી સલાહ છે. તમારી તંદુરસ્તીમાં સુધારો થવા માંડયો છે એટલે આહાર અને કસરત ચાલુ રાખો, પણ અતિરેક ન કરો. નોકરીમાં વધુ જવાબદારીઓ સ્વીકારતા અચકાશો નહી. આવી જવાબદારીઓ દ્વારા પ્રગતિ કરી શકશો એમ દેખાય છે. **સ્ત્રીવર્ગ માટે :** સલાહ સ્વીકારવાની તૈયારી રાખો.

**વૃશ્ચિક (ન,ય) :** ઘણા લોકોએ તમને દુઃખ પહોંચાડયું છે અને તમે શાંતિથી બધુ સહન કર્યુ છે. પરંતુ હવે નસીબ તમારી તરફેણમાં હોવાથી તમને આઘાત પહોંચાડનારની સામે થવાનો પ્રયાસ ન કરો. દયા અને માનવતાથી લાભ થશે એમ જણાય છે. તમારે બિઝનેસને લગતા અમુક એવા નિર્ણયો લેવા પડશે જેની અસર પારંપારિક જીવન પર પડશે. પરિણામે ભૂતકાળ અને ભવિષ્યને નજર સામે રાખીને નિર્ણય કરો. મીઠા બોલા માણસોથી ખાસ ચેતીને ચાલવાનો સમય છે. અપરિણીત વ્યક્તિઓએ ભાવિ સાથી સાથે ચર્ચા કરીને કોઈ બાબત ખટકતી હોય તો આપસમાં ચર્ચા કરી નિવેડો લાવવો જોઈએ. **સ્ત્રીવર્ગ માટે :** લાગણીવશ નિર્ણય લેવાનું ટાળો અને વ્યવહારૂ નિર્ણય લેતા શીખો.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** ધીમી ગતિથી, પરંતુ ખાતરીપૂર્વક અત્યંત પોઝિટિવ તબક્કા ભણી આગળ વધી રહ્યા છો. જીવનમાં ખૂબ જ આધ્યાત્મિક પ્રગતિ સાથે ભાવનાત્મક અને ફાઈનેન્શિયલ સંતોષ પણ મળશે. જીવનસાથી અને સંતાનો પ્રત્યે વધુ પ્રેમ દાખવજો. વાસ્તવમાં તેમની કાળજી લઈ રહ્યા છો એવી લાગણી વ્યક્ત કરશો તો વધુ સમજદારી ઊભી કરી શકશો એમ દેખાય છે. વિદ્યાર્થીઓએ વધુ અભ્યાસ કરવા જેમના પર વિશ્વાસ હોય તેમની સાથે ચર્ચા કરવી જરૂરી છે. સંતાનોને અને પરિવારના યુવાનોને ફરજિયાત માસિક બચત કરવા સમજાવવાનો સમય છે. **સ્ત્રીવર્ગ માટે :** ફેમિલી અને ગાઢ મિત્રો સાથે સમજદારીથી વર્તવાની સલાહ છે.

**મકર (ખ,જ) :** કોઈ સંબંધો બાંધવા માટે આ યોગ્ય સમય નથી એટલે લાગણીને કાબૂમાં રાખો. તમારા ધ્યેયને સિધ્ધ કરવા માટે કામ પાછળ બહુ જ ધ્યાન આપો અને વ્યવહારૂં નિર્ણય લો એવી મારી સલાહ છે. તાણ મુક્ત ભવિષ્ય માટે પૂરતી બચત કરવાનું પગલુ યોગ્ય રહેશે. થોડા સમયથી મૂંઝવી રહેલી સમસ્યાઓ હવે ઉકેલાઈ જશે એમ દેખાય છે. કાનૂની સમસ્યાઓ અને એગ્રીમેન્ટ પર સહી સિક્કા કરવાનું હાલ મુલત્વી રાખજો. ચાલીસી વટાવી ચૂકેલાઓએ તબિયતની કાળજી લેવી પડશે. પરિવારનો મેળાવડો કે દરિયાઈ પ્રવાસની શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** સ્પર્ધામાં ટકી રહેવા તમારે શ્રેષ્ઠ કામગીરી બજાવવી પડશે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** નવા મિત્રો બનશે જે આગળ જતા જીવનનો એક ભાગ બની રહેશે. જાણીતા અને અનુકૂળ લાગે એવા લોકોના સંગાથમાં રહો. સંતુષ્ટતાનો અભિગમ ટાળો અને હાલના પોઝિટિવ સમયનો લાભ ઊઠાવો એવી મારી ખાસ સલાહ છે. આર્થિક બાબતમાં અને ખાસ કરીને લાંબાગાળાની બચત તરફ વધુ ધ્યાન આપો. તમારી પાસે પૈસાની સગવડ છે એટલે બચત કરી શકો એમ છો. ઓચિંતા કોઈ મહત્વના સમાચાર મળતાની સાથે જ દોડધામ થશે અને દીર્ઘદ્રષ્ટિ રાખીને નિર્ણય લેવા તૈયાર રહેવું પડશે એમ દેખાય છે. તમારામાં રહેલી રચનાત્મક શક્તિ બહાર આવશે. **સ્ત્રીવર્ગ માટે :** વિદેશમાં જોબની ઓફર સ્વીકારતા પહેલા ખૂબ વિચારીને પછી આગળ વધજો.

**મીન (દ,ચ,ઝ,થ) :** વાતાવરણને ડહોળવા ઉશ્કેરણીજનક વિધાનો કરવામાં તમને આનંદ આવી રહ્યો છે. જોકે હાલના તબક્કે આવુ વલણ લાભદાયી નહી ઠરે. આના બદલે મન ખુલ્લુ રાખી વર્તવા પ્રયાસ કરો. પૈસાની બાબતમાં પહોંચ બહારના વચનો ન આપશો એવી મારી સલાહ છે. સ્થિતિસ્થાપક અને સહનશીલ અભિગમ અપનાવશો તો તમામ વ્યાવસાયિક સંબંધો દૃઢ બનાવી શકશો. કેટલીક લાગણીઓ તમારા પૂરતી જ સીમિત રાખશો તો ફાયદામાં રહેશો. આરોગ્ય સારૂં રહેશે. અચાનક પ્રવાસે જવાનું થશે. **સ્ત્રીવર્ગ માટે :** વધુ પડતું આત્મમંથન ટાળશો તો સાનુકૂળ નિર્ણયો કરી શકશો.

## શ્રી હાલારી વિશા ઓશવાલ સેવા સમાજ દ્વારા મુલુંડના તપસ્વીનું બહુમાન મેળાવડો

દર વર્ષની જેમ આ વર્ષે શ્રી હાલારી વિશા ઓશવાલ સેવા સમાજ આયોજિત મુલુંડના તપસ્વી બહુમાનનો મેળાવડો તથા સ્વામી વાત્સલ્ય જમણવાર તા.૨૨ સપ્ટેમ્બર ને રવિવારના રોજ સારસ્વત વાડીમાં સવારે ૧૦ વાગ્યાથી રાખવામાં આવેલ છે. તપસ્વી બહુમાન, સરસ્વતી સન્માન ત્યારબાદ બપોરે ૧૨ થી ૨ વાગ્યા સુધી સ્વામીવાત્સલ્ય જમણવાર તથા બ્લડ ડોનેશન કેમ્પ સવારે ૧૦ થી ૩ વાગ્યા સુધી અને સાંજે ૭ વાગ્યાથી રાસ ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. ત્યારબાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા.૨૧ સપ્ટેમ્બરના રાત્રે ૮ વાગ્યે સારસ્વત વાડીમાં રાખવામાં આવેલ છે.

## શ્રી હાલાઈ લોહાણા સેવા સમાજ દ્વારા મુલુંડથી માટુંગા વિસ્તારના વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન સમારોહ

શ્રી હાલાઈ લોહાણા સેવા સમાજ-મુંબઈ દ્વારા મુલુંડથી માટુંગા માહીમ વિસ્તારમાં રહેતા સંસ્થાના સભ્ય બનેલ હાલાઈ લોહાણા જ્ઞાતિજનોના સ્કૂલ-કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતાં જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે છવ્વીસમો સરસ્વતી સન્માન સમારોહનું આયોજન મુંબઈ પ્રદેશ આર્ય વિદ્યા સભા, ગુરૂકુલ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુટ, પહેલે માળે, ટિલક રોડ, પંજાબ નેશનલ બેંકની સામે, ઘાટકોપર (ઈસ્ટ), મધે તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૪ રવિવારના બપોરે ૩.૦૦ કલાકે કરેલ છે.

જેમને ફોર્મ ન મળેલ હોય તેમણે નીચે આપેલ મેમ્બરનો સંપર્ક કરે. પ્રવીણભાઈ કાનાબાર – ૯૮૬૭૯ ૩૧૯૧૯, હિરેનભાઈ કાનાબાર – ૯૨૨૪૧ ૧૦૮૫૫, હર્ષદભાઈ તન્ના – ૯૮૬૯૦ ૭૭૧૩૩, કિશોર સર – ૯૮૯૨૨ ૩૩૧૩૧, ભારતીબેન – ૯૮૬૯૩ ૨૩૩૧૩, કલ્પનાબેન – ૯૨૨૧૫ ૧૮૮૪૯.

## હરીશ ખોંભડીયા પ્રસ્તુત ઈર્શાદ ગઝલ કોર્નર...

**મરજી...**

આપણી મરજી મુજબનું થાય નહીં,
એટલે સારૂં કશું કહેવાય નહીં ?
સ્વપ્નની પણ એક સીમા હોય છે,
નહી તો માણસ આટલો દુભાય નહીં !
તાપમાં બેઠાં ન હો જો કોઈ'દિ,
છાંયડામાં એ વિષય ચર્ચાય નહીં.
એકતરફી રાખતા હો જે વલણ,
ન્યાયને એ ત્રાજવે તોલાય નહીં.
આટલું અભિમાન પણ સારૂં નથી,
જીતમાં જો હાર પણ દેખાય નહીં.
આપણે અટકી ગયા તો શું થયું ?
કાળનાં પૈડાં કદી રોકાય નહીં.
શક્યતાનાં સોઈ દોરા લાવ ને !
જિંદગીને શું ફરી સંધાય નહીં ?



મેહુલ ઓઝા
સંકલન :હરીશ ખોંભડીયા

Click Here

# સર્વ મંગળ ફાઉન્ડેશન અને હરિપ્રબોધમ આત્મીય ગ્રુપ યુથ ગ્રુપ દ્વારા ત્રિદિવસીય પારાયણ સાથે સેવા પ્રકલ્પ કરાયા









સર્વ મંગલ ફાઉન્ડેશન અને હરિપ્રબોધમ આત્મીય યુથ ગ્રુપ દ્વારા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મગુરૂ પ.પૂજ્ય પ્રબોધજીવન સ્વામીજીના દિવ્ય સાનિધ્યમાં તા.૩૦.૮.૨૪. થી ૦૧.૦૯.૨૪ દરમિયાન ત્રણ દિવસનું પારાયણ અને સામાજિક કાર્યો નું આયોજન કરવામાં આવ્યું.

આ મંગળકારી અવસરે પ્રાદેશિક સંતો પૂજ્ય સર્વમંગલ સ્વામીજી, પૂજ્ય હરિશરણ સ્વામીજી, પૂજ્ય હરિપ્રિય સ્વામીજી, એવમ સંત મંડળની પધરામણી મુલુંડ નગરે ''આરઆર બેન્ક્વેટ હોલ'' મુલુંડ ઇસ્ટ ખાતે થઈ.

પહેલા દિવસે વાજતે ગાજતે પારાયણ ની શરૂઆત થઈ અને પારાયણ નું લાભ લીધા પછી વૃક્ષા રોપણ (ટ્રી પ્લાંટેશન) ની શરૂઆત સંતો ના હસ્તે લીમડા ના વૃક્ષો વાવી ને કરવામાં આવ્યું અને ડિસેમ્બર મહિના સુધી ૩૦૦૦ વૃક્ષ રોપવા નું પ્લાનિંગ કરવામાં આવ્યું. ૧૫૦૦ લીમડા ના અને ૧૫૦૦ કેન્સર દર્દી માટે ઉપયોગી એવું આયુર્વેદિક વૃક્ષ સોસાયટી અને અલગ અલગ જગ્યા એ રોપવામાં આવશે. અને એજ દિવસે મુલુંડ ના પ્રતિષ્ઠ વ્યક્તિત્વ ધરાવતા હાઈ કોર્ટ ના એડવોકેટ અને સમાજસેવક શ્રી મનોહર એમ દેશમુખને હરિપ્રબોધમ ફાઉન્ડેશન ના સંત પુ. સર્વમંગલ સ્વામી દ્વારા લાઈફ ટાઈમ અચિવેમેંટ એવોર્ડ આપવામાં આવ્યું અને સર્વમંગલ ફાઉન્ડેશન દ્વારા સમાજસેવક ઓફ ધ ઇયર નું એવોર્ડ અર્પણ કરવામાં આવ્યું.

બીજા દિવસે સવાર ના ૮ થી ૧૦ પારાયણ ચાલુ હતું અને સાથે સાથે સવારે ૮ થી રાત્રે ૮ સુધી બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવ્યું જેમાં આશરે ૨૨૮ જેટલા બ્લડ બોટલ્સ કલેક્ટ કરવામાં આવ્યાં. ડો. અશોક તિવારી (અધ્યક્ષ વાઘલે એસ્ટેટ ડોક્ટર એસોસિયેશન) અને એમની ટીમ દ્વારા ત્રણ બ્લડ બેંક ને બોલાવવા માં આવ્યાં હતાં જેમાં જ્યુપીટર હોસ્પિટલ, ટાટા મેમોરિયલ હોસ્પિટલ અને ટ્રમપ બ્લડ બેંક (ફોર થેલેસેમીયા દર્દી) ની ટીમ દ્વારા અદભુત સેવા આપવા આવી હતી.

ત્રીજા દિવસે સવારે ૮.૩૦ થી ૧.૩૦ સુધી સંતોની વાણીનું પારાયણમાં લાભ લીધા પછી આશરે ૧૫૦૦ જેટલા ભક્તો એ મહાપ્રસાદનું લાભ લીધું. અને પછી બપોરે ૩ થી ૭ દરમિયાન ફ્રી મેડિકલ કેમ્પની શરૂઆત થઈ અને જેમાં આશરે ૫૬૭ જેટલા લોકો એ લાભ લીધો. મેડિકલ કેમ્પ માં આયુષ્માન હોસ્પિટલ (ભાંડુપ), કે.ઈ.એમ હોસ્પિટલ (પરેલ), માતોશ્રી ગંગુબાઈ સંભાજી શિંદે હોસ્પિટલ (થાને) અને ગેલેક્સી હોસ્પિટલ (મુલુંડ ઇસ્ટ)ના ડોક્ટર્સ લોકો ની ટીમે અદભુત સેવા આપી હતી.

પારાયણના ઉત્સવમાં અનિલ જોલેકર સાહેબ (મહારાષ્ટ્ર નવનિર્માણ વાહતુક સેનાના ઉપાઅધ્યક્ષ), મદન પાટીલ સાહેબ (સિનિયર પી.આઇ મુલુંડ ઇસ્ટ નવઘર રોડ), દેવાંગ શેઠ (સેક્રેટરી ઓફ એન્ટી કરપ્શન કમિટી ઓફ ઇન્ડિયન નેશનલ ઓર્ગેનાઈઝેશન અને ઓલ ઇન્ડિયા સિને વર્કર્સ એસોસિયેશન નેશનલ સેક્રેટરી), સંદીપ જલગાઓકર ( મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ભાંડુપ વિભાગ અધ્યક્ષ ) અને ઓસ્કાર ડેવલપર (મુલુંડ) શરદ ભાઈ જોશી અને ટીમ મેમ્બરપ્રણવ જોશી જેવા સમાજ મહાનુભાવો સહભાગી થયા હતા.

સંતો એ કથા વાર્તા દ્વારા યુવકોમાં માતૃભક્તિ, પિતૃભક્તિ, પ્રભુભક્તિ, ગુરુભક્તિ અને રાષ્ટ્રભક્તિ પ્રગટે એ વિવિધ પ્રસંગો દ્વારા માર્ગદર્શન આપ્યું.

શ્રી મનીષભાઈ શાહ અને કાર્યકર્તા ભાઈઓ એ આ પ્રોગ્રામ નું ખૂબ સરસ આયોજન કર્યુ હતું .


(Regd.No.E-2673-Kutch)




## શ્રી માઁ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ-નરા (કચ્છ)

### ગૌશાળા જીવદયા કેન્દ્ર એવમ્ ગૌ મુક્તિધામ




કાર્યસ્થળ : નરા-કચ્છ (વોણાર), દયાપર, હાજીપીર રોડ, તાલુકો-લખપત, કચ્છ. મુંબઈ ઓફીસ : ૨૭૯, સૈયા હાઉસ, ૧લે માળે, ભાત બજાર, મુંબઈ-૦૯.
મુલુંડ ઓફિસ : એ-૫, મોરેશ્વર ટાવર, એમ.જી. રોડ, સારથી હેલ્થકેરની સામે, મુલુંડ (વે.), મુંબઈ- ૪૦૦ ૦૮૦. (Office) : 8866297562

### પિતૃ પક્ષમાં ગૌ-સેવા એજ સાચું તર્પણ તા.૧૭-૯-૨૦૨૪ થી ૦૨-૧૦-૨૦૨૪

| અ.ક. | યોજના (૧ દિવસ માટે) | રકમ |
|---|---|---|
| ૧. | લાપસી - ૫ કિલો | રૂા.૨૫૦ |
| ૨. | લાપસી - ૧૧ કિલો | રૂા.૫૫૦ |
| ૩. | ગોળ - ૧૦ કિલો | રૂા.૫૦૦ |
| ૪. | ભૂસા - ૫૦ કિલો | રૂા.૧૦૦૦ |
| ૫. | ખોળ - ૫૦ કિલો | રૂા.૧૬૦૦ |
| ૬. | લીલા ઘાસચારાની ગાડીઓ ૩૨૦૦ કિલો | રૂા.૬૩૦૦ |



ગૌશાળા માટે અપાયેલ દાન માત્ર ગૌવંશ માટે જ વાપરવામાં આવશે.

| અ.ક. | યોજના (૧૬ દિવસ માટે) | રકમ |
|---|---|---|
| ૧. | લાપસી - ૨ કિલો | રૂા.૧૬૦૦ |
| ૨. | લાપસી - ૫ કિલો | રૂા.૪૦૦૦ |
| ૩. | લાપસી - ૧૧ કિલો | રૂા.૮૮૦૦ |
| ૪. | ભૂસા - ૫૦ કિલો | રૂા.૧૬૦૦૦ |
| ૫. | ગોળ - ૧૦ કિલો | રૂા.૮૦૦૦ |
| ૬. | ખોળ - ૫૦ કિલો | રૂા.૨૫૬૦૦ |

7977828383 Gpay/ Paytm Barcode Scan here

BANK HDFC (NIBHAV FUND)
BRANCH : DEVIDAYAL, MULUND (W)
A/C No. : 50100237778766 IFSC Code : HDFC0000652
SHREE MAA GROUP CHARITABLE TRUST NARA
આ સંસ્થાને અપાતી રકમ ઇન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80G) મુજબ રાહત પાત્ર છે.

સનાતન ધર્મ પ્રમાણે કોઈપણ વ્યક્તિના સ્વધામ ગયા પછી ગૌદાન કરવાનું કહેવાય છે. આ ભાદરવા મહિનાનો વદ પક્ષ જેને આપણે પિતૃપક્ષ પણ કહી શકીએ, જેમાં આપણે સહુ યોગ્ય રકમ પિતૃ ઋણની નોંધાવી ગૌ ઋણ/પિતૃ ઋણ ચૂકવવા પાત્ર બનીએ. આપણી નરા ગૌ શાળા વિષે જણાવવાનું કે બિમાર અને લાચાર, લુલા, પાંગળા ગૌ વંશને નિરાધાર બનાવી ત્યજી દેવાયલા ગૌ વંશની મદદ કરતી સંસ્થા - શ્રી માઁ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ, નરા ગૌશાળા અને જીવદયા કેન્દ્ર એવમ્ ગૌ મુક્તિધામ ખરા અર્થમાં પાંજરાપોળ નહી પાંગળાપોળ છે, જયાં આવા નિરાધાર ગૌ વંશની સેવા ચાકરી, જતન અને રખોપાં થાય છે. તો આવો આવી સંસ્થામાં તમારો યથા યોગ્ય ફાળો નોંધાવી તમારા પિતૃના આત્માની સદ્‌ગતિ માટે તમારા ધનનો શ્રેષ્ઠ સદુપયોગ કરી ગૌ વંશને દાન અર્પણ કર્યાનો સંતોષ પ્રાપ્ત કરો. તમારા દીધેલા દાનનો સંપુર્ણ સદુપયોગ થવાનો જ. અહીં સાથે આપેલ ટેબલ પ્રમાણે પિતૃ દીઠ, તિથિ દીઠ તમને યોગ્ય લાગે એવી રકમનું ગૌ દાન નોંધાવી શકો છો. ઓનલાઈન/ એનઈએફટી/ પેટીએમ/જીપે/ રોકડા પણ ફક્ત રકમ ટ્રાન્સફર કરતાં પહેલાં અહીં આપેલા નંબર અને નામ વાળા કોઈ પણ કારોબારી સભ્ય નો કોન્ટેક્ટ કરીને જણાવશો તો તમારા દાનની રસીદની વ્યવસ્થા થઈ શકે.

**ટ્રસ્ટ બોર્ડ**

| | |
|---|---|
| શ્રી ભરતભાઈ માવજી બારૂ (ઠક્કર) | મે. સ્થા. ટ્રસ્ટી (ચેરમેન) |
| શ્રી જયેશભાઈ ચાંપશી રૂપારેલ (જય અંબે) | (વાઇસ ચેરમેન) |
| શ્રી અશ્વિનભાઈ માધવજી ચંદન | (મંત્રી) |
| શ્રી રમેશભાઈ દેવચંદ બારૂ | (સહમંત્રી) |
| શ્રી કિર્તીભાઈ કેશવજી ઠક્કર (ઘેરાઈ) | (ખજાનચી) |

**વધુ માહિતી માટે સંપર્ક**

| | | |
|---|---|---|
| જયેશભાઈ રૂપારેલ (જય અંબે) | 9820063989 | (ટ્રસ્ટ બોર્ડ વાઇસ ચેરમેન) |
| હરેશ ગોવિંદજી આઇયા | 9821735859 | (કારોબારી પ્રમુખ) |
| કીર્તિ કેશવજી ઘેરાઈ | 9820047397 | (ટ્રસ્ટી-ખજાનચી) |
| જીગ્નેશ મુરલી દૈયા | 9322779933 | (કારોબારી મંત્રી) |
| વિજય ચોથાણી | 9324139498 | (કારોબારી સભ્ય) |
| પૂર્ણિમા ઠક્કર | 9967851535 | (મહિલા સમિતિ ઉપપ્રમુખ) |
| દક્ષાબેન ખોભડીયા | 9769997111 | (કારોબારી પ્રમુખ મહિલા સમિતિ) |
| દિપ્તી ઠક્કર | 8866297557 | (ઓફીસ સ્ટાફ) |

Click Here

# મિહિર કોટેચા દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસની ગુર્જરમાતની વિશેષ પૂર્તિનું વિમોચન



સામાજિક સેવાકીય રચનાત્મક સેવા પ્રકલ્પો સાથે સમાજ જાગૃતિ પ્રસારનું અનુપમ કાર્ય કરતા શ્રી કચ્છી લોહાણા વિશ્વ મંચ છેલ્લા એક દાયકાથી રાષ્ટ્રના વિકાસ પુરૂષ-વિરાટ રાજપુરૂષ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના જન્મ દિવસે મુલુંડના અગ્રણી સામાહિક ગુર્જરમાતની સંગાથે વિશેષ પૂર્તિનું સંકલન કરે છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના વિકાસ કાર્યોની જાણકારી આપે છે. આ પહેલ અને પ્રયાસ અત્યંત લોકપ્રિય સિલસીલો બની રહ્યાં છે. જેનું અનુકરણ હવે અન્ય પ્રિન્ટ પ્રકાશનો કરે છે.

આ વર્ષે સતત અગ્યારમા વર્ષે કાર્યક્ષમ રાજપુરૂષ, વિચક્ષણ વિશ્વ પુરૂષ અને દેશ વિદેશમાં લોકચાહના મેળવનારા ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૪મી જન્મ વર્ષગાંઠની ઉજવણીના અવસરે તેમના રાષ્ટ્ર માટેના વિકાસ કાર્યોની ઝલક આપતી વિશેષ પૂર્તિ તંત્રી જયંત છેડાના નેતૃત્વમાં તૈયાર કરાઈ. જેનું વિમોચન તા.૧૭ સપ્ટેમ્બર મંગળવારના ધારાસભ્ય મિહિર કોટેચાના હસ્તે ગુર્જરમાત તંત્રી જયંત છેડા, વિશેષ પૂર્તિ સંપાદક અને શ્રી કચ્છી લોહાણા વિશ્વ મંચના પ્રમુખ જીગર ચંદે, પૂર્તિ સહસંપાદક અને શ્રી કચ્છી લોહાણા વિશ્વ મંચના ઉપપ્રમુખ ભરત મહીધર સાથે ચંદ્રેશ મજેઠિયા, હર્ષદ રવાસીયા, જિજ્ઞેશ કોટક, મનોજ ભાઈલાલ કોટક, તરૂણ ચંદે, હિતેશ ગજરા, મિહિર ગજરાની ઉપસ્થિતમાં કરાયું. સાથે કેક કટિંગ કરાઈ જન્મદિવસના વધામણાની ખુશાલી વ્યક્ત કરાઈ હતી. ધારાસભ્ય મિહિર કોટેચાએ આ પહેલની પ્રશંસા કરી ભવિષ્યમાં પણ આ સિલસીલો જાળવી રખાય એવું સૂચન કર્યું હતું.








# ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે ફ્રી વે ઘાટકોપરથી થાણા સુધી લંબાવાશે

ટ્રાફિકની સમસ્યાને ઘટાડવા અને કનેક્ટિવિટી સુધારવા માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ની એક્ઝિક્યુટિવ કમિટીની બેઠક યોજાઈ હતી, જેમા મુંબઈ અને થાણેના મુખ્ય રસ્તાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટ માટે કોન્ટ્રેક્ટરોની નિમણુક કરવાને મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત ૫૦ કિલોમીટર કરતા વધુ લંબાઈના રસ્તાના બાંધકામ અને પહોળા કરવાના કામ કરવામાં આવવાના છે. એમએમઆરડીએના જણાવ્યા મુજબ લગભગ ૧૨,૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નવ પ્રોજેક્ટ માટે આ કોન્ટ્રેક્ટર નીમવામાં આવ્યા છે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને કારણે મુંબઈ અને થાણેના ટ્રાફિકમાં સુધારો લાવવામાં મદદ મળશે. આ પ્રોજેક્ટે કારણે મુંબઈ મેટ્રોપોલિટન રિજનના વિસ્તારોમાં કનેક્ટિવિટીમાં સુધારો થશે. એવો દાવો એમએમઆરડીએના કમિશનર સંજય મુખર્જીએ કર્યો હતો. અનેક પ્રોજેક્ટ માટે કોન્ટ્રેક્ટર નિમવાનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો છે, જેમાં મુખ્યત્વે એલિવેટેડ ઈસ્ટર્ન ફ્રી-વેને ઘાટકોપરના છેડા નગરથી થાણે સુધી આગળ વધારવામાં આવવાનો છે. ૧૨.૯૫ કિલોમીટર લંબાઈના ત્રણ બાય ત્રણની લેનનો આ રસ્તો માનખુર્દથી થાણેના આનંદ નગરને જોડશે. આ પ્રોજેક્ટ પાછળ ૨,૬૮૨ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર થાણે આનંદ નગરથી સાકેત સુધી ૮.૨૪ કિલોમીટરનો એલિવેટેડ રોડ બનાવવામાં આવવાનો છે, તે પાછળ ૧,૮૪૭.૭૨ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે.

બાળકુમથી ગાયમુખ નેશનલ હાઈવે ૩ કનેક્ટર ઘોડબંદર બાયપાસ ડીપી રોડ (થાણે-કોસ્ટલ રોડ)નું કામ હાથ ધરાશે. ૧૩.૪૫ કિલોમીટર લંબાઈનો આ રસ્તો કલવા ખાડી પરથી પસાર થવાનો છે. આ પ્રોજેક્ટનો ખર્ચ ૨,૭૨૭ કરોડ રૂપિયા છે. કાસારવડવલીથી ભીવંડીના ખારબાવ વચ્ચે ૩.૯૩ કિલોમીટર લંબાઈનો ખાડી પુલ અને રસ્તો બનવાનો છે, આ રસ્તો મલ્ટિ મોડેલ કોરિડોર, થાણેની ખાડી અને બુલેટ ટ્રેન માર્ગ જેવા મુખ્ય રસ્તાને પાસ કરવાનો છે. આ રોડ માટે ૧,૫૨૫.૩૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવવાનો છે.

Click Here

## બોલીવૂડના ઢોલકિંગ્સના તાલે, સુપ્રસિદ્ધ ગાયક-ગાયિકાઓના કંઠના કામણ સાથે

# 'થાણે રાસરંગ ૨૦૨૪'માં ખેલૈયાઓ મચાવશે રાસ-ગરબાની રમઝટ







'થાણે રાસરંગ ૨૦૨૪' ઉત્સવ આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવ દરમિયાન મહારાષ્ટ્રની સાંસ્કૃતિક ઉપરાજધાની એવા સમૃદ્ધ અને વિકસિત શહેર થાણેમાં યોજાવા જઈ રહ્યો છે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના માર્ગદર્શન હેઠળ, Credai-MCHI દ્વારા ૨૦૧૭માં શરૂ થયેલો આ કાર્યક્રમ આ વર્ષે નવી ઊંચાઈએ પહોંચશે.થાણેના હરિઓમ નગર ખાતેના ઓક્ટ્રોય નાકા પરના વિશાળ મેદાનમાં તા. ૩ થી ૧૨ ઓક્ટોબર સુધી દરરોજ સાંજે ૭ વાગ્યે માતાજીની આરતી કરી ઉત્સવની શરૂઆત થશે. અનંત ચતુર્દશીના દિવસે મંગલમય વાતાવરણમાં ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.'ક્રેડાઈ-એમસીએચઆઈ' થાણાના અધ્યક્ષ જીતેન્દ્ર મેહતાએ ભૂમિપૂજન પછી આયોજિત કરાયેલી પત્રકાર પરિષદમાં આ માહિતી આપી હતી.

ભૂમિપૂજન કાર્યક્રમમાં શિવસેનાના સાંસદ નરેશ મ્હસ્કે, માજી નગરસેવક વિકાસ રેપાળે, નમ્રતા ભોસલે, ક્રેડાઇ-એમસીએચઆઈ થાણેના અધ્યક્ષ જીતેન્દ્ર મેહતા, એમસીએચઆઈના પદાધિકારીઓ સચિન મીરાણી, ફૈયાઝ મીરાણી, અમરસિંહ ઠાકૂર, ભરત મેહતા, ભાવેશ ગાંધી, કલ્પતરૂ ડોઅર્સના વી.કે.પટેલ, કો-ઓર્ડીનેટર જય ઠક્કર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત હતા.

સતત પરિવર્તન પામી રહેલા થાણેના નાગરિક અને યુવા પેઢીના સ્પંદનોને લક્ષમાં લઈને ક્રેડાઈ-એમસીએચઆય એ આશર ગ્રુપ અને જનસેવા પ્રતિષ્ઠાનના સહકાર્યથી આ રાસ-રંગ ઉત્સવનું આયોજન કર્યું છે, જેમાં બોલીવૂડના 'ઢોલ કિંગ' હનિફ, અસ્લમ, અને ઉમેશ બારોટની ઉપસ્થિતિમાં કોકિલકંઠી ગાયિકાઓ દ્રવિતા ચોકસી ઓબેરોય, ફિરોઝ લડકા, હેલી મઝુમદાર, રૂપાલી કશ્યપના કામણગારા કંઠે ગવાયેલ ગરબાઓ ઉપર ખેલૈયાઓ મન મૂકીને રાસ ગરબા રમી શકશે. આ સાથે જ આરતી સમયે બોલીવૂડના પ્રસિદ્ધ અભિનેતા અને અભિનેત્રીઓ ઉપસ્થિત રહેશે.

લાઈટિંગની આકર્ષક અને



નેત્રદીપક રોશનાઈ અને કર્ણમધુર સંગીતના તાલે ભાવિકો પારંપરિક વેશભૂષામાં રાસ-ગરબા અને દાંડિયાનો આનંદ માણી શકશે. આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ ટીવી ચેનલ્સ અને www. rassrang.in આ વેબસાઈટ પર કરવામાં આવશે. આ ઉત્સવમાં આઈએએસ, આઈપીએસ સહિત વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે. આ દસ દિવસીય ઉત્સવમાં ૧૨ હજારથી વધુ ભાવિકોની ઉપસ્થિતિ અપેક્ષિત છે. થાણે ઉપરાંત મુંબઈ, કલ્યાણ, ડોમ્બિવલી અને ભિવંડીના ખેલૈયાઓ રાસ-રંગમાં ભાગ લેવા ખાસ પધારે છે.

વર્ષોવર્ષ ખેલૈયાઓની વધતી જતી સંખ્યાને જોતાં ક્રેડાઈ-એમસીએચઆઈ એ આ વર્ષે ૧ લાખ ચો. ફૂટના વિશાળ ગ્રાઉન્ડમાં આ ઉત્સવનું આયોજન કર્યું છે. ગરબા રમનારાઓ માટે વૂડન (લાકડાનું) ફ્લોરિંગ બનાવવામાં આવશે. સુરક્ષા માટે ૨૦૦થી વધુ બાઉન્સર્સ અને સિક્યુરીટી ગાર્ડસ, ૫૦થી વધુ સીસીટીવી કેમેરા અને આપાતકાલીન સ્થિતિ માટે ડોક્ટર સાથેનું વૈધકીય પથક તૈનાત નાખવામાં આવશે. રાસ-રંગમાં રાસ-ગરબા રમવા આવનાર ભાવિકો માટે પાર્કિંગની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. માત્ર સાર્વજનિક પરિવહન વ્યવસ્થાનો ઉપયોગ કરવાનું આવાહન કરવામાં આવ્યું છે.

તો, ખેલૈયાઓ 'રાસ-રંગ થાણે ૨૦૨૪' માં ઢોલના તાલ, કંઠના કામણ સાથે ધમાકેદાર નવરાત્રી ઉજવવા માટે તૈયાર થઇ જાવ!

પાસ મેળવવા માટે બુક માય શોની લિંક પર ક્લિક કરો: https://in.bookmyshow.com/activities/raas-rang-thane/ET00409072, સ્થળ - https://bit.ly/3MIim6q, બલ્ક બુકિંગ અને બ્રાન્ડિંગ ઇન્કવાયરી માટે કોલ:-૯૩૨૨૬૮૨૦૧૦ /૮૮૨૮૮૦૨૧૯૮, રાસ-રંગ થાણેને લાઈક કરો સબ્સ્ક્રાઇબ કરો. FB - https://bit.ly/3w5Glis, ઇન્સ્ટા - https://bit.ly/3A1g7nU, યુટ્યુબ - https://bit.ly/3ApVaoa. વધુ માહિતી માટે સંપર્ક સુમિત ગુડકા : ૯૩૨૨૬૮૨૦૧૦

## ડાયાબિટીસની સારવારમાં વ્યાયામ




*ડાયાબિટીસની સારવારના એક ભાગ રૂપે શારીરિક પ્રવૃત્તિ કે એક્સરસાઈઝ દર્દીની ઇચ્છા અને ક્ષમતાના આધારે ધીમે ધીમે શરૂ કરવી જોઈએ તેમ જ શારીરિક પ્રવૃત્તિની તીવ્રતા ચોક્કસ લક્ષ્યો માટે વ્યક્તિગત હોવી જોઈએ.*

*વ્યાયામના ફાયદા*

- *ઇન્સ્યુલિનની સંવેદનશીલતામાં સુધારો કરે છે, અને હૃદય રોગ, હાઈ બ્લડ પ્રેશર, હાડકાંના રોગો*

*અને સ્વાસ્થ્ય માટે હાનિકારક વજન વધવાનું જોખમ ઘટાડે છે*

- *દર્દીને લવચીક(flexible) અને ચપળ રાખે છે.*
- *તણાવ, અને ચિંતાને દૂર કરવામાં મદદ કરે છે અને ડિપ્રેશનને અટકાવે છે.*
- *શક્તિ અને સહનશક્તિ વધારે છે.*
- *ગાઢ ઊંઘ લાવવામાં મદદ કરે છે.*
- *ચયાપચયના દર (metabolic rate) અને પાચનમાં વધારો કરે છે*
- *શરીરમાં ચરબીનું પ્રમાણ ઘટાડે છે*
- *દર અઠવાડિયે એરોબિક પ્રવૃત્તિની લગભગ ૧૫૦ મિનિટ અથવા તેની સમકક્ષ વ્યાયામ, અને તે ઉપરાંત અઠવાડિયામાં ઓછામાં ઓછી બે વાર પ્રતિકારક તાલીમ (resistance training) અને લવચીકતા માટેની કસરતો કરવાની ભલામણ કરવામાં આવે છે.*
- *જો કસરતનો સમયગાળો દૈનિક ભલામણ કરેલ રૂટીન કરતા વધારે હોય તો ડાયાબિટીસ ધરાવતા લોકોને વ્યાયામ પહેલાં અને વ્યાયામ દરમિયાન વધારામાં ઝડપથી પચીને લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ વધારે એવા કાર્બોહાઇડ્રેટ નાસ્તાની જરૂર હોય છે*

***એકસરસાઈઝ માટે ભલામણો***

- *T2DM અને CAD વિકસાવવાની ઉચ્ચ સંભાવનાને જોતાં તંદુરસ્ત ભારતીયો માટે દર અઠવાડિયે ઓછામાં ઓછી ૧૫૦ મિનિટની શારીરિક પ્રવૃત્તિની ભલામણ કરવામાં આવે છે.*
- *૫- ૧૦ મિનિટની એરોબિક પ્રવૃત્તિ જેવી કે વોકિંગ, સ્ટ્રેચિંગ અને ધીમી ગતિએ સાઇકલ ચલાવી વોર્મ અપ કરો.*
- *વોર્મ અપ માટે ૫૧૦ મિનિટની તીવ્ર એરોબિક પ્રવૃત્તિ પછી ઓછી તીવ્રતાના કૂલ ડાઉન પીરિયડની ભલામણ કરવામાં આવે છે જેમ કે વોકિંગ, સ્ટ્રેચિંગ અને સાઇકલિંગ ઓછી તીવ્રતાની તીવ્ર પ્રવૃત્તિના સમયગાળા પછી કરવામાં આવે છે.*
- *30 મિનિટ અથવા તેથી વધુ સમય માટે મધ્યમ તીવ્રતાની એરોબિક પ્રવૃત્તિઓ જેવી કે વોકિંગ, ઝુમ્બા, સાયક્લિંગ, સ્વિમિંગ, જોગિંગ વગેરે કરવી.*
- *૧૫-30 મિનિટ માટે કામકાજ સંબંધી પ્રવૃત્તિ*
- *૧૫ મિનિટ સ્નાયુઓને મજબૂત કરવાની કસરતો (ઓછામાં ઓછા 3 વખત/અઠવાડિયે) કરવી. જીમમાં ગયા વિના તાકાત વધારવાની તાલીમ (strength training) માટેની પ્રવૃત્તિઓના ઉદાહરણોમાં પ્રતિકારક બેન્ડ (resistance bands)નો ઉપયોગ કરવો અને સ્ક્વોટ્સ, લંગ્સ, પુશ-અપ્સ, સિટ-અપ જેવા શરીરના વજનનો ઉપયોગ કરતી કસરતો કરવી. અન્ય પ્રવૃત્તિઓ કે જે સ્નાયુઓ બનાવે છે અને તેમને જાળવી રાખે છે જેમ કે બાથરૂમ સાફ કરવું, અને લાદી પોંછવી વગેરે પણ કરી શકાય.*
- *જો કે યોગ આધારિત પ્રવૃત્તિઓની અસર પ્રોત્સાહક હોય છે, તે છતાં તેમને એરોબિક કસરતને બદલે કરવી જોઈએ નહીં.*
- *શારીરિક પ્રવૃત્તિની તીવ્રતા અને સમયને માપવા માટે એક્સીલેરોમીટર, જીપીએસ યુનિટ્સ, પેડોમીટર, મોબાઇલ-આધારિત એપ્લિકેશનો અથવા ઉપકરણો જેવા મોનિટરિંગ સાધનોના ઉપયોગને પ્રોત્સાહન આપી શકાય છે.*

*તમારા ૨૪ કલાકના દિવસમાંથી એક કલાક તમારી પસંદગીની શારીરિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવા માટે કાઢો. ખાતરી કરો કે તમારો પોતાના માટેનો જ સમય(''મી ટાઈમ'')આનંદદાયક હોય. આજથી જ પ્રારંભ કરો અને તેના સ્વાસ્થ્ય લાભો મેળવો અને સુખાકારીની ઉત્તમ ભાવનાનો આનંદ માણો.*

Click Here

## ક.દ.ઓ. જૈન સમાજનું નજરાણું એટલે "પખાવાજ"

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ

# "પખાવાજ રસિકો ઉમટયા" પખાવાજ ગાયકી કાયમ રહેશે

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા એકમ-ભવન ભુજ મધ્યે સોમવાર, તા. ૯ સપ્ટેમ્બર ૨૦૨૪ ના પખાવાજ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જુદા-જુદા ૧૪ પખાવાજ મંડળોએ ભાગ લીધો હતો. દરેક મંડળોએ પખાવાજ ગીતો રજૂ કરી સૌને પ્રભુ ભક્તિમાં તરબોળ કર્યા હતા.

પખાવાજ કાર્યક્રમનાં મુખ્ય દાતા પ્રીતિબેન ડુંગરશી વિશનજી મોમાયા, (સાંયરા-આદિપુર) હાલે ભુજ, કાર્યક્રમ સ્થળે પધારતાં તેમનું ઢોલ-શરણાઇથી વાજતે-ગાજતે સ્વાગત કરવામાં આવેલ.

કચ્છનું પાટનગર ભુજ જ્યાં કે.ડી.ઓ.ના ૧૦૦ પરિવારો વસે છે. ભુજ-વર્ધમાનનગર-કોવઇનગર-માધાપર-માનકુવા મળીને એકસો ઘર છે. તે પૈકી ૭૦ પરિવારો વર્ધમાનનગરમાં વસે છે. આવા ભુજનાં પ્રાંગણે પખાવાજ કાર્યક્રમનું પ્રથમ વખત ભવ્ય આયોજન થયું. કાર્યક્રમનાં આરંભે નવકારમંત્ર અમીતા જૈન, હર્ષા જૈન, માલતી ડાઘાએ રજૂ કર્યું. ત્યાર બાદ પ્રીતિબેન મોમાયા, હીરાલાલભાઇ જીવાણી, શાંતિલાલભાઇ લોડાયા, ચન્દ્રકાન્તભાઇ ખોના, વડોદરાનાં પદમશીભાઇ મોમાયા, દીનેશભાઇ અજાણી, હરીશભાઇ મુનવર, હિતેન છેડા, ધનપતિ લોડાયા, પ્રબોધ મુનવર, દિલીપ મોતા, હીરાચંદ છેડા, તુષાર જૈને દિપ પ્રગટાવી પખાવાજ કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો.

૯૧ વર્ષીય પખાવાજ ગાયક હીરાલાલભાઇ જીવાણી તથા ૮૦ વર્ષીય પદમશીભાઇ મોમાયાનું આ અવસરે વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. શાન્તીલાલભાઇ લોડાયા, ચન્દ્રકાન્તભાઇ ખોના, હરીશભાઇ મુનવર, હિતેન છેડા, ધનપતિ લોડાયા, દીનેશભાઇ અજાણી, લલીત ખોના, ચેતન ખોના, ઉતમ મોમાયા, મહેશ એસ. નાગડા, ઉમેશ ખોના, મંગલભાઇ લાલકા, રમીલાબેન લોડાયા, જયાબેન મુનવર, જલ્પાબેન ધરમશીં, હેતલબેન મોમાયા, અમીતા જૈન, હર્ષા શાહ, માલતી ડાઘા તથા પખાવાજ ગાયકોએ પખાવાજ સ્તવનોની ભારે રમઝટ જમાવી હતી. કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનું નઝરાણું એટલે પખાવાજ. વિસરાતી ગાયકી ને ઉજાગર કરવા ભુજ મધ્યે આ ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમનાં મુખ્ય દાતા પ્રિતિબેન ડુંગરશી મોમાયાએ જણાવ્યું હતું કે, આજનો કાર્યક્રમ ઉગતી પેઢીને પ્રેરણા પૂરી પાડે છે. આજનો બાળક મોબાઇલથી રમે છે. ત્યારે શિસ્ત અને સંસ્કારો માટે આવા કાર્યક્રમો યોજવા જરૂરી છે.




બાળ તબલચી કનિષ્ક દિપેશ શાહની તબલાવાદક કલાને બિરદાવવામાં આવેલ.

શ્રીમતિ જયોતિબેન વિકમશીએ જણાવ્યું હતું કે, આયોજન શ્રેષ્ઠ છે સૌની અંતરની ભાવનાઓને બિરદાવી હતી. પખાવાજ નાં આયોજનથી સૌ માં જાગૃતિ આવી છે. તેવું જણાવ્યું હતું.

આ અવસરે માનવસેવા અને જીવદયાક્ષેત્રે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહેલા માનવજ્યોતના પ્રમુખ અને ક.દ.ઓ.જૈન મહાજનનાં પ્રમુખ પ્રબોધ મુનવરને શ્રી ક.દ.ઓ. ભુજ મહાજનશ્રી દ્વારા જ્ઞાતિરત્ન બિરૂદ આપી સન્માનપત્ર અર્પણ કરી બહુમાન કરી તેઓશ્રીની સેવાઓને બિરદાવવામાં આવેલ. તેઓને ઢોલ-શરણાઇ સાથે વાજતે-ગાજતે સ્ટેજ સુધી લઇ આવવામાં આવેલ.

શ્રી શાંતિલાલભાઇ કે. લોડાયાએ જણાવ્યું હતું કે, ભુજ મધ્યે સફળ આયોજનથી વિસરાતી પખાવાજમાં ફરી જાગૃતિ આવતા અમારી ચિંતા દૂર થઇ છે. ઘણાં બધા જ્ઞાતિજન ભાઇ-બહેનો અને ખાસ કરી યુવા પેઢી જયારે પખાવાજ સ્તવનો ગાવા આગળ આવી છે ત્યારે એવું લાગે છે કે હવે આ પખાવાજ યુવા પેઢી વર્ષો સુધી ચાલુ રાખશે. જેનો અમને આનંદ છે.

શ્રી ઉત્તમભાઇ ખેતશી મોમાયાએ કાર્યક્રમનાં શ્રેષ્ઠ અને સુંદર આયોજન બદલ ક.દ.ઓ ભુજ મહાજનની સમગ્ર ટીમને બિરદાવી હતી. પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ થયેલ કાર્યને બિરદાવ્યું હતું. તેવું જણાવ્યું હતું.

કોઠારા મહાજનશ્રીનાં ટ્રસ્ટી શ્રી દીનેશભાઇ અજાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે, પખાવાજ એ શ્રેષ્ઠ ગાયકી છે તેને જાળવી રાખવાના પ્રયત્નો વંદનીય છે. ભુજમાં પખાવાજ યોજાતાં સર્વે પખાવાજ રસીકોમાં જાગૃતિ જોવા મળી રહી છે.

તેરાનાં શ્રી કુમારભાઇ દંડ પખાવાજ કાર્યક્રમમાં પધારી ભુજ મહાજન દ્વારા થયેલ આયોજનને બિરદાવ્યું હતું. પખાવાજને કાયમી ટકાવી રાખવાનાં થઇ રહેલા પ્રયત્નોની સરાહના કરી સર્વે મંડળોને અભિનંદન પાઠવ્યા હતા.ભદ્રેશ્વર તીર્થ પેઢીનાં શ્રી ચેતનભાઇ ખોનાએ જણાવ્યું હતું કે, આપણી ભૂલાતી ગાયકીને કાયમી બનાવવાનાં થઇ રહેલા પ્રયત્નો હવે સફળતા તરફ આગળ ધપી રહ્યા છે. યુવાનો-મહિલાઓ હવે આ પખાવાજમાં જોડાતા પખાવાજ કાયમી બની રહેશે.

**પખાવાજ ગાયકીને જીવંત રખાશે.**

**સમાજનાં મહિલા ગાયકો પણ આગળ આવ્યા.**

**પુરૂષોની જેમ હવે મહિલા**







અંતરજાળ મહિલા મંડળ




અમદાવાદ પખાવાજ મંડળ




ક.દ.ઓ. જૈન મહિલા મંડળ-ભુજ




ક.દ.ઓ. જૈન મહિલા મંડળ-ભુજ

Click Here

### ક.દ.ઓ. જૈન સમાજનું નજરાણું એટલે "પખાવાજ"

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ

# "પખાવાજ રસિકો ઉમટયા" પખાવાજ ગાયકી કાયમ રહેશે



કોઠારા જૈન મહિલા મંડળ


મુખ્ય દાતાશ્રીનું સન્માન


કાર્યક્રમના સંચાલકો



કોઠારા જૈન મિત્ર મંડળ



વર્ધમાનનગર


કોઠારા મહિલા મંડળ


ગાંધીધામ યુવક મંડળ



વડોદરા પખાવાજ મંડળ



ગાંધીધામ યુવક મંડળ



શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ


છોટે તબલચી કનિષ્ક શાહ


પદમશીભાઈનું સન્માન


સુથરી પખાવાજ મંડળ


તેરા પખાવાજ મંડળ



નલિયા પખાવાજ મંડળ

**Click Here**

## ક.દ.ઓ. જૈન સમાજનું નજરાણું એટલે ''પખાવાજ''

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ

# ''પખાવાજ રસિકો ઉમટયા'' પખાવાજ ગાયકી કાયમ રહેશે

**ગાયકો પણ મંચ ઉપર**

ગાંધીધામ-ભુજ-કોઠારાનાં મહિલાઓ પણ પખાવાજ સ્તવનો ગાવામાં જોડાયા. શરૂઆત પછી પ્રેકટીશ અને છેલ્લે પુરૂષોની જેમ સ્ટેજ ઉપરથી માઇક ઉપાડી ગાયકી કરી સૌને ખુશ કર્યા.

વિસરાતા પખાવાજ સ્તવનોને ઉજાગર કરવા સતત મહેનત કરી સ્વર સાથે તાલ મિલાવ્યો. સુમધુર કંઠે પખાવાજ સ્તવનો રજુ કરી પખાવાજ રસીકોને ખુશ કર્યા.

**ગાંધીધામ-આદિપુર-અંતરજાળ**

જલ્પા ધરમશી, કાશ્મીરા લોડાયા, રૂપલ મોમાયા, જેવન્તી મૈશેરી, કવિતા ખોના, અલ્પા મોતા, અને તબલાવાદક વિપુલ છેડા એ અંતરજાળ મહિલા પખાવાજ ગ્રુપ દ્વારા પખાવાજની રમઝટ જમાવી. અને પખાવાજ ગાયકીને જીવંત રાખી. સ્ટેજ ઉપર જોરદાર પખાવાજ સ્તવનો રજુ કર્યા. ઉંચા સ્વરે-પખાવાજ સ્તવન ગાઇ સૌને ખુશ કર્યા.

**ભુજ-વર્ધમાનનગર**

જયાબેન મુનવર, હર્ષા શાહ, અમિતા જૈન, હેતલ મોમાયા, માલતી ડાઘા, ડીમ્પલ ધરમશી, લીલાવંતી છેડા, મીરલ છેડા, ધ્રુવી છેડા, રીટા મોતાએ વર્ધમાનનગર મધ્યે પખાવાજ સ્તવનોની એક મહિના સુધી પ્રેકટીસ કરી. પખાવાજ કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા. પખાવાજ સ્તવનો તાલ સાથે ગાઇ સૌને આશ્ચર્ય ચકિત કર્યા. નવી પહેલ સાથે નવી દિશા ખુલી અને કચ્છી દશા ઓશવાળ જૈન મહિલા મંડળ ભુજની પહેલ સફળતાને વરી. તલબાવાદક બાળ કલાકાર કનિષ્ક દિપેશ શાહે પખાવાજ સ્તવનોમાં તબલા વગાડી સોનું આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

**કોઠારા-કચ્છ**

રમીલાબેન લોડાયા, વિમલાબેન લોડાયા, તોરલબેન શાહનંદ, મનીષા ડાઘા, કિંજલ નાગડા, પૂજા નાગડાએ પખાવાજ ગાયકી રજુ કરી. સ્વર-તાલ મિલાવી સૈને આકર્ષિત કર્યા. પખાવાજનાં જુનાં સ્તવનો ગાઇ ભારે રમઝટ જમાવી હતી.

**માત્ર ૧૦ વર્ષની ઉંમર છતાં.... તબલાવાદક**

માત્ર ૧૦ વર્ષની ઉંમરે પખાવાજ સ્તવનોમાં તબલાવાદક કનિષ્ક દિપેશ શાહે



ભુજ પખાવાજ મંડળ



ભુજ મહિલા મંડળ




મંજલ-રેલડીયા પખાવાજ મંડળ




ભુજ મહિલા મંડળનું સન્માન



મહિલાઓની વિશાળ હાજરી



મંજલ-રેલડીયા પખાવાજ મંડળ







સાંયરા પખાવાજ મંડળ




સાંધવ પખાવાજ મંડળ



સાંયરા પખાવાજ મંડળ

Click Here

### ક.દ.ઓ. જૈન સમાજનું નજરાણું એટલે "પખાવાજ"

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ

# "પખાવાજ રસિકો ઉમટયા" પખાવાજ ગાયકી કાયમ રહેશે



પ્રબોધ મુનવરનું સ્વાગત





પ્રિતીબેન મોમાયા



દિલીપભાઈ મોતા



મહિલા આગેવાનો



તેરા પખાવાજ મંડળ



નલિયા પખાવાજ મંડળ



શ્રાવકોની વિશાળ હાજરી



હિરાલાલભાઈનું સન્માન



સાંધવ પખાવાજ મંડળ



શ્રી કુમારભાઈ દંડ



હિરાચંદભાઈ છેડા



સમાજના મહિલાઓ

Click Here

### ક.દ.ઓ. જૈન સમાજનું નજરાણું એટલે "પખાવાજ"

# ભુજ મધ્યે યોજાયો પખાવાજનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ

# "પખાવાજ રસિકો ઉમટયા" પખાવાજ ગાયકી કાયમ રહેશે





હિરાલાલભાઈનું સન્માન



તાલ સાથે તાલ મિલાવી તબલા વગાડી પખાવાજ કાર્યક્રમમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો. જેને સૌ કોઇએ અભિનંદન પાઠવી હોંશલો વધાર્યો. નાની વયે સરસ તબલા વગાડનાર કનિષ્ક દિપેશ શાહ, (પ્રબોધ મુનવરનો પૌત્ર) તબલા ઉપર જેની હાથ-આંગળીઓ અત્યારથી તબલા ઉપર સરસ રીતે વળે છે. તેને સૌએ બિરદાવી હતી. તેને રોકડ પુરસ્કાર આપ્યું હતું.

ક.દ.ઓ. જૈન યુવક મંડળ ગાંધીધામ પખાવાજ મંડળનાં હિતેન છેડા, અનીશ લોડાયા, વિરાજ છેડા, સાગર લોડાયા, ભરત મોમાયા, વિપુલ છેડાએ પખાવાજની ભારે રમઝટ જમાવેલ.

વધાઇ હીરાચંદ નાગશી લાપસીયાએ સંગીતનાં સૂરો સાથે રજુ કરેલ. અને આખા કાર્યક્રમમાં હારમોનિયમ વગાડી સાથ આપેલ.

હીરાલાલભાઇ જીવાણી-કોઠારા, શાન્તીલાલભાઇ લોડાયા, ચન્દ્રકાન્તભાઇ ખોના, પદમશીભાઇ મોમાયા-વડોદરા, હરીશભાઇ મુનવર, મુલચંદભાઇ મોમાયા, હીરાચંદ લાપસીયા, લહેરચંદભાઇ સાયલા-અમદાવાદ, હીરાચંદભાઇ મૈશેરી- હુંબલી, ગોવિંદજી પટેલ, જવેરચંદ ખોના, ઉમેશ ખોના, પ્રકાશ લોડાયા-સાંધવ, કુમારભાઇ દંડ-તેરા, ઉતમભાઇ મોમાયા-સાંયરા, સોમચંદભાઇ ધરમશી-ગુણપુરી, દીનેશભાઇ અજાણી, ધનપતિ લોડાયા, લહેરચંદ લોડાયા, દેવેન્દ્ર જીવાણી, મુલચંદ મુનવર,વીરચંદ મૈશેરી,મહેશ જે. શાહ, જયંત જે. શાહ,દિપક નાગડા-કોઠારા, પ્રેમચંદભાઇ દંડ, નવીનભાઇ દંડ-લાલા, ચેતન ખોના, ખુશાલ ડાઘા, મોનીક ડાઘા, ભાવીક ડાઘા-ભદ્રેશ્વર, મંગલ લાલકા, રાજેશ વોરા, બીપીન સાયલા, કીરીટ મારાજ, સતુભાભાઇ, ધીરજભાઇ ગોશર, જીતેન્દ્ર ગોર, શ્યામ સાયલા-મંજલ, લલીત ખોના, મહેશ એસ. નાગડા-નલીયા,હિતેન છેડા,વિપુલ છેડા-ગાંધીધામ, મુલચંદ દંડ, અનિલ ગાલા-તેરા, કલ્યાણજીભાઇ ડાઘા, ખુશાલ ખોના, વસંત પીર-સુથરી, ઝવેરચંદ ખોના, મનીષ ધરમશી-વર્ધમાનનગર, ડોલર લોડાયા-બાંડીયા, વસંત મારાજ, કિશોર મારાજ, તથા ભાઇઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રિતિબેન મોમાયા, અનીલાબેન વિકમશી, જયોતિબેન વિકમશી, જયાબેન મુનવર, જયુબેન શાહ, જીનાલી મુનવર, રમીલાબેન લોડાયા, વિમલાબેન લોડાયા, તોરલબેન શાહનંદ, ગુણવંતીબેન મોતા, ખમ્માબેન લોડાયા, સુશીલાબેન દંડ, મીનાબેન જીવાણી, લતાબેન ધરમશી, અમીતા જૈન, હર્ષા શાહ, હેતલ મોમાયા, ભુમિકા લોડાયા, દમયંતીબેન મોતા, જયશ્રીબેન જીવાણી, ડીમ્પલ ધરમશી, માલતી ડાઘા, કાન્તાબેન મુનવર, સંગીતાબેન નાગડા, ગીતાબેન લોડાયા, રચનાબેન વિકમશી, ઇરાબેન વિકમશી, નયનાબેન મુનવર, નીરૂપમાબેન લોડાયા, જીજ્ઞાબેન લોડાયા, લેખાબેન લોડાયા, ગીતાબેન ડાઘા, દિપ્તીબેન મોતા, લીલાવંતીબેન મુનવર, લીલાવંતીબેન છેડા, અરૂણાબેન પોલડીયા, રાખીબેન ખોના, લતાબેન ખોના, જયશ્રીબેન ખોના, હેમલતાબેન ડાઘા, હિતાન્શી મોમાયા તથા વિશાળ સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રબોધ મુનવર, દિલીપ મોતા, હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, હરીશ લોડાયા, તુષાર જૈન, રાજેન્દ્ર વી. શાહ, અનીલ શાહ, કલ્યાણજીભાઇ ડાઘા, હેમંત મોમાયા, મુલચંદ મુનવર, ખુશાલ ખોના, અભય ધરમશીં, ખુશાલ કે. લોડાયા, પંકજ નાગડા, હીરેન પોલડીયા, ફેનીલ લોડાયા, દીપેશ શાહ, જીગેશ મુનવર, ઉદય વિકમશી, હેમંત વિકમશી, યશ વિકમશી, દિવેશ મુનવર, કાન્તીલાલ પોલડીયા, મહેશભાઇ સી. લોડાયા, ખુશાલભાઇ નાગડા, હરીશ મૈશેરી, દિલીપ સાયલા, વિનય હેફા, વિશાલ હેફા, જય લાપસીયા, પ્રદીપ દંડ, કલ્યાણજીભાઇ ડાઘા, લલીત ડાઘા, અનીલ ડાઘા તથા ભુજ સમાજના ભાઇ-બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

મોડી રાત સુધી ચાલેલા કાર્યક્રમને સમાજવાસીઓએ ઉપસ્થિત રહીને માણ્યો હતો. અને પખાવાજ મંડળોને જોરદાર આવકાર આપ્યો હતો. પખાવાજ કાર્યક્રમનું જીવંત-પ્રસારણ (લાઇવ) કરવામાં આવતાં દેશ-વિદેશમાં રહેતા ૩૮૬૨ પખાવાજ રસીકો અને જ્ઞાતિજનોએ ઘેરબેઠા કાર્યક્રમ નિહાળ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવર તથા હીરાચંદ છેડાએ જયારે આભાર દર્શન દિલીપ મોતા, મહેન્દ્ર લોડાયાએ કરેલ.

વ્યવસ્થામાં હિરાચંદ છેડા, તુષાર જૈન, અભય ધરમશી, નીરવ મોતા, હિમાન્શુ મોતા, રાકેશ ધરમશી, યશ નાગડા, દર્શન જીવાણી, હર્ષ છેડા, ધવલ છેડા, ફેનીલ લોડાયા, જીગેશ મુનવર, દિપેશ શાહ સૌએ સાથે મળી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.જયારે રસોડાની વ્યવસ્થા દિલીપ મોતા, હરીશ લોડાયા, તુષાર જૈને સંભાળી હતી.

**કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિના નીચે મુજબ મંડળોએ પખાવાજ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.**

૧. ક.દ.ઓ. જૈન મહિલા મંડળ- ભુજ, ૨. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ- સાંધવ, ૩. શ્રી ક.દ.ઓ. અંતરજાળ મહિલા મંડળ આદિપુર-ગાંધીધામ, ૪. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ- તેરા,૫. શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ-કોઠારા, ૬.શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ-નલીયા, ૭. શ્રી કોઠારા જૈન મહિલા મંડળ કોઠારા, ૮. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ-સાયરા, ૯. શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ-ગાંધીધામ, ૧૦.શ્રી ક.દ. ઓ. જૈન પખાવાજ મંડળ-ભુજ, ૧૧. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ-વડોદરા, ૧૨. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ-અમદાવાદ, ૧૩. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ-મંજલ રેલડીયા, ૧૪. શ્રી ક.દ.ઓ. જૈન પખાવાજ મંડળ-સુથરી

સૌનો આભાર
શ્રી ક.દ.ઓ. જૈન મહાજન
ભુજ-કચ્છ.



યાદગાર તસ્વીર



સુથરી પખાવાજ મંડળ

Click Here

# મારા ડાયરીના થોડા પાનાં : 'ડિપ્રેશન ગાંડપણ નથી એ બીમારી છે' આ વાત ૨૦ વરસ અગાઉની છે




આજના સમયમાં જે રોગોથી માણસ પરેશાન થયો છે. તેમનો એક રોગ ડિપ્રેશન છે. ડિપ્રેશન શા માટે આવે છે એ માણસની સામાજીક, આર્થિક, અને કૌટુંબિક સમસ્યા પર અવલંબે છે. અતિ વૈભવ અને પ્રમાદમાં રહેનાર માણસ મોટા ભાગે ઘમંડી અને અભિમાની હોય છે. તે કારણે એ મિત્રો અને સમાજથી વિખૂટો પડી જાય છે. તે એકલવાયો થઈ જાય છે. ડિપ્રેશનથી દૂર રહેવા માટે બ્રિટનના મહાન ચિંતનકાર વિદ્વાન રસેલ જણાવે છે કે, તમે જે વિચાર ધારામાં માનતા હો એવા મિત્રો જ શોધી કાઢો.

એમની સાથે વિચાર વાર્તાલાપ કરો જેનાથી તમને આનંદ અને સંતોષ થશે ભલે એ વિચારો સાથે સમાજ સહમત ન થાયે તો પણ તમે તમારા વિચારોમાં મક્કમ રહો. તેમાંથી તમારો આત્મવિશ્વાસ વધશે અને ડિપ્રેશનથી તમે દૂર રહી શકશો. ડિપ્રેશન એક રોગ છે. જેમ માણસને તાવ, શરદી, કફ, જેવા બીજા રોગો થઈ આવે છે. ત્યારે માણસ ડૉક્ટરની સલાહ લઈ દવા કરે છે. તેમ ડિપ્રેશન એક રોગ છે. એવા માટે માનસ શાસ્ત્રી (Psychiatrist) સાઈકિયાટ્રિસ્ટની સલાહ લેવી એજ શ્રેષ્ઠ ઉપાય છે અને તેની સલાહ મુજબ દવા લેવી.

ડિપ્રેશન રોગને હજી સમાજ એને રોગ તરીકે માનતો નથી. તમે સાઈકિયાટ્રિસ્ટ દવા લ્યો તો માણસ સમજે છે. તમે પાગલ (ગાંડા) થઈ ગયા છે. વાસ્તવિકતાને સ્વીકારીને સાઈકિયાટ્રિસ્ટ પાસે જવું એજ ઉત્તમ છે. નહી તો રોગ વકરે છે. ત્યારે માણસ પોતાનાથી કંટાળી જાય છે. એને ક્યાં પણ ચેન પડતું નથી. આ રોગના બીજા લક્ષણોમાં ભૂખ ન લાવવી. પોતાના મનગમતા વિષયો પર વિવેચન થાય તેનાથી કંટાળો આવે. અવાજ ટી.વી.નો કે રેડીયો ન ગમે સેક્સની લાગણી ન થાય. એક ઠેકાણે થી બીજા ઠેકાણે સતત ફરવા કરવું. રાતના ચેનથી સૂઈ ન શકાય રાતભર માત્ર કરવટે બદલયા કરવું. આ રોગ વકરે ત્યારે માણસને આત્મહત્યા કરવાનું મન થાય છે. જીંદગીથી નાસીપાસ થઈ જાય છે અને એને સતત ભાસ થાય કે જીવનમાં હું બીજા માટે બોજરૂપ છે. પોતે આત્મ વિશ્વાસ ગુમાવી બેસે છે.

આ પરિસ્થિતિનો મેં પણ સામનો કર્યો છે. ઉપર લખેલ કે અનુભવ મારા મિત્ર ચંદ્રકાંતભાઈ ગોગરી જણાવે બીજે દિવસ થાણામાં પ્રખ્યાત સાઈકિયાટ્રિસ્ટ ડૉ.આનંદ નાડકર્ણી પોતાની સાથે મને લઈ ગયા. સાઈકિયાટ્રિસ્ટની સૂચના મુજબ પંદર દિવસ દવા લીધી છે. ત્યાર પછી હું આ બીમારથી મુક્ત થયો હતો. આજે માણસ સતત ટેન્શનમાં રહે છે. આજનું હવામાન અને તાણભરી જીંદગીથી માણસ કંટાળી ગયો છે. જીવન એક જ રફતારથી જીવતા હો છે. ત્યારે તેમાં પરિવર્તન લાવવું આવશ્યક છે. તેના માટે સત્સંગ એ શ્રેષ્ઠ ઉપાય છે. સંત્સંગ એક ઉપચાર પધ્ધતિ છે.

હિતોપદેશમાં કહ્યું છે કે સંતા સંગોહિ જોબષમાં સંત્સંગ એ શ્રેષ્ઠ દવા છે. સંત્સંગ અને પ્રવચન કરવા વાળાની વાતો આપણે ધ્યાનથી સાંભળીએ છીએ. તેનાથી આપણી એકાગ્રતાનો વિકાસ થાય છે. જેમ જેમ આપણે ધ્યાન અને મેડિટેશનની સ્થિતિમાં પહોંચી છીએ. ધ્યાન, મેડિટેશન અને એકાગ્રતાની ક્રિયા એક બીજાની પૂરક છે.

હકીકતમાં આપણો ઉદ્દેશ એ જ હોય છે કે મનની ચંચળતાથી દૂર રહીએ. એની ચંચળતા સમાપ્ત કરીએ. મન પર જેટલું તમે નિયંત્રણ કરી શકશો એટલો જ તમને લાભ થશે. ધ્યાનથી સાંભળવું અને માત્ર સાંભળવું એ એક જ સિક્કાની બે બાજુઓ છે. માત્ર સાંભળવું એટલે શબ્દોની ધ્વની તમારા કાન સાથે ટકરાય છે. પરંતુ મન પર એની કોઈ પ્રતિક્રિયા થતી નથી. જ્યાં સુધી એ શબ્દોની ધ્વનિ તમારા મનમાં કોઈ વિચાર શક્તિ જાગૃત કરતી નથી ત્યાં સુધી સાંભળવું નહી બરાબર છે. જ્યારે આપણે ધ્યાનથી સાંભળીએ છીએ ત્યારે મન જાગૃત થઈ જાય છે.

અગર તમે રૂચિ વગરની વાતો પણ ધ્યાનથી સાંભળશો અને એ સાંભળવાની આદત પાડશો તો તમારી ધ્યાન સાધનાની એકાગ્રતા માટેની શરૂઆત માટે એક પાયો વિકસિત થશે. સંત્સંગ, પ્રવચન કે આધ્યાત્મિકની સાથે સાથે જેમાં સારી ચર્ચાના વિષયો હોય એ બધી તમારા જીવનમાં આમુલ પરિવર્તન માટેની તકો નિર્માણ કરે છે. આખરે માણસ પોતાની જીંદગી સુખમય અને શાંતિપૂર્ણ રીતે જીવવા ઈચ્છતો હોય છે. એક જ રફતારથી ચાલતી પ્રવૃત્તિઓની માણસ જીવનની એક બાજુ જોઈ શકે છે. માણસે એકલા રહીને પોતાની પ્રવૃત્તિઓ પોતાના વિચારોનું મૂલ્યાંકન કરવું જોઈએ. માણસ પોતાનો ન્યાય પોતે તોળવો જોઈએ. તે જોવાની સૂક્ષ્મ દ્રષ્ટિ કેળવવી જોઈએ.

મારા એક મિત્ર સ્વર્ગવાસી અશોક વૈરાગ એક સર્વોદય વિચાર શ્રેણી માનવા હતાં. એ મરાઠી પેપર લોકસત્તા ઉપસંપાદક હતાં. તેમની સાથે ત્રણ, ત્રણ વખત વિશ્યપની ઈગતપુરીમાં શિબિરનો લાભ મેળવ્યા હતો. એનાથી એક લાભ એ મળ્યો કે મને એકાંતપણું પણ લાગતું નથી.

# ત્રિશલા નંદન વીર કી જય બોલો મહાવીર કી



**સંગિની સૌરભ**
**સંકલન - હિના પારેખ**
**મો.૯૯૬૭૪૫૯૫૧૫**
- બીના કીર્તિ શાહ



શ્રી વીર પ્રભુ મહાવીર ના સિધ્ધાંતો ૨૧ મી સદી ના સવાલોનો જવાબ છે.

મહાવીર જન્મ કલ્યાણક ધર્મના અનુયાયીઓ માટે પવિત્ર દિવસ ગણાય છે. આ દિવસને તેઓ તહેવાર તરીકે મનાવે છે. આ દિવસને વીર તેરસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે જૈન ધર્મના ચોવીસમા તેમજ છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીનો જન્મ થયો હતો. એમનો જન્મ ભારતીય વૈદિક પંચાગના વિક્રમ સંવત મુજબ ચૈત્ર સુદ તેરસના દિવસે થયો હતો.મહાવીર સ્વામી અર્થાત્ ''મહાન નાયક કે અતિ બહાદુર'', એ નામ સામાન્ય રીતે જૈન તીર્થંકર ''વર્ધમાન''ના સંદર્ભમાં વપરાતો શબ્દ છે જેઓ ઈ.પૂ.૫૯૯-૫૨૭ દરમિયાન થઈ ગયાં. વિહરમાન જૈન સિદ્ધાંતોનો પાયો તેમણે નાખ્યો છે. જૈન પરંપરા પ્રમાણે તેઓ ૨૪મા અને અંતિમ તીર્થંકર હતાં. તમિળ ભાષામાં તેમને અરુકાણ અથવા અરૂકાદેવન કહે છે. ગ્રંથોમાં તેમનો ઉલ્લેખ વીર કે વીરપ્રભુ, સન્મતિ, અતિવીર, અને જ્ઞાત પુત્ર તરીકે પણ થયો છે.

આ દિવસે ભારતમાં રાષ્ટ્રીય સ્તરે જાહેર રજા હોય છે.

પરમાત્મા મહાવીર નો પાવન પથ અહિંસા અને અનુકંપા જૈનધર્મની અનુકંપાના વિષયવિસ્તારમાં નાનામાં નાના જીવોને પણ આવરી લેવાયા છે.

માનવ સમાજને અહિંસક સંસ્કૃતિની અને સહઅસ્તિતત્વની ભેટ આપનાર જો કોઈ ધર્મ હોય તો તે પ્રભુ મહાવીર સ્વામીના સિદ્ધાંતને અનુસરતો જૈન ધર્મ જ છે. આજના યુગને અને આવતી કાલના વિશ્વને આવી ભાવનાની વિશેષ જરૂર છે. આજે જગતમાં આંતકવાદ અનેક વિધ સ્વરુપે ફેલાયેલો છે. ત્યારે આ અહિંસા દ્વારા જ માનવ જાતને ઉગારી શકાય, આજે દુનિયા પ્રદુષણથી ઘેરાઈ છે. વૃક્ષોના નાશે માનવીને દુષ્કાળનો શ્રાપ આપ્યો છે. પ્રાણીઓની અમુક જાતો નષ્ટ થઈ ગઈ છે ત્યારે જૈન ધર્મની જયણાને સંભારવા જેવી છે.

સમાજ સેવા માટે સંવેદનશીલતા અનિવાર્ય છે. આ સંવેદનશીલતા એટલે જ અનુકંપા. આજની પરિસ્થિતિ જણાવે છે. આ અનુકંપા દાનની સાધર્મિક ભક્તિની અને ખરેખર જૈન સમાજ આ સેવાઓમાં જોતરાયલો છે. સંપૂર્ણ વિશ્વદાનની ગંગા ઓ વહી રહી છે. અને એજ પ્રભુના પથ પર અમારી જૈનો એ અનુકંપા દાનની ગરિમા જાળવતા શાસનની સતત સાથે ઉભા રહ્યા છે

સમગ્ર વિશ્વએ ષડ જીવનિકા ય જીવંત જીવસૃષ્ટિ છે. ૨૧ મી સદીમાં માનવજાતે પ્રકૃતિનું ભયંકર શોષણ કરી મૂંગી જીવસૃષ્ટિનો કચ્ચરઘાણ કર્યો છે. આજે કરોડોની સંખ્યામાં પશુઓની કતલ માત્ર માનવીઓના ખોરાક માટે થઈ રહી છે. ધરતીકંપ, વાવાઝોડા, અનાવૃષ્ટિ જેવા પ્રકૃતિના ઉપદ્રવોથી જો માનવજાતને બચાવવી હોય તો પૃથ્વીને પાટલે અમારિપડહની જરૂર છે. અહિંસા પરમો ધર્મ, અહિંસા પ્રથમો ધર્મ, અહિંસા પ્રભવો ધર્મ '' એ માનવ સંસ્કૃતિનું સુરક્ષા સૂત્ર છે. જેનો અનાદર સ્વયં ના વિનાશને નોતરશે.

અહિંસા એ જૈન ધર્મનો પાયો છે. અને પ્રથમ મહાવ્રત છે. બધાં જીવોની સમાનતાના સિધ્ધાંત માંથી અહિંસાનો આવિષ્કાર થયો છે. સર્વ જીવ જીવવા ઈચ્છે છે. કોઈને મરવું ગમતું નથી. હિંસા કરવાના વિચારથી જ કર્મબંધ થાય છે. આથી જૈનધર્મમાં હિંસા અને અહિંસા એ કર્તાના ભાવ પર આધારિત છે. જયાં પ્રમાદ છે ત્યાં નિત્ય હિંસા છે. અસત્ય વાણી અને વર્તન એ હિંસા છે. બીજાને આધાત આપવો કે ભ્રષ્ટાચાર કરવો એ પણ હિંસા છે. વળી ભગવાન મહાવીરની અહિંસા એ માત્ર મનુષ્ય પુરતી જ મર્યાદિત નથી પણ પ્રાણીમાત્રને આવરી લે છે, અને જીવનની એકતામાં માને છે. જે પ્રાણી પ્રત્યે ઘાતકી થાય તે મનુષ્ય પ્રત્યે પણ ઘાતકી થઈ શકે છે. ક્રુરતા એ માત્ર બાહ્ય આચરણ નથી, પરંતુ આંતરિક દુર્વૃતિ છે. જેના હૃદયમાં ઘાતકીપણું હશે તે પ્રાણી હોય કે મનુષ્ય સહુ પ્રત્ય ઘાતકી વર્તન જ કરશે. ૨૧મી સદીમાં માનવી એટલો ઘાતકી બન્યો છે કે પોતાની નવી બંદુક બરાબર ચાલે છે કે નહીં તે જોવા થોડાક લોકોને ગોળીથી ફૂંકી દેતા એનું રૂંવાડુંય ફરકતું નથી. આમ માનવીના જીવનમાં એના આહારમાં તેમજ અખબાર, ટી.વી., કે સિનેમા જેવા સમૂહ માધ્યમો થી. હિંસાવૃત્તિને ઉશ્કેરતાં પુસ્તકોથી એનું ચિત્ત હિંસાથી ખદબદે છે. ત્યારે જૈન ધર્મમાં પ્રભુ મહાવીરે પ્રબોધેલી અહિંસાની ભાવના પથ-દર્શક બને. જેના હૃદયમાં કરૂણા હશે એ બધાં પ્રાણી કરુણા ભર્યું વર્તન કરશે જૈન ધર્મમાં પ્રભુ મહાવીરે પ્રરૂપેલી આ અહિંસાની કુંચી અઢી હજાર વર્ષ પછી મહાત્મા ગાંધીને મળી અને એમણે એની તાકાત બતાવી આપી. અહિંસાના આ સૂત્રને વ્યક્તિગત જીવનમાં આવતી સદીના પ્રત્યેક માનવીએ ઉતારવાનું રહેશે. જૈનધર્મ એ અખંડિતતા, સમગ્રતાનો આગ્રહ સેવે છે. ખંડિત નહી પણ અખંડિત આચરણ અને ભાવનાનો આ ધર્મ છે,


પ્રભુ વીરે આપેલી અહિંસાના આચારની દ્રષ્ટિમાંથી જૈન ધર્મની આહાર સબંધી ઊંડી વિચારણા પ્રગટે છે. ૨૧મી સદીમાં જૈનધર્મની સાથે સાથે અહિંસા શબ્દ બહુ વ્યાપક બન્યો છે, અને તેની વ્યાપકતાનું શ્રેય પ્રભુ વીરને અપાય. પ્રભુ વીરે પોતાના જીવન દ્વારા વિશ્વને અહિંસા અને ક્ષમા ભાવના બે મજબૂત પરિબળ બતાવ્યા. જીવનમાં આ બે પરિબળ હોય તો દેશ, સમાજ, પરિવાર અને સ્વયં અવશ્ય સુખી બની શકે. અહિંસા અને ક્ષમા પરસ્પર સંકળાયેલા છે અહિંસાને માનનાર વ્યકિતની વાણી વર્તન વિચાર કયારેય બીજાને દ્વેષભાવ ઉત્પન્ન કરે તેવા ન હોય. રાગ દ્વેષ વગેરેની અનુત્પત્તિ જ અહિંસા છે એની ઉત્પત્તિ હિંસા છે.

Click Here

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**


JHUMEGI RAAT...
RAAS RANG KE SATH...
CREDAI-MCHI THANE
ASHAR
Presents
THANE
રાસ રંગ
2024
03-12 October 2024
7 PM to 10 PM
Bollywood Dhol King
Hanif Aslam
with
Umesh Barot
FIROZ LADKA
HELI MAJMUDAR
RUPALI KASHYAP
DRAVITA CHOKSI OBEROI
THIS YEAR VENUE
OCTROI GROUND KOPRI THANE,
NEAR HARIOM NAGAR, EASTERN EXPRESS HIGHWAY, THANE (W)
SCAN HERE TO BOOK YOUR TICKETS
For Sponsorship & Passes
9322682010/8828802198
SCAN FOR LOCATION
Tickets Available On book my show
www.raasrang.in
Supported By
Media Partner
Door Partner
Live Telecast On
Outdoor Partner
Event Partner
Event Live Broadcasters
जनसेवा
BRIGHT
BLING SQUARE EVENTS
HOME CABLE
hathway
RAJESH DIGITAL
DEN

Click Here


શ્રી નરેન્દ્ર મોદી જન્મદિવસ શુભેચ્છા વિશેષ પૂર્તિ ૨૦૨૪
ગુર્જરમાત
74
BIRTHDAY
વડાપ્રધાન
શ્રી નરેન્દ્ર મોદીજીને
૭૪મા જન્મદિવસની
હાર્દિક શુભેચ્છા

**Click Here**



17 Sept.

મારા માટે ધર્મ કામ માટેની નિષ્ઠા છે
નિષ્ઠાપૂર્વક કામ કરવું એ ધાર્મિક્તા છે
- નરેન્દ્ર મોદી

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છા



## JIGAR ANAND & CO
HOUSE FOR TARPAULINS

Holistic Development of farmers is our aim
Wide range of different products of Tarpolin of high quality




**Jigar Chande**



**Office :** Gala No. 4 & 6, Shree Digvijay Mahuli Society, Thane Bhiwandi Road, Kopar, Bhiwandi, Dist. Thane.

**Godown :** G/3, Jay Bhagwan Complex, Near Choudhary Compound, Thane Bhiwandi Road, Purna, Bhiwandi. Dist. Thane

**Email :** jigarchande@gmail.com
**Call :** +91 961 908 0623 | +91 932 494 3239

Click Here

# વિઝનરી નેતૃત્વના પથદર્શકઃ નરેન્દ્ર મોદીને જન્મદિવસ નિમિત્તે હૃદયપૂર્વક શુભેચ્છાઓ



તંત્રીસ્થાનેથી
જયંત છેડા

૧૭મી સપ્ટેમ્બરના રોજ જેમનો જન્મદિવસ ફક્ત ભારતના જ નહીં પરંતુ વિશ્વભરમાં વસેલા ભારતીયો સહિત અનેક રાષ્ટ્રોના નાગરિકો ઉજવી રહ્યા છે ત્યારે ગુર્જરમાતની લોકપ્રિય પૂર્તિઓની ઉજ્જ્વળ પરંપરા અંતર્ગત આ ૧૨મી 'નરેન્દ્ર મોદી જન્મદિવસ શુભેચ્છા વિશેષ પૂર્તિ'માં સૌ પ્રથમ આ મુઠ્ઠી ઊંચેરા રાજકીય નેતા જ નહીં પરંતુ એક મુઠ્ઠી ઊંચેરા માનવીના બહુપરિમાણીય વ્યક્તિત્વની અને વડાપ્રધાન તરીકે તેમણે છેલ્લા ૧૦થી પણ વધુ વર્ષથી મેળવેલી સિદ્ધિઓની ઝલક મેળવીશું. આશા છે ગુર્જરમાતની અન્ય પૂર્તિઓની જેમ આ પૂર્તિને પણ વાચકો વધાવી લેશે. ગુજરાતમાં વડનગર જેવા નાનકડા રેલ્વે સ્ટેશન પર ચા વેચવાથી લઈને ગુજરાત રાજ્યના સતત ત્રણ વાર મુખ્ય પ્રધાન તરીકે ચૂંટાઈને ગુજરાતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર મુખ્યપ્રધાન તરીકે રાજ્યના કુશળ વહીવટ અને વિકાસનું 'ગુજરાત મોડેલ' સ્થાપિત કર્યું. ત્યારબાદ રાષ્ટ્રીય સ્તરે ૨૦૨૪માં સતત ત્રીજી ટર્મ માટે ફક્ત ભારતના વડપ્રધાનપદના જ શપથ નથી લીધા પરંતુ ભારતને એક સશક્ત, સમૃદ્ધ અને આત્મનિર્ભર રાષ્ટ્ર બનાવવાના શપથ લીધા છે. આ શપથને પૂર્ણ કરવા માટે આ રાષ્ટ્રવાદી યોદ્ધા દિવસના રાષ્ટ્રના સર્વાંગી ઉત્થાન માટે દિવસના ૧૮ કલાક કાર્યરત રહે છે. ભારતને સશક્ત રાષ્ટ્ર બનાવવા માટેનું તેમનું વિઝન આવનારા પાંચ-દશ વર્ષ નહીં પરનું છેક ૨૦૪૮ સુધી વિસ્તરેલું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માત્ર રાજકીય નેતા તરીકે નહીં, પરંતુ એક વિઝનરી અને પ્રેરણાદાયક વ્યકિતત્વ તરીકે અનોખું સ્થાન મેળવ્યું છે. તેમના જન્મદિન પર આ શુભેચ્છા પૂર્તિ દ્વારા તેમની જીવનયાત્રાની વિશેષ સમીક્ષા કરવાનો સમય છે, જેમણે પોતાની અનન્ય કામગીરી અને દેશપ્રેમથી માત્ર ભારતને જ નહીં, પરંતુ આખી દુનિયાને પ્રભાવિત કરી છે. પ્રારંભિક દિવસો અને જીવન સંઘર્ષઃનરેન્દ્ર મોદીના જીવનની શરૂઆત અત્યંત સામાન્ય રીતે થઈ હતી. ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦ના રોજ ગુજરાતના વડનગરમાં જન્મેલા મોદી એક ગરીબ પરિવારના સંતાન હતા. તેમના પિતા દામોદરદાસ મોદી રેલ્વે સ્ટેશન પર ચા વેચીને જીવન ગુજારતા હતા,અને નરેન્દ્રભાઈએ પિતાને આ કામમાં મદદ કરીને પોતાના જીવન સંઘર્ષનો પ્રારંભ કર્યો. તેમણે બાળપણથીજ પોતામાં ત્યાગ, સંયમ અને કારકિર્દી માટેની જિજ્ઞાસા વિકસાવી જે એમને ભવિષ્યમાં અનેરી ઊંચાઈએ લઈ ગઈ.

**પ્રધાનમંત્રી તરીકે ઉત્કૃષ્ટ યાત્રા :** ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ નરેન્દ્ર મોદીને પ્રધાનમંત્રી પદના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા અને ભાજપે મોટી જીત મેળવી. વડાપ્રધાન પદે તેમની પહેલી ટર્મમાં મેક ઇન ઇન્ડિયા, સ્વચ્છ ભારત અભિયાન, જન ધન યોજના અને ડિજિટલ ઇન્ડિયા જેવા અભિયાનો દ્વારા દેશને નવી દિશામાં આગળ વધારવામાં આવ્યો. આ સમય દરમ્યાન નરેન્દ્ર મોદીનું નેતૃત્વ ભારતને વૈશ્વિક સ્તરે મજબૂત સ્થાન પર લાવવાની દિશામાં કાર્યરત રહ્યું. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં તેમના નેતૃત્વ હેઠળ ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી. પ્રધાનમંત્રી તરીકેની બીજી ટર્મ દરમ્યાન તેમણે ઉદ્યોગ, વિકાસ, કૃષિ, આંતરરાષ્ટ્રીય સંબંધો અને સુરક્ષા ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપ્યું. આત્મનિર્ભર ભારત અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા જેવા નિર્ણયો દ્વારા તેમણે દેશની એકતા અને અખંડિતતા પર ભાર મૂક્યો. આ કાર્યકાળ દરમ્યાન સમગ્ર વિશ્વમાં કોવિડ-૧૯ની મહામારી ફેલાઈ. સંકટોને સફળતામાં ફેરવામાં માહેર એવા મોદીએ દેશમાં જ વેક્સિનના ઉત્પાદનને પ્રોત્સાહન આપીને ભારતના ખૂણે ખૂણે રસીકરણની વ્યવસ્થા કરી, એટલું જ નહીં અનેક દેશોને વિનામૂલ્ય વેક્સિન આપીને તેમની સાથે 'વેક્સિન મૈત્રી' સ્થાપિત કરી. વૈશ્વિક દ્રષ્ટિ અને નિડર નેતૃત્વઃઆજના ગ્લોબલાઇઝ્ડ વિશ્વમાં નરેન્દ્ર મોદીએ ભારતની આંતરરાષ્ટ્રીય છબીને મજબૂત કરી છે. યુ.એસ., રશિયા, ચીન, ઇઝરાયેલ જેવા મોટા દેશો સાથે મજબૂત સંબંધો બાંધીને, તેમણે વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ભારતનું સ્થાન મજબૂત કર્યું. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં G20 જેવા ફોરમ પર ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા પણ નોંધપાત્ર રહી છે. તેમની દીર્ઘદ્રષ્ટિ અને દેશ માટેના નીતિ નિર્માણના મજબૂત નિર્ણયો તેમનામાં રહેલા નિડર નેતૃત્વને દર્શાવે છે. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ, લેફ્ટ સહિતના ઈન્ડી ગઠબંધન દ્વારા અનામત અંગેના ભ્રામક તેમ જ છેતરામણી લાલચો અને ખોટા નેરેટીવ દ્વારા કરવામાં આવેલા પ્રચારને કારણે ભાજપની બેઠકોમાં ઘટાડો થયો છતાં તે સૌથી મોટા પક્ષ તરીકે ચૂંટાઈ આવ્યો. તેનાથી નાસીપાસ થયા વિના NDAના સાથી પક્ષોના ટેકાથી મોદીજી તેમની ત્રીજી ટર્મમાં પણ CAAનો અમલ અને વક્ફ એક્ટને રદબાતલ જેવા પગલાં હિંમતપૂર્વક ભરી રહ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જીવનયાત્રા એક એવો માર્ગ દર્શાવે છે જે સંઘર્ષોથી ભરેલો હોવા છતાં અવિરત મહેનત અને પ્રતિબદ્ધતા દ્વારા ઊંચાઈઓ સુધી પહોંચી શક્યો છે. દેશના વિકાસ માટે તેમની દ્રષ્ટિ અને કાર્યપ્રણાલીએ તેમને ભારતના અત્યાર સુધીના પ્રભાવશાળી નેતાઓમાં સ્થાન આપ્યું છે. ઈશ્વર તેમને સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુ આપે અને તેમની સેવાઓનો લાભ દેશને દીર્ઘકાળ સુધી મળતો રહે એવી શુભેચ્છા સાથે મોદીજીને જન્મદિવસના અભિનંદન!


# વિકટ પરિસ્થિતિમાં પણ ધ્યેય પ્રત્યે અડગ રહેનાર મોદીજીને જન્મદિનની શુભકામનાઓ



વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે છેલ્લા ૧૦ વર્ષથી એક પણ રજા લીધા વિના સતત, અથક અને સંપૂર્ણ પ્રતિબદ્ધતાથી કાર્યરત રહેનાર એક યુગપ્રવર્તક નેતા છે. ભારતના ઇતિહાસમાં એમનો શાસનકાળ 'મોદી યુગ' તરીકે ઓળખાશે. કોંગ્રેસના ૬૭ વર્ષના શાસનકાળમાં ભારતએ જે પ્રગતિ નહોતી કરી તેનાથી અનેક ગણી વધુ સર્વાંગી પ્રગતિ મોદીસાહેબના ૧૦ વર્ષના શાસનકાળમાં થઈ છે જે હજુ પણ અવિરત આગળ વધી રહી છે. પોતાને નમ્રપણે 'પ્રધાન સેવક' તરીકે ઓળખાવતા મોદીજીએ છેલ્લા ૧૦થી વધુ વર્ષથી અનેક કલ્યાણકારી યોજનાઓ દ્વારા દેશને સતત પ્રગતિમાં પંથે અગ્રસર કરી રહ્યા છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ'નો મંત્ર આપીને ૨૦૧૪થી આજ સુધી સ્વચ્છ ભારત અભિયાન, દેશને ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે મેક ઇન ઇન્ડિયા અભિયાન,પ્રધાનમંત્રી જનધન યોજના, ૭ કરોડથી વધુ ગરીબ મહિલાઓને નિઃશુલ્ક ગેસ કનેક્શન આપતી ઉજ્વલા યોજના, પ્રધાનમંત્રી કૃષિ સન્માન નિધિ, વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજનાઓમાંની એક આયુષ્યમાન ભારત યોજના જેની અંતર્ગત હાલમાં જ દરેક આર્થિક સ્થિતિના ૭૦ વર્ષ અને વધુ ઉમરના સર્વ વરિષ્ઠ નાગરિકોને આવરી લેવામાં આવ્યા છે.મોદીજીએ શાસન વ્યવસ્થામાં અને રોજબરોજના આર્થિક વ્યવહારોને સરળ બનાવવામાં ડિજિટલ ક્રાંતિ આણી છે.ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે દેશમાં અનેક એક્સપ્રેસ હાઈવે બનાવીને પરિવહન સુવિધાને ઝડપી બનાવી છે. આવી અનેક યોજનાઓ દ્વારા દેશનો આર્થિક, ઔદ્યોગિક અને સામાજિક વિકાસ કર્યો છે. યુએસએ, રશિયા, જાપાન, ઇઝરાયેલ અને ઇસ્લામિક દેશો જેવા અનેક દેશો સાથે તેમણે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કર્યા છે. તેથી મોદીજી આજે લોકપ્રિયતામાં ફક્ત ભારતમાં જ નહીં પણ વિશ્વમાં અવ્વલ નંબરે સ્થાન મેળવીને એક વિશ્વ પુરૂષ તરીકે ઉભરી આવ્યા છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને બદલે NDA સરકારના વડાપ્રધાન તરીકે પણ મેનીફેસ્ટોનો અમલ કરતાં વક્ફ એક્ટને રદબાતલ કરવા જેવા હિંમતભર્યા પગલાં લઈ રહ્યા છે. આવા બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતા નરેન્દ્ર મોદીજીને જન્મદિન નિમિત્તે અભિનંદન અને તેમનું વિકસિત ભારતનું સ્વપ્ન પરિપૂર્ણ થાય એવી શુભેચ્છા

**– મિહિર કોટેચા, ધારાસભ્ય મુલુંડ**

# શાસકીય કુશળતા અને મુત્સદ્દીગીરી ધરાવતા એક અડગ યોદ્ધા



આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિવસના અભિનંદન અને તેમની વિરાટ રાજકીય પ્રતિભાને વંદન! રાષ્ટ્રને વિકાસના પથ પર અગ્રેસર કરનાર મોદીજીએ દેશના ખેડૂતો, ગરીબો, દલિતો, આદિવાસીઓ, જનજાતિઓ વગેરે માટે અનેક કલ્યાણકારી યોજનાઓનો સફળતાપૂર્વક અમલ કરીને કરોડો લોકોને ગરીબીની રેખાથી ઉપર ઉઠાવ્યા છે તે વિષે આપણે સૌ જાણીએ છે. આજે મને મારા સાંસદકાળમાં તેમના માર્ગદર્શન હેઠળ કામ કરવાનું સદભાગ્ય મળ્યું તે દરમ્યાન મેં અનુભવેલી તેમની શાસકીય કુશળતા અને મુત્સદ્દીગીરી અંગે વાત કરીશું. મુત્સદ્દીગીરીનું ઉદાહરણ જોઈએ તો ગયા વર્ષે મોદીજીના નેતૃત્વ હેઠળ ભારતે જી-૨૦ સમિટના યજમાન બનીને વિદેશી રાષ્ટ્રના વડાઓ દિલને ભારતના આતિથ્યભાવથી જીતી લીધાં. આ સમિટનું સ્થળ કાશ્મીરમાં રાખીને વિશ્વના નેતાઓને ખાતરી કરાવી કે ૩૭૦મી કલમ હટાવી લીધા પછી કાશ્મીરમાં શાંતિ સ્થપાઈ છે. સમિટ કાશ્મીરમાં યોજાવાની હોવાથી ચીને તેમાં ભાગ લેવાની ના પાડી તો મોદીજીએ તેની ગેરહાજરીમાં આફ્રિકન યુનિયનના દેશોને જી-૨૦ના મેમ્બર બનાવી સમિટની નિષ્ફળ કરવાની ચાલ ઊંધી વાળી. પાડોશી દેશોને કરજમાં ઉતારવાની ચાલ જેવા વન વે, વન બેલ્ટની સામે જી-૨૦ રાષ્ટ્રોના વડાઓ સમક્ષ નરેન્દ્ર મોદીજીએ મુત્સદ્દીપૂર્વક આઠ રાષ્ટ્રોને જોડતા ઇન્ડિયા મિડલ ઈસ્ટ કોરીડોર બનાવવાનો પ્રસ્તાવ મૂકી ચીનની બદઈરાદાવાળી ચાલને નિષ્ફળ બનાવી. આ ઉપરાંત ભારતની વસુધૈવ કુટુમ્બકમની ભાવના સાથે માત્ર ભારતને સ્પર્શતા નહીં પણ જી-૨૦ના સર્વ મેમ્બર દેશો માટે વન અર્થ, વન ફ્યુચર, વન ફેમિલીના ભાવથી સર્વસંમતિથી ઘોષણા-પત્ર તૈયાર કરીને નાના-મોટા સર્વ રાષ્ટ્રના વડાઓને એના પર સહી કરવા માટે સંમત કર્યા. આમ જી-૨૦ સમિટના માધ્યમથી મુત્સદ્દી મોદીએ એક કાંકરે અનેક પક્ષી પાડ્યાં. આ ઉપરાંત, મોદીની રાજકીય રણનીતિ તેઓની સામાજિક અને વૈશ્વિક માન્યતાઓમાં સ્પષ્ટપણે દેખાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને મજબૂત બનાવવા માટે તેમણે ઘણા મહત્વના ડિપ્લોમેટિક સંબંધો સ્થાપ્યા છે. તેમનો અડગ નિર્ણય લેનારો સ્વભાવ, જેમકે નોટબંધી અને જીએસટી, તેમને એક એવા નેતા તરીકે ઊભા કરે છે જે વિકલ્પોને પડકારતા અને હિંમતથી નિર્ણયો લેતા હોય છે.આ પ્રભાવશાળી નેતૃત્વ અને રણનીતિક કુશળતા નરેન્દ્ર મોદીને ભારતના સૌથી પ્રતિભાશાળી અને દઢ રાજકીય નેતાઓમાં સ્થાન આપે છે. **– મનોજ કોટક, પૂર્વ સાંસદ**

# લક્ષ્યવેધી નિર્ણયો લેનારા રાજપુરૂષ માનનીય શ્રી નરેન્દ્ર મોદીજી



દિવસ હોય કે રાત કોઈપણ સમયે વાતચીતમાં વિચારોમાં સદાય તાજગી ભર્યા સ્પંદનની લહેરખી તેમનામાં સદૈવ જોવા મળે છે. જે જોઈને સુસ્ત ઈન્સાન પણ સજાગ, જાગૃત અને સ્ફૂર્તિમય થઈ જાય. સંઘના કર્મઠ પ્રચારક તરીકે દેશભરમાં અયાચક વ્રત લઈ સઘન લોક સંપર્ક રાખનારા અને લોકોના પ્રશ્નો આત્મસાત કરી તેમનામાં રાષ્ટ્રભાવના જગાવનાર તેમજ પ્રેરક બળ થઈ નાના લોકોના હામી બનનાર સંઘ સેવક નરેન્દ્ર મોદી પક્ષ પછી રાષ્ટ્રશાસન કર્તા તરીકે રાજ્યની ધૂરા સંભાળી ત્યારબાદ રાષ્ટ્રની ધૂરા સંભાળવાની જવાબદારી પણ છેલ્લા એક દાયકાથી કુશળતાથી વહન કરી રહ્યાં છે અને રાષ્ટ્રના ગૌરવને ઉન્નત અને ઉત્તુંગ કરી રહ્યાં છે. વડાપ્રધાન તરીકેની તેમની ત્રીજી ટર્મ ભલે વિકટ સમસ્યાઓ, પડકારો ભરી લાગે પણ રાજ્ય તેમજ રાષ્ટ્રના દીર્ઘ શાસનકર્તા તરીકેનો અનુભવ, વિચક્ષણ નેતૃત્વ શક્તિ અને સાંગોપાંગ રાષ્ટ્રભક્તિ અને લોકોનો અખૂટ ટેકો તેમને માટે પ્રેરક બળ બની રહેશે એવો પૂર્ણ વિશ્વાસ છે. વિકાસ પુરૂષ, રાજપુરૂષ અને વિશ્વ પુરૂષ એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને ૭૪મી જન્મ વર્ષગાંઠની આત્મીય શુભેચ્છા.

**– પ્રકાશ ગંગાધરે, મા.નગરસેવક**

Click Here

# વિકાસ પુરૂષ, વિશ્વ પુરૂષ અને વિરાટ રાજપુરૂષ શ્રી નરેન્દ્ર મોદીજી



હાલ થોડા સમય પહેલાં જ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ ત્રીજી વાર શાસન ધૂરા સંભાળી. દેશનું સૌભાગ્ય છે કે ભારતની પ્રજાને એક કુશળ રાજપુરૂષનું છત્ર છેલ્લાં ૨૦૧૪ થી સતત મળતું રહ્યુ છે. શ્રી મોદીજીનું વિઝન છે ૨૦૪૭થી નું ભારત વિકાસશીલ ભારત. જ્યારે તેમના કટ્ટર વિરોધીઓનું લક્ષ્ય હોય છે. માત્રને માત્ર ચૂંટણીમાં યેનકેન પ્રકારે સરસાઈ મેળવવી. એ સાચું છે કે આ વખતની ત્રીજી ટર્મમાં ભાજપની બેઠકો ઘટી છે પણ એનાથી વિચલીત થવાનું કે કરેલા લક્ષ્યોને ખોરંભે પાડી દેવાનો સ્વભાવ આ રાજપુરૂષમાં નથી. ચૂંટણી અગાઉ જ્યારે હરીફો જીતવા માટે સોગઠી જમાવી રહ્યાં હતા ત્યારે આત્મશ્રધ્ધાથી છલકાતા નરેન્દ્રભાઈ વિજયી થયાં પછીના સો દિવસો માટેનો રોડ મેપ તૈયાર કરવામાં ખૂંપેલા હતા. આ જ વિઝન તેમને હરીફ કરતાં અલગ પાડે છે. વિદેશ પ્રવાસમાં તેઓ જ્યારે ભારતની ગૌરવ ગાથા ગાયે છે ત્યારે વિપક્ષી નેતા દેશના વિરોધીઓ સાથે મિટિંગ કરે છે અને મંચ પરથી દેશની બદબોઈ કરી મીડિયામાં સુરખી લઈ છાતી ફૂલાવી રહ્યાં છે. ચૂંટણી સમયના દંગલમાં જોવા મળતો કાદવ ઉછાળ વિપક્ષી નેતાઓ દિવસ રાત દેશ વિદેશમાં કરી જાતે પોતે વામણા સાબિત થઈ રહ્યાં છે.

પડોશી રાષ્ટ્રોના કાળા કારસ્તાનો, ભારતમાં અરાજકતા પ્રસરે એ માટે મેલાં ઈરાદા ધરાવતા વિદેશી ખમતીઘર બાહુબલીઓ, વિપક્ષીઓના કૂપ્રચારને લીધે પોતાનો ગરાસ લૂંટાઈ જવાનો ભય વ્યક્ત કરતા વિવિધ ધર્મ, જાતિના લોકો, દેશમાં સુધારા-વિકાસનો સરળ માર્ગ માટે કાયદાઓની ઓથ લઈ પ્રજાને ભડકાવતા તત્વો જેવા અગણિત ઈસ્યૂ આજે દેશ સમક્ષ છે. એ સૌથી ઉપર સંસદમાં કોઈ પણ કાર્યવાહી સરળતાથી ન થાય એ માટે સતત અવરોધ કરવા વિવિધ વિચારસરણીના રાજકીય પક્ષો એકજૂટ થઈ લોકો દ્વારા ચૂંટાઈ આવેલા સરકારના કાર્યમાં રોડા નાખે છે. આ બધા પ્રશ્નો સામે બાથ ભીડવી સહેલી નથી. પણ ચતુર ચાણક્ય અને ઠાવકી રાજકીય દ્રષ્ટિ સાથે મક્કમતાથી બહુમતી લોકોના ટેકાથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી કુશળપણે નેતૃત્વ કરી રહ્યાં છે. વિશ્વના રાષ્ટ્રોના નેતાઓ શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વની સરાહના કરે છે. તેમના જાગતિક સમસ્યાઓ માટેના વિચારો પ્રત્યે આદર ધરાવે છે એ કુશળ રાજપુરૂષની પ્રતિભા દર્શાવે છે. છેલ્લા એક દાયકાથી દેશના વિકાસનો નવો તબક્કો તેમણે કંડારયો છે. તેમાં સતત આગળ વધવાનું મિશન તેઓ ઉત્સાહપૂર્વક આગળ વધારી રહ્યાં છે. રાષ્ટ્રની આઝાદીના ૭૫મા વર્ષ અમૃતકાળથી શતાયુ વર્ષ સુધીની સફર ઉજ્જ્વળ દૈદીપ્યમાન અને વિશ્વને દિશા બતાવનારી હોય એવું શ્રી નરેન્દ્ર મોદીજીનું સ્વપ્ન સાકાર કરવા માટે આપણે સૌ તેમની સાથે છીએ એવો તેમને ભરોસો આપીએ. રાષ્ટ્રના વિકાસ પુરૂષ માનનીય વડાપ્રધાન મોદીજીની ૭૪મી વર્ષગાંઠ અને આયુષ્યના અમૃત કાળમાં પ્રવેશને ખોબલે ખોબલે વધાવી શ્રી કચ્છી લોહાણા વિશ્વ મંચ તેમના દીર્ઘાયું અને સ્વસ્થ આરોગ્યની કામના કરી હાર્દિક શુભકામના વ્યક્ત કરે છે જીવેમ શરદ શતમ્.

– જીગર ચંદે (પૂર્તિ સંપાદક)

# આફતને અવસરમાં ફેરવવામાં કુશળ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી



ઊંચા ઊંચા સ્વપ્ન જોઈ પછી એને પૂરા કરવા જીવજાન લગાવી દેવામાં માહિર શ્રી નરેન્દ્ર મોદી સંગઠનના આખરી લાઈનમાંથી અગ્રીમ હરોળમાં પોતાના કર્મ, વિચાર ધર્મ અને સંનિષ્ઠ સંકલ્પ બળને કારણે પહોંચી શક્યા છે. ક્યારેય ધારાસભાની દીર્ઘા ન જોનારા કે સંસદની પ્રેક્ષક ગેલેરીની કદી મુલાકાત ન લીધેલ નરેન્દ્ર મોદી પંચાયતના સભ્ય સુધરાઈના પાર્ષદ, ધારાસભ્ય પણ નહીંને સીધા મુખ્યમંત્રી અને પરબારા વડાપ્રધાન પદે આરૂઢ થનારા સંનિષ્ઠ અને કુશળ રાજ વહીવટ કર્તા છે. કાર્યમાં કુશળતા વિચારોમાં પારદર્શકતા, અતૂટ મહેનત અને નિઃસ્પૃહ પ્રામાણિકતા એ તેમના ગુણધર્મ છે. જે બધા રાજપુરૂષોમાં તેમને અલગ પાડે છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ત્યારબાદ વર્ષ ૨૦૧૪થી આજ સુધી વડાપ્રધાન તરીકેની હેટ્રિક ટર્મ દરમ્યાન તેમનું કુશળ નેતૃત્વ રાષ્ટ્રને મળી રહ્યું છે. જે ભારતનું સદ્‌ભાગ્ય છે. દેશમાંથી તેમજ વિદેશમાંથી પડકારો અનહદ છે, પણ રાષ્ટ્રનું સુકાન કુશળ-કાબેલ સુકાનીના હાથમાં છે. એ એક વાત આપણને હૈયાધારણા આપે છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને ૭૪મી વર્ષગાંઠના અવસરે તેમને લખ લખ વધાઈ અને શતાયુની કામના.

– ભરત મહિધર (પૂર્તિ સહસંપાદક)

# દેશના વિકાસ અને વૈશ્વિક સ્તરે ભારતની પ્રસ્થાપના કરતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સિદ્ધિઓ

ભારતીયોનું સદભાગ્ય છે કે તેમને નરેન્દ્ર મોદી જેવા રાષ્ટ્રવાદી, સમર્થ અને કર્મઠ નેતા મળ્યા છે. ૧૭મી સપ્ટેમ્બરના તેમના જન્મદિવસ નિમિત્તે દેશના વિકાસ અને વૈશ્વિક સ્તરે ભારતની એક મજબૂત રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપના કરતી તેમની સિધ્ધિઓની અને ચેરીસ્મેટિક વ્યક્તિત્વની ઝલક મેળવીશું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે અને ત્યારબાદ ૨૦૧૪થી આજ સુધી ભારતના વડાપ્રધાન તરીકે અનેક ક્ષેત્રોમાં નેત્રદીપક સિદ્ધિઓ મેળવી છે. તેમના કાર્યકાળમાં ઘણી મહત્વપૂર્ણ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં આવ્યા છે, જેનો ભારતના વિકાસમાં મુખ્ય હિસ્સો રહ્યો છે.

આર્થિક સુધારા અને વિકાસઃ ભારતને ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા ૨૦૧૪માં શરૂ થયેલ મેક ઇન ઇન્ડિયાપહેલનો હેતુ ભારતને એક વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવાનો છે. તેનાથી દેશમાં ઉદ્યોગો અને રોકાણમાં વધારો થયો છે. આજે ભારત સરહદોના સંરક્ષણ માટેના મોટા ભાગના શસ્ત્રોનું ફક્ત ઉત્પાદન જ નથી કરી રહ્યું, પરંતુ તેમની નિકાસ કરીને દેશને આર્થિક રીતે મજબૂત કરી રહ્યું છે. ૨૦૧૪ પહેલાં દેશમાં એક પણ મોબાઈલ ફોનનું ઉત્પાદન થતું નહોતું, આજે ભારત મોબાઈલ ફોનનું ઉત્પાદન કરતું અગ્રણી રાષ્ટ્ર બની ગયું છે. જેના દ્વારા લાખો લોકોને રોજગાર મળ્યો છે. આ ઉપરાંત નાના ઉદ્યોગો અને વ્યવસાયો માટે મુદ્રા યોજના અંતર્ગત નાની રકમની લોન આપવામાં આવે છે, જે દેશના નાણાકીય પ્રગતિને પ્રોત્સાહન આપે છે.

મોદીજીએ જનસામાન્ય માટે અનેક સામાજિક કલ્યાણ યોજનાઓ શરૂ કરી છે.૨૦૧૪માં આરંભાયેલાસ્વચ્છ ભારત અભિયાનનો હેતુ ભારતને સ્વચ્છ અને હાઈજિનિક બનાવવા માટે હતો. ગ્રામ્ય વિસ્તારોમાં લાખો ટોઈલેટ્સ બનાવવામાં આવ્યા અને ખુલ્લામાં શૌચપ્રવૃત્તિ ઘટાડવામાં સફળતા મળી. ઉજ્જ્વલા યોજના અંતર્ગત લાખો કરોડો મધ્યમથી ગરીબ પરિવારોને મફત એલપીજી કનેક્શન મળ્યા છે, જેના કારણે ગૃહિણીઓની આંખ અને ફેફસાંને નુકસાન કરનારા સૂકા લાકડા અને છાણ જેવા પરંપરાગત ઈંધણનો વપરાશ ખૂબ ઓછો થયો. આ ઉપરાંત ૨૦૧૮માં શરૂ થયેલી આયુષ્માન ભારત યોજના વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજનાઓમાંની એક છે, જેનો હેતુ ગરીબ અને મધ્યમવર્ગ માટે મફત આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવવાનો છે, જેનો લાભ અત્યાર સુધી કરોડો નાગરિકોને મળ્યો છે. ગયા અઠવાડિયે જ ૭૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના અને દરેક આર્થિક સ્થિતિના ભારતના તમામ વરિષ્ઠ નાગરિકોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે, જેમાં તેમને પાંચ લાખ સુધીનું આરોગ્ય વીમા કવચ નિઃશુલ્ક મળી શકશે.



શાંતિલાલ નાકર

નરેન્દ્ર મોદી ભારતમાં ડિજિટલ ક્રાંતિના પ્રણેતા છે.૨૦૧૫માં શરૂ કરાયેલી ડિજિટલ ઇન્ડિયા પહેલનો હેતુ દેશમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈ-ગવર્નન્સને પ્રોત્સાહન આપવા માટે હતો. લાખો લોકો UPI પેમેન્ટ સિસ્ટમ જેવી અનેક ડિજિટલ સેવાઓ અને ઇન્ટરનેટથી જોડાયા છે. રાષ્ટ્રવ્યાપી માર્ગ અને એક્સપ્રેસવે નેટવર્ક વિકસાવવાના હેતુથી શરૂ કરવામાં આવેલા ભારતમાળા પ્રોજેક્ટના કારણે પરિવહન સુવિધામાં ધરખમ સુધારો થયો છે.

આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી મોદીજીએ અનેક દેશોમાં જઈને ભારતના વિદેશી સંબંધો મજબૂત બનાવવામાં પણ મોટી ભૂમિકા ભજવી છે. તેમણે યુ.એસ., રશિયા, જાપાન, ચીન, આફ્રિકા, અને મધ્ય પૂર્વના દેશો સાથે સાનુકૂળ સંબંધો સ્થાપિત કર્યા છે. તો ઘર આંગણે કૃષિ ક્ષેત્રમાં સુધારા કરીને કિસાન સન્માન નિધિ અને સોઇલ હેલ્થ કાર્ડની યોજના શરૂ કરી છે જેમાં ખેડૂતોને તેમની જમીનની ચકાસણી કરીને સર્ટિફિકેટ આપવામાં આવે છે જેથી ખેતી વધુ વૈજ્ઞાનિક બની શકે.

દેશના દુશ્મનોના દાંત ખાટા કરવામાં પણ મોદીજીએ પાછી પાની નથી કરી. પાકિસ્તાન દ્વારા ભારતીય લશ્કર પર કરાયેલા આતંકી હુમલાઓનો જવાબ આપવા માટે ભારતીય સેનાએ ૨૦૧૬ અને ૨૦૧૯માં સર્જિકલ સ્ટ્રાઇક કરી, જે નરેન્દ્ર મોદી સરકારની રાષ્ટ્રસુરક્ષા માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ તો ફક્ત તેમની મુખ્ય સિદ્ધિઓની ઝલક માત્ર છે. આ ઉપરાંત તેમણે છેલ્લા ૧૦ વર્ષથી વધુના શાસનકાળમાં અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમના વ્યક્તિત્વમાં વણાઈ ગયેલી શાસન કુશળતા, આસ્થાપૂર્વકની મહેનત અને આગવી દષ્ટિને કારણે જ તેઓ આ સિધ્ધિઓ પ્રાપ્ત કરી શક્યા છે.

નરેન્દ્ર મોદીનું નેતૃત્વ દૃઢ છે અને તેઓ સ્પષ્ટ અને નક્કર નિર્ણયો લેવાની પ્રતિબદ્ધતા ધરાવે છે. વિવિધ મુદ્દાઓ પર તેઓ એક મજબૂત અને સ્પષ્ટ અને લાંબા ગાળાનો દ્રષ્ટિકોણ ધરાવે છે, જેનાથી તેમની યોજનાઓને સફળતા મળી છે.

મોદીની કાર્યશક્તિ અસાધારણ છે. તેઓ ખૂબ જ સમયપાલના આગ્રહી છે. તેમના વ્યસ્ત કાર્યક્રમો હોવા છતાં, તેઓ ખૂબ કાર્યદક્ષ છે અને કલાકો સુધી સતત મહેનત કરે છે.મોદીજીના વકતૃત્વ કૌશલ્યની ખૂબ પ્રશંસા થાય છે. તેઓ સામાન્ય લોકોની ભાષામાં વાત કરે છે. તેમના ભાષણો જનતા પર ગાઢ છાપ છોડી જાય છે, અને તેઓ સોશિયલ મીડિયાના ઉપયોગ દ્વારા યુવા પેઢી સાથે પણ સંવાદ સ્થાપિત કરી શકે છે.નરેન્દ્ર મોદી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ મક્કમ રહે છે. તેઓ ઘણીવાર આક્ષેપો અને વિરોધનો સામનો કરે છે, પરંતુ પોતાની પ્રતિબદ્ધતામાંથી ક્યારેય પાછા પડતા નથી. તેમની આ બળવત્તરતા તેમને એક મજબૂત નેતા તરીકે સાબિત કરે છે.

મોદીજીનો ધાર્મિક અને આધ્યાત્મિક અભિગમ તેમને અન્ય રાજકીય નેતાઓથી જુદા પાડે છે. તેઓ નિયમિત યોગ અને ધ્યાન કરે છે. નવરાત્રીમાં તેઓ નવ દિવસના ઉપવાસ કરે છે.તેઓ જીવનમાં આધ્યાત્મિક મૂલ્યો આત્મસાત કરવા પર ભાર મૂકે છે. આ સદગુણો તેમને માત્ર રાજકીય નેતા જ નહીં, પરંતુ આધ્યાત્મિક જીવન જીવવા માટે પ્રેરણાસ્ત્રોત બનાવે છે.

મોદી માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે પણ એક સશક્ત પ્રતિભા ધરાવે છે. તેમણે વિદેશી સંબંધો મજબૂત બનાવવા માટે ખૂબ મહેનત કરી છે. તેમની આંતરરાષ્ટ્રીય નેતાઓ સાથેની મૈત્રીપૂર્ણ નીતિઓ ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠાને વધારવામાં મદદરૂપ બની છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ સિધ્ધિઓ અને તેમના વ્યક્તિત્વના આ પાસાઓ તેમને ભારતના સૌથી પ્રભાવશાળી નેતાઓમાં ગૌરવપૂર્વક સ્થાન અપાવે છે અને તેમની 'સબ કા સાથ, સબ કા વિકાસ'ની કાર્યશૈલી ભારતના લોકો માટે વિશેષ મહત્વ ધરાવે છે. આવા અભૂતપૂર્વ નેતાને તેમના જન્મદિવસ નિમિત્તે અઢળક શુભકામનાઓ!

Click Here


૧૭ સપ્ટેમ્બર
વિશ્વમાં ભારતનું નામ ગુંજતું કરનારા
માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીને
એમના જન્મદિવસની ખૂબ ખૂબ વધાઈઓ
શુભેચ્છક
ભા
J.M. KOTHARI & SONS
TRANSLOGISTICS PVT. LTD.
Rly Clearing and Forwarding,
Transportation, Custom House Agent
દિપક કોઠારી - ૯૮૨૦૧૦૬૬૯૦ • મનોજ કોઠારી - ૯૮૨૦૧૦૬૬૯૩ • નિકુંજ કોઠારી - ૯૬૧૯૬૦૬૮૭૫
ઓફિસ: એસ-૮,૯,૧૦, ૧લે માળે, એ.પી.એમ.સી. માર્કેટ - ૨, ફેઝ-૨, દાણાબંદર, વાશી, નવી મુંબઈ-૪૦૦ ૭૦૫.
Tel. No. 2783 6875, 2783 6876, 2783 6877, 2783 6879 • Fax No. 2783 6878
Email: jmkotharisons@gmail.com I Website: www.jmkotharisons.com

Click Here

# માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ઉત્તરોત્તર થઈ રહેલો વિકાસ
















































**Click Here**


IT + IT = IT
(Indian Talent + Information Technology
= India Tomorrow)
- Narendra Modi
૧૭ સપ્ટેમ્બર
બધાનો સાથ લઈ રાષ્ટ્રની વિકાસયાત્રા આદરનાર
વિકાસપુરૂષ મા.આદરણીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્ર મોદી સાહેબને
જન્મદિનની લાખ લાખ વધાઈ
(પીયુષ શાહ)
યુનિફોર્મ અને સેફ્ટી ઈક્વીપમેન્ટના પ્રણેતા
૫૦, યુનિક ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
આર.પી.રોડ, જવાહર ટોકીઝ સામે, મુલુંડ(પ.)
કલાદીપ

Click Here

# માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ઉત્તરોત્તર થઈ રહેલો વિકાસ































| PROJECT NAME | PENDING FOR | |
|---|---|---|
| Ayodhya Ram Temple | 500 years | Finished by PM Modi |
| Abrogation of Article 370 | 70 years | Finished by PM Modi |
| Bangladesh enclave problem | 69 years | Finished by PM Modi |
| Banning Triple Talaq | 34 years | Finished by PM Modi |
| Chenab Bridge, Kashmir | 20 years | Finished by PM Modi |
| Atal Tunnel | 19 years | Finished by PM Modi |
| GST | 18 years | Finished by PM Modi |
| Bogibeel Bridge, Assam | 16 years | Finished by PM Modi |
| New Parliament | 10 years | Finished by PM Modi |





















**Click Here**


HAPPY BIRTHDAY
to Hon'ble Prime Minister
Narendra Modi
We walk together,
we move together,
we think together,
we resolve together,
and together we take
this country forward
- Narendra Modi
શુભેચ્છક : વિશાલ જે. મજીઠીયા (મેનેજીંગ ડાયરેક્ટર), નિમેશ જે. મજીઠીયા
HERMES
SAHYADRI STARCH
& Industries Pvt. Limited
An ISO 9001:2008 & ISD 22000 : 2005 Certified Company
1st Floor, Dhiraj Chambers, 9, Hazarimal Somani Marg, Mumbai - 400 001.
Phone : +91-022-6633 7053 / 55 / 2206 2775 • Fax : 91-22-2208 9916, Mob.: 98672 30352
Visit us at : www.sahyadristrach.com • E-mail : vjmajithia@sahyadristarch.com
Factory : Plot No.A/6-7-8, MIDC, Miraj - 416 410. (Dist.Sangli)
Tel.: (0233) 2644991-2-3, 2644552 • Telefax : (0233 2644293)
Email : sahyadristrach@gmail.com
Click Here

# માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ઉત્તરોત્તર થઈ રહેલો વિકાસ


















































Click Here


17 Sept.
देश के यशस्वी
प्रधानमंत्री आदरणीय
श्री नरेन्द्र जी
मोदी को
जन्मदिन
पर हार्दिक
अभिनंदन...
પ્રશાંત સિનારી
ઉપાધ્યક્ષ મુલુંડ વિધાનસભા
શ્રીમતી પૂજા પ્રશાંત સિનારી
સચીવ-મહિલા મોર્ચા મુલુંડ વિધાનસભા

Click Here

# માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ઉત્તરોત્તર થઈ રહેલો વિકાસ




















































Click Here


The Greatest Leader is not someone who is the only leader
The Greatest Leader is one who inspires others to be a leader
HAPPY BIRTHDAY TO THE PRADHAN SEVAK
SHRI NARENDRA MODI JI!
17 Sept.
Web : www.shreerath.com
email : mail@shreerath.com
Padmavati
Banquet Hall
શ્રી Rath
Caterers
M.G. Road, Near Mulund(W), Mumbai-80. 2590 6655 / 2590 6656 / 98330 65658
Click Here

# માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ઉત્તરોત્તર થઈ રહેલો વિકાસ
















































Click Here



I Have Sold Tea,
But Never Sold My Country
- Narendra Modi

17 Sept.

WISHING YOU
HAPPY BIRTHDAY

HONORABLE PRIME MINISTER
NARENDRA
MODI

PC

PROFESSIONAL CARE SERVICES
PROFESSIONAL CARE TAKERS

Warehousing
&
Forwarding

29, 2nd floor, Patwa chamber, Dana Bunder,
Near railway station, Masjid Bunder East
Tel.: 3299 9285 • Telefax : 2348 1411

professionalcaretakers@yahoo.com
professionalcareservices@ymail.com

Ashok Gesota : 9322023216 • Priyank Gesota : 9321123216

Click Here

# માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ ને જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ



Kamlesh®
Namkeen! Har Din...

kfpl®
KAMLESH FOODS (P) LIMITED

Click Here


ગુર્જરમાત